R.N.I. No. 1563/1957 ★

२०३ वर्ष

# દૈનિક મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 127 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 May 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૩૦ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

મેટિની પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘ટ્રમ્પ-ટૅરિફ’ને અટકાવતી અમેરિકાની કોર્ટ


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 88,110/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ભારત-પાક વચ્ચેના યુદ્ધવિરામ માટે ‘ટૅરિફ-પાવર’નો ઉપયોગ કરાયો હોવાનો દાવો નકાર્યો

## ચુકાદાને પગલે દુનિયાના અનેક દેશના શૅરબજારોમાં તેજી

ન્યૂ યોર્કઃ મેનહેટનની આંતરરાષ્ટ્રીય વેપારને લગતી અદાલત (કોર્ટ ઑફ ઇન્ટરનેશનલ ટ્રેડ)એ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કરેલા (આયાતી માલસામાન પરના) ટૅરિફમાંના વધારાને રોકવાનો આદેશ આપતા દુનિયાના અનેક દેશના શૅરબજારોમાં તેજી જોવા મળી હતી.

દરમિયાન, ટ્રમ્પના વહીવટીતંત્રે જણાવ્યું હતું કે અમે મેનહેટનની કોર્ટના આ આદેશને ઉપલી અદાલતમાં પડકારીશું.

અદાલતે જણાવ્યું હતું કે અમેરિકાના બંધારણમાં અન્ય દેશો સાથેના વેપારના નિયમનની સત્તા માત્ર કૉંગ્રેસને જ આપી છે, પરંતુ દેશના પ્રમુખ અમેરિકાની આર્થિક સલામતીના રક્ષણનું બહાનું કાઢીને કૉંગ્રેસની સત્તાની ઉપરવટ જઇ ન શકે.

અમેરિકાની આ ટ્રેડ કોર્ટે ડોનલ્ડ ટ્રમ્પની ‘લિબરેશન ડે’ ઇમ્પોર્ટ ટૅરિફનો અમલ અટકાવ્યો હતો.

અદાલતના સંબંધિત ચુકાદાને લીધે અમેરિકામાંની ચિપ ઉત્પાદક કંપનીઓ, બૅન્કો, લક્ઝરી ચીજો બનાવતી કંપનીઓ, વાહન ઉદ્યોગ સહિત વિવિધ ક્ષેત્રની કંપનીઓના શૅરના ભાવમાં ઉછાળો આવ્યો હતો. વૉલ સ્ટ્રીટ ઇન્ડેક્સ ફ્યુચર્સમાં ૧.૫ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. ‘સ્ટોએક્સએક્સ ૬૦૦’માં ૦.૪ ટકા અને ફ્રાંસના ‘સીએસી ૪૦’માં ૦.૮ ટકાનો વધારો થયો હતો.

દરમિયાન, ટ્રમ્પના વહીવટીતંત્રે અદાલતને ‘ટૅરિફ પાવર’ને બહાલી આપવા વિનંતિ કરતા જણાવ્યું હતું કે સરકારે આ કિસ્સામાં જો (જુઓ પાનું ૨) ▶▶




# ઑપરેશન સિંદૂર હજી પૂરું નથી થયુંઃ મોદી

## કોલકાતામાં મોદીએ મમતા સરકારને આડેહાથ લીધીઃ મુર્શિદાબાદની હિંસા, શિક્ષક ભરતી કૌભાંડની આકરી ટીકા કરી


કોલકાતાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે દાવો કર્યો હતો કે ઑપરેશન સિંદૂર હજી પૂરું નથી થયું. આપણે ત્રણ વખત પાકિસ્તાનને ‘ઘરમાં ઘૂસીને’ માર્યું છે.

મોદીએ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં થયેલી હિંસા અને શિક્ષકોની ભરતીના કૌભાંડના સંદર્ભે રાજ્યના શાસક તૃણમૂલ કૉંગ્રેસની આકરી ટીકા કરી હતી અને રાજ્ય સરકારને ‘નિર્મમ સરકાર’ ગણાવી હતી.

વડા પ્રધાને પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર જિલ્લામાં રૂપિયા ૧,૦૧૦ કરોડના ખર્ચે તૈયાર થનારા શહેરના ગૅસ વિતરણ પ્રકલ્પનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રકલ્પ દ્વારા અલીપુરદ્વાર અને પાડોશી કૂચબિહાર જિલ્લામાંના અઢી લાખથી વધુ ઘર અને ઉદ્યોગને પાઇપથી નૅચરલ ગૅસ પૂરો પાડવામાં આવશે. મોદીએ ઑપરેશન સિંદૂર બાદ સૌપ્રથમ વખત પશ્ચિમ બંગાળમાં જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે (જુઓ પાનું ૨) ▶▶

પાકિસ્તાનને માહિતી પૂરી પાડનાર યુવક થાણેમાંથી પકડાયો ૧૨

# ૩૧મી મેએ સરહદી રાજ્યોમાં કરાશે મૉક ડ્રિલ



નવી દિલ્હીઃ ‘ઑપરેશન શિલ્ડ’ અંતર્ગત ૩૧મી મેએ સરહદી વિસ્તારને અડીને આવેલા જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા અને કેન્દ્રશાસિત ચંડીગઢમાં મૉક ડ્રિલ કરવામાં આવશે.

અગાઉ ૨૯મી મેએ આ મૉક ડ્રિલ કરવામાં આવવાની હતી, પરંતુ વહીવટી કારણોસર તે રદ કરવામાં આવી હતી.

આ પહેલા સાતમી મેએ ઑપરેશન સિંદૂરના ગણતરીના કલાકો અગાઉ દેશભરમાં મૉક ડ્રિલ કરવામાં આવી હતી. એ જ રાત્રે ભારતે પાકિસ્તાન તેમ જ પીઓકેસ્થિત આતંકવાદીઓની છાવણી અને તાલીમ કેન્દ્રોને નિશાન બનાવી મોટી કાર્યવાહી કરી હતી. ઑપરેશન શિલ્ડ (જુઓ પાનું ૨) ▶▶

# ઇલૉન મસ્કે રાજકારણ છોડ્યુંઃ હવે બિઝનેસ પર વધુ ધ્યાન આપશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના અગ્રણી સલાહકાર ઇલૉન મસ્કે સરકારમાંની પોતાની ભૂમિકા છોડીને હવે પોતાના બિઝનેસ પર વધારે ધ્યાન આપવાની જાહેરાત કરી હતી.

ઇલૉન મસ્ક ઇલેક્ટ્રિક વાહનો બનાવતી કંપની ‘ટેસ્લા’ અને રૉકેટ કંપની ‘સ્પેસએક્સ’ ચલાવે છે.

ઇલૉન મસ્ક ટ્રમ્પની સરકારમાં ‘ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સી’ સંભાળતા અને તેમની ભલામણને પગલે અમેરિકાની સરકારમાંના સેંકડો કર્મચારીઓને પાણીચું અપાયું હોવાનો આક્ષેપ છે અને તેને લીધે તેમની સામે તેમ જ તેમની કંપની (ટેસ્લા) સામે જોરદાર વિરોધ થઇ રહ્યો છે.

વિરોધ કરી રહેલા લોકોએ વિવિધ શહેરમાં આવેલી ટેસ્લાની ફેક્ટરીઓ, તેના શૉરૂમ્સ અને અન્ય ઑફિસ ખાતે મોટા પાયે દેખાવ પણ કર્યા હતા અને ટેસ્લાનાં વાહનો નહિ વાપરવા માટે જાહેર અપીલ કરી હતી. વાઇટ હાઉસના એક ઉચ્ચ (જુઓ પાનું ૨) ▶▶


# દક્ષિણ કોરિયાના નૌકાદળનું વિમાન તૂટી પડતાં ચારનાં મોત



**દુર્ઘટનાઃ** દક્ષિણ કોરિયાના પોહાંગ ખાતે તૂટી પડેલા દક્ષિણ કોરિયાના નૌકાદળના વિમાનનો કાટમાળ. (એપી / પીટીઆઇ)

સોલ : દક્ષિણ કોરિયાના નૌકાદળનું વિમાન ગુરુવારે તાલીમ માટેના ઉડ્ડયન દરમિયાન તૂટી પડતાં એના ચાર કર્મચારીઓ મરણ પામ્યા હતા. નૌકાદળે એક નિવેદનમાં કહ્યું હતું કે પી-ત્રણ પેટ્રોલ પ્લેન દક્ષિણ કોરિયાના અગ્નિના હવાઈમથક પરથી બપોરે ૧-૪૩ કલાકે ઉડ્યું હતું અને અજ્ઞાત કારણસર તૂટી પડ્યું હતું. નૌકાદળે કહ્યું હતું કે અમે વિમાનના ચાર કર્મચારીઓના મૃતદેહને ઓળખી કાઢ્યા છે અને એને મેળવવાના પ્રયાસો ચાલુ છે.

આ દુર્ઘટનામાં જમીન પર કોઈ નાગરિકની જાનહાનિ થઈ છે કે નહીં એ અંગે કોઈ અહેવાલો મળ્યા નથી. નૌકાદળે એક ટાસ્ક ફોર્સની રચના કરીને તેની તપાસનો આદેશ આપ્યો છે. દક્ષિણ કોરિયાએ હંગામી રીતે તેના પી-૩ વિમાન (જુઓ પાનું ૨) ▶▶




# પીઓકેના લોકો ભારતીય પરિવારનો હિસ્સોઃ રાજનાથ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું હતું કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)ના લોકો ભારતીય પરિવારનો હિસ્સો છે અને તે દિવસ દૂર નથી જ્યારે તેઓ અંતરાત્માનો અવાજ સાંભળીને જાતે જ ભારતના મુખ્ય પ્રવાહમાં પાછા ફરશે.

પાકિસ્તાન પ્રત્યે ભારતના નીતિગત અભિગમ પર ભાર મૂકતા સિંહે કહ્યું હતું કે ભારતે આતંકવાદ પ્રત્યેની તેની વ્યૂહરચના અને પ્રતિક્રિયાને ‘‘ફરીથી તૈયાર અને વ્યાખ્યાયિત’’ કર્યો છે તથા પાકિસ્તાન સાથે સંભવિત વાતચીત ફક્ત આતંકવાદ અને પીઓકેના મુદ્દા પર જ હશે.

ભારતીય ઉદ્યોગ પરિષદ (સીઆઇઆઇ) ‘બિઝનેસ સમિટ’માં પોતાના સંબોધનમાં સિંહે કહ્યું કે સંરક્ષણ ક્ષેત્રમાં મેક-ઇન-ઇન્ડિયા દેશની રાષ્ટ્રીય સુરક્ષાનો એક આવશ્યક ઘટક રહ્યો છે અને ઓપરેશન સિંદૂર દરમિયાન આતંકવાદ સામે ભારતની અસરકારક કાર્યવાહીમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. સિંહે (જુઓ પાનું ૨) ▶▶

# કચ્છમાં કોરોનાના નવા સબ વેરિઅન્ટની એન્ટ્રીઃ વધુ ત્રણ લોકો સંક્રમિત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કોરોના વાઇરસના નવા જેએન.૧, એક્સએફજી, એનબી.૧.૮.૧ તેમ જ એલએફ.૭ નામના ઓમીક્રોનના સબ વેરિયેન્ટએ વિશ્વભરમાં ચિંતા ફેલાવી છે .લાંબા સમયથી કોરોના મુક્ત બનેલા કચ્છમાં વીતેલા બે દિવસ દરમ્યાન કોવીડ-૧૯ના નવા છ પોઝિટિવ કેસ નોંધાયા છે.

ભારત અને ચીન સહિત ફ્રાન્સ, અમેરિકા, બ્રિટન, સિંગાપોર, કેનેડા અને સ્વીડન સહિતના દેશોમાં કોવિડ-૧૯ના ના દૈનિક કેસ અને મૃત્યુના આંકમાં વધારો થયા બાદ ભારત સરકારે તાત્કાલિક પગલાં ભરી ટેસ્ટિંગને વ્યાપક બનાવ્યા છે. રણપ્રદેશમાં પણ નવા કેસમાં વધારો જોવા મળ્યો છે. કચ્છમાં સતત બીજા દિવસે પણ વધુ ત્રણ લોકોને કોરોના સંક્રમિત થયા છે, જેમાં જિલ્લાના મુખ્ય મથક ભુજમાં વધુ બે, જયારે નખત્રાણાના ગ્રામ્ય વિસ્તારમાં (જુઓ પાનું ૨) ▶▶

# મુખ્ય પ્રધાન ઓમરે લોકોમાંથી ભય દૂર કરવા પહલગામ, ગુલમર્ગમાં બેઠક કરી

જમ્મુઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે લોકો-ખાસ કરીને પર્યટકોમાં નિર્માણ પામેલા ભયને દૂર કરવા મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ લોકપ્રિય પર્યટન સ્થળ પહલગામ અને ગુલમર્ગમાં બેઠક કરી હતી.

હવે કોઈ ભય ન હોવાનું જણાવી જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (એનસી)ના વડા રતનલાલ ગુપ્તાએ દેશભરના પર્યટકોને જમ્મુ-કાશ્મીર આવવાની ગુરુવારે વિનંતી કરી હતી.

પહલગામમાં યોજાયેલી કેબિનેટ અને ટૂર ઑપરેટરોની બેઠકનું અધ્યક્ષપદ સંભાળનાર ઓમરે લોકોમાંથી ભય નાબૂદ કરવા, ટૂરિઝમને પ્રોત્સાહન આપવા અને પર્યટકોને સારા (જુઓ પાનું ૨) ▶▶

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પના તુક્કાએ ભારત માટે તક ઊભી કરી દીધી

ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી જાત જાતના તુક્કા રમતા કર્યા કરે છે ને તેમને સૂઝેલો નવો તુક્કો વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઇન્ટરવ્યૂ પર પ્રતિબંધનો છે. અમેરિકન સરકારે વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઇન્ટરવ્યૂ પર પ્રતિબંધ મૂકીને ફતવો બહાર પાડ્યો છે કે, નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં ના આવે ત્યાં સુધી તાત્કાલિક અસરથી વિદેશી વિદ્યાર્થી અથવા એક્સચેન્જ વિઝિટર વિઝા માટે નવી એપોઈન્ટમેન્ટ્સને મંજૂરી ના આપવી. એફ, એમ અને જે એ ત્રણ કેટેગરીના વિઝામાં નવા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધ મુકાયો છે.

આ ફતવા પ્રમાણે, અગાઉથી નક્કી કરેલા ઇન્ટરવ્યૂ કરી શકાશે પણ નવી એપોઈન્ટમેન્ટ્સ આપવાની નથી. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ બહાર પાડેલા આ આદેશનો ઉદ્દેશ્ય અમેરિકાની યુનિવર્સિટીઓમાં ફેલાવાઈ રહેલા યહૂદી વિરોધી અને ડાબેરી વિચારોને રોકવાનો છે. રુબિયોએ વિશ્વભરના યુએસ દૂતાવાસોને નવી સૂચના ના મળે ત્યાં લગી વિદ્યાર્થી વિઝા માટે નવા ઇન્ટરવ્યૂ શેડ્યૂલ નહીં કરવા ફરમાન કર્યું છે.

આ ઉદ્દેશ્યને પાર પાડવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકા આવતા વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા પ્રોફાઇલની ચકાસણી કડક કરશે અને જે વિદ્યાર્થીઓ યહૂદી વિરોધી કે ડાબેરી વિચારધારા ધરાવતા હશે તેમના નામ પર કાયમ માટે ચોકડી વાગી જશે. ટ્રમ્પ સરકારે આ ફતવામાં એવી પણ જોગવાઈ કરી છે કે, કોઈ વિદેશી વિદ્યાર્થી જાણ કર્યા વિના કોર્સ છોડી જાય, ક્લાસમાં હાજરી ન આપે અથવા અભ્યાસ અધવચ્ચે જ છોડી દેશે તો પણ તેનો વિદ્યાર્થી વિઝા રદ થઈ જશે અને ભવિષ્યમાં યુ.એસ.વિઝા માટેની લાયકાત ગુમાવી દેશે.

ટ્રમ્પ સરકારના ફતવાથી વિદેશી વિદ્યાર્થીઓમાં ખળભળાટ છે કેમ કે લાખો વિદ્યાર્થીઓ એવા છે કે જે છેલ્લાં કેટલાંય વરસોથી અમેરિકામાં ભણવા માટે આયોજન કરી રહ્યા હશે. તેમનાં મા-બાપ તેમના શિક્ષણ માટેના આર્થિક ખર્ચની જોગવાઈ કરી રહ્યાં હશે. ટ્રમ્પના તુક્કાના કારણે રાતોરાત તેમનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે. હવે આ બધા વિદ્યાર્થી અમેરિકન સરકારના અધિકારીઓની મહેરબાની પર છે. એ લોકોને લાગે કે, વિદ્યાર્થીની વિચારધારા ડાબેરી કે યહૂદી વિરોધી છે તો તેમનાં પત્તાં કપાઈ જશે.

ભારતના વિદ્યાર્થીઓ રાજકીય રીતે બહુ સક્રિય હોતા નથી તેથી તેમને આ નિર્ણયની બહુ અસર કદાચ નહીં થાય. મહત્તમ અસર મુસ્લિમ દેશો, આફ્રિકા અને યુરોપથી આવતા વિદ્યાર્થીઓને થશે પણ ભારતીય વિદ્યાર્થીઓ માટે પણ લટકતી તલવાર તો છે જ. આ પ્રકારના ફતવાઓની માનસિક અસર પણ હોય છે તેથી તેની અસર પણ થશે જ. ટ્રમ્પે અત્યારે અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી સાવ બંધ કરી નથી પણ તેના મગજનું ઠેકાણું નહીં.

ટ્રમ્પનું ફટકે તો વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી પર પણ પ્રતિબંધ મૂકી શકે એ જોતાં ધૂંધળું ભાવિ તો છે જ તેમાં શંકા નથી. અમેરિકામાં શિક્ષણ પૂરું કર્યા પછી તરત જ પોતાના દેશ પાછા ફરવું પડે એ પ્રકારના નવા નિયમો પણ ટ્રમ્પ બનાવી રહ્યા છે એ જોતાં હવે અમેરિકામાં શિક્ષણ પહેલાંની જેમ સારી કારકિર્દી બનાવવાનો શ્યોર શોટ નહીં જ રહે તેમાં શંકા નથી. ટ્રમ્પનું છટકેલું છે એ જોતાં હજુ કેવા કેવા ફતવા આવશે તેની પણ આપણને ખબર નથી.

ટ્રમ્પનો નિર્ણય ભારતીયો સહિતના વિદેશી વિદ્યાર્થીઓ માટે આંચકાજનક છે પણ તેના કારણે ભારત માટે એક તક પણ ઉભી થઈ છે. અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓના એડમિશન ધિકતો ધંધો છે. અમેરિકા દર વર્ષે લગભગ ૫૦ અબજ ડોલરની કમાણી વિદેશી વિદ્યાર્થીઓને એડમિશનમાંથી જ કરે છે. અમેરિકાની ૩૦ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમીમાં આ રકમ બહુ મોટી નથી પણ ભારત સહિતના દેશો માટે આ રકમ બહુ મોટી છે.

ભારત આ રકમમાંથી વીસેક ટકા રકમ પણ પોતાની તરફ વાળી શકે તો તેના કારણે ભારતના અર્થતંત્રને બહુ મોટો વેગ મળે પણ એ તાત્કાલિક શક્ય બનવાનું નથી કેમ કે અમેરિકામાં ભણવા માગતા વિદ્યાર્થીઓ માટે ભારત અત્યારે વિકલ્પ જ નથી. ઊલટાનું ભારતનું શિક્ષણ એ હદે કથળેલું છે કે, આપણાં ટેલેન્ટેડ છોકરાં દેશ છોડી છોડીને ભાગી રહ્યાં છે.

વિદેશી વિદ્યાર્થીઓ ભારત તરફ વળે એ માટે ભારતે એક નક્કર નીતિ અપનાવવી પડે અને એક દાયકાનું આયોજન કરવું પડે. અમેરિકા સહિતના દેશોમાં વિદ્યાર્થીઓ ભણવા જાય છે તેનું કારણ ભણી રહ્યા પછી રોજગારીની પુષ્કળ તકો છે. આઈટી સહિતના સાયન્સ અને ટેક્નોલોજીના વિષયોમાં અમેરિકાનું શિક્ષણ અવ્વલ મનાય છે. અમેરિકામાં વિદેશથી આવતા મોટા ભાગના વિદ્યાર્થી સાયન્સ અને ટેક્નોલોજીના વિષયોનું શિક્ષણ લઈને અમેરિકામાં થાળે પડવા જ આવે છે. ભારતમાં સાયન્સ અને ટેક્નોલોજીના શિક્ષણનું સ્તર સાવ કથળેલું છે તેથી અત્યારે કોઈ અહીં આવતું નથી પણ ભારત બે મોરચે કામ કરે તો વિદેશી વિદ્યાર્થીઓ અહીં આવવા માંડે.

પહેલું સાયન્સ અને ટેક્નોલોજીના શિક્ષણનું સ્તર સુધારવું પડે અને બીજું આ શિક્ષણ મેળવ્યા પછી ફટાફટ રોજગારી મળે એવી સ્થિતી પેદા કરવી પડે. આ બંને કામ થઈ શકે તેમ છે. ટ્રમ્પના તુક્કાના કારણે અમેરિકાની આઈટી કંપનીઓ અને બીજા સેક્ટરની કંપનીઓ પણ પરેશાન છે. ભારતની શૈક્ષણિક સંસ્થાઓ તેમની સાથે જોડાણ કરીને તેમને જરૂર છે એ પ્રકારનું શિક્ષણ આપતો સિલેબસ તૈયાર કરે તો આ કંપનીઓ ભારતમાં ભણેલા વિદ્યાર્થીઓને નોકરીઓ આપે.

ભારતમાં ભણીને મલ્ટિનેશનલ કંપનીમાં નોકરી મળે તો વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં રસ પડે. આઈટી સેક્ટરમાં મોટા ભાગે આઉટસોર્સિંગથી કામ થાય છે તેથી ભારતમાં ભણેલા વિદ્યાર્થીઓને ભારતમાં જ નોકરી આપવી શક્ય પણ છે. અત્યારે બેંગલૂરુ અને હૈદરાબાદ તેનાં હબ છે પણ ભારત નવાં હબ પણ વિકસાવી શકે છે.

સાયન્સ અને ટેક્નોલોજીમાં ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, મેડિસિન, સ્પેસ વગેરે સેક્ટરમાં પણ અમેરિકા, જાપાન, યુરોપ વગેરેની કંપનીઓ સાથે જોડાણ કરીને તેમની જરૂરીયાતો પ્રમાણેની ટેલેન્ટ તૈયાર કરવી શક્ય છે જ. તેના માટે વિદેશી રોકાણના નિયમોમાં ફેરફાર કરવો પડે, શિક્ષણના ક્ષેત્રમાં વિદેશી યુનિવર્સિટીઓ કે કંપનીઓને પ્રવેશ આપવો પડે ને સૌથી મહત્ત્વનું એ કે, આપણી શિક્ષણ નીતિને બદલવી પડે.

અત્યારે આપણી શિક્ષણ નીતિ જૂના જમાનાની છે ને આપણે બે ભાષા ભણાવવી કે ત્રણ ભાષા ભણાવવી તેમાં અટવાયેલા છીએ. આ બધું બાજુ પર મૂકીને સાયન્સ અને ટેક્નોલોજીના શિક્ષણ પર ભાર મુકાય તો ટ્રમ્પના તુક્કાને તકમાં ફેરવી શકાય તેમ છે. ભારત શિક્ષણનું હબ બને તો વિદ્યાર્થીઓને તો પછી રોજગારી મળશે જ પણ એ પહેલાં લાખો લોકોને રોજગારી મળશે એ જોતાં આ તક છોડવા જેવી નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,
શુક્રવાર, તા. ૩૦-૫-૨૦૨૫,વિનાયક ચતુર્થી, ઉમા ચતુર્થી

- ભારતીય દિનાંક ૯, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ રાત્રે ક. ૨૧-૨૮ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં બપોરે ક. ૧.૪૧ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુનમાં (ક, છ, ઘ),કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૮, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ • ઢ
- ભરતીઃ બપોરે ક. ૧૪-૩૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૭ (તા. ૩૧)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૦, રાત્રે ક. ૨૦-૫૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – ચતુર્થી. વિનાયક ચતુર્થી, ઉમા ચતુર્થી (બંગાલ-ઓરિસ્સા), ગુરુ અર્જુનદેવ શહીદ દિન (શીખ), ભદ્રા સવારે ક. ૧૦-૧૬થી ૨૧-૨૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, વિશેષરૂપે શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અદિતિપૂજા, પરદેશનું પસ્તાનું, શ્રી ગણેશ પૂજન વિશેષરૂપે, વિદ્યારંભ, હજામત, પ્રયાણ મધ્યમ, ધાન્ય ભરવું, બી વાવવું, નવા વસ્રો, આભૂષણ, વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લે-વેંચ, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, ચંત્રારંભ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ, ઘર-ખેતર, જમીન, મકાન લેવડદેવડ.
- આચમનઃ સૂર્ય-બુધ બર્હિયુતિ કાર્યદક્ષ, ચંદ્ર-રાહુ ત્રિકોણ કર્મઠ, ચંદ્ર-શનિ ત્રિકોણ મુસાફરીના શોખીન, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ જળયાત્રાના શોખીન
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ બર્હિયુતિ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૩૧), ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૩૧) ચંદ્ર પુનર્વસુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર ■

# ઑપરેશન સિંદૂર ત્રાસવાદ સામેનો ‘નિર્ણાયક જવાબ’ હતોઃ મોદી

ગંગટોકઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે ત્રાસવાદીઓએ પહલગામમાં ગયા મહિને કરેલો હુમલો ભારતના ‘આત્મા’ અને ‘અખંડતા’ પરનો હુમલો હતો અને ભારતે ઑપરેશન સિંદૂર હેઠળ ત્રાસવાદીઓને ‘નિર્ણાયક જવાબ’ આપ્યો હતો.

તેમણે દાવો કર્યો હતો કે દેશના દરેક નાગરિકો ત્રાસવાદ સામે એક થઇને સંયુક્ત લડત આપી રહ્યા છે. ભારતના સૈન્યએ ત્રાસવાદીઓની અનેક છાવણીઓ અને પાકિસ્તાનના ઘણાં ઍરબેઝનો નાશ કરીને તેઓને જડબાતોડ જવાબ આપ્યો હતો.

મોદીએ આક્ષેપ કર્યો હતો કે ભારતમાં ધર્મના નામે ઝઘડા શરૂ કરાવવા માટે પહલગામમાં ત્રાસવાદીઓએ ‘ઇરાદાપૂર્વક’ હુમલો કર્યો હતો. આપણી અમુક બહેનોના સિંદૂર ઉજાડનારા લોકો પર વળતો જોરદાર હુમલો કરીને આપણે સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે હવે ત્રાસવાદીઓની કોઇ પણ પ્રવૃત્તિ ચલાવી નહિ લેવાય અને તેઓનો તેમ જ તેઓની છાવણીઓનો નાશ કરાશે.

સિક્કિમ રાજ્યની સ્થાપનાના પચાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે અહીંના પાલજોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા મોદીએ જણાવ્યુ હતુ કે હિમાલય પર આવેલું આ રાજ્ય ‘દેશનું ગૌરવ’ છે અને તેના લોકો લોકશાહીના મૂલ્યોમાં દઢ વિશ્વાસ ધરાવે છે. આ રાજ્યમાં પર્યટકોની સંખ્યા પણ ઘણી વધી છે.

મોદીએ પશ્ચિમ બંગાળના બાગડોગરા ખાતેથી આ કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધ્યો હતો અને આંતરિક માળખાના કેટલાક પ્રકલ્પનું ઉદ્ઘાટન કર્યું હતું અને અમુકનો શિલાન્યાસ કર્યો હતો. મોદી ખરાબ હવામાનને કારણે સિક્કિમના સ્થાપના દિનના કાર્યક્રમમાં જાતે હાજર નહોતા રહ્યા પણ તેને વર્ચ્યુઅલી સંબોધ્યો હતો. (એજન્સી) ■

# મોદી ઑપરેશન સિંદૂરનો રાજકીય લાભ લઈ રહ્યા છેઃ મમતા બેનરજી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા ત્રાસવાદીઓના હુમલાના જવાબમાં ભારતીય લશ્કરે હાથ ધરેલી ‘ઑપરેશન સિંદૂર’ હેઠળની કાર્યવાહીનો વડા પ્રધાન નરેન્દ્ર મોદી ‘રાજકીય લાભ’ રહ્યા છે. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર અંગે વિવિધ દેશને જાણકારી આપવા સર્વપક્ષી પ્રતિનિધિમંડળ વિદેશ ગયું છે ત્યારે મોદી દ્વારા બંગાળની કરાયેલી ટીકાથી હું નારાજ છું.

અગાઉ, મોદીએ ઑપરેશન સિંદૂર પછીની પશ્ચિમ બંગાળમાંની પ્રથમ જાહેરસભામાં દુર્ગાપૂજા વખતે બંગાળી મહિલાઓ દ્વારા કરાતા પારંપરિક ‘સિંદૂર ખેલા’ના કરેલા ઉલ્લેખની પણ મમતા બેનરજીએ આકરી ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રે વિવિધ રાજ્યમાંની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય લાભ મેળવવા લશ્કરી કાર્યવાહીનું નામ ‘ઑપરેશન સિંદૂર’ રાખ્યું હતું. (પીટીઆઇ) ■

# અમરનાથ યાત્રા માટે સીએપીએફના ૪૨,000 જવાન તહેનાત

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ)ની ૫૮૦ કંપનીઓ તૈનાત કરવાનો આદેશ આપ્યો છે, જેમાં લગભગ ૪૨,૦૦૦ ઓન-ગ્રાઉન્ડ જવાનોનો સમાવેશ થાય છે, એમ સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.

૪૨૪ કંપનીઓને કાશ્મીર મોકલવામાં આવી રહી છે, અને બાકીની, જેમાં ઓપરેશન સિંદૂર દરમિયાન કાશ્મીરમાં સ્થળાંતરિત થયેલી લગભગ ૮૦ કંપનીનો સમાવેશ થાય છે, તેમને યાત્રા માર્ગ, યાત્રાળુઓ અને શ્રીનગર સહિત અન્ય વિસ્તારોમાં સુરક્ષિત રાખવા માટે ‘‘સ્થાનાંતરણ’’ કરવામાં આવશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નિર્દેશ આપ્યો છે કે આ દળો ‘‘તાત્કાલિક’’ નીકળે અને જૂનના બીજા અઠવાડિયા સુધીમાં જમ્મુ અને કાશ્મીરમાં સ્થાન લઈ લે. ■

# અમેરિકા ચીની વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાનું શરૂ કરશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ બુધવારે કહ્યું હતું કે અમેરિકા હવે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે સંબંધ ધરાવતા કે પછી સંવેદનશીલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા અમુક ચીની વિદ્યાર્થીઓના વિઝા રદ કરવાનું શરૂ કરશે.

આ મામલે અમેરિકાની સરકાર આક્રમક વલણ અપનાવશે એમ તેમણે કહ્યું હતું.

અમેરિકા અભ્યાસ કરવા આવતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીની સંખ્યાને મામલે ચીન બીજા નંબરે એટલે કે ભારત પછીના સ્થાને છે.

વર્ષ ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં અમેરિકા અભ્યાસ કરવા આવેલા કુલ વિદ્યાર્થીઓમાં પચીસ ટકા કરતાં વધુ એટલે કે અંદાજે ૨,૭૦,૦૦૦ વિદ્યાથી ચીનના હતા.

સોશિયલ મીડિયા પર આ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ વધી હોવાને કારણે નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી રહી હોવાને લીધે રૂબિયોએ મંગળવારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના નવા વિઝા ઈન્ટરવ્યૂ રદ કરવાના નિર્ણયની જાહેરાત કરી હતી જેને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં અચોક્કસતાનું વાતાવરણ ઊભું થયું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ‘ટ્રમ્પ-ટૅરિફ’ને

પીછેહઠ કરવી પડશે, તો તાજેતરમાં અમેરિકા અને ચીન વચ્ચે થયેલી વેપારને લગતી સમજૂતીમાં પરિવર્તન આવી શકે છે તેમ જ ભારત અને પાકિસ્તાનની વચ્ચે ફરી યુદ્ધ શરૂ થઇ શકે છે. ટ્રમ્પે અણુબૉમ્બ ધરાવતા આ બે પાડોશી દેશ વચ્ચે મે મહિનાની શરૂઆતમાં યુદ્ધવિરામ કરાવવા માટે પોતાના ‘ટૅરિફ પાવર’નો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત, અનેક દેશની સાથે વેપાર કરાર થઇ રહ્યા છે કે સમજૂતી સાધવામાં આવી રહી છે, તેને પણ અદાલતના સંબંધિત આદેશથી માઠી અસર થશે.

મેનહેટનની આંતરરાષ્ટ્રીય વેપારને લગતી અદાલતના ત્રણ ન્યાયાધીશે ટ્રમ્પના વહીવટીતંત્રની બધી દલીલને નકારતા જણાવ્યું હતું કે દેશના બંધારણે રાષ્ટ્રના પ્રમુખને ‘અસામાન્ય પરિસ્થિતિ’માં માત્ર ‘આર્થિક પ્રતિબંધ’ મૂકવાની જ સત્તા આપી છે. દેશની કોંગ્રેસ પાસે જ અન્ય દેશો સાથેના વેપારના નિયમનની સત્તા છે અને દેશના પ્રમુખ રાષ્ટ્રના અર્થતંત્રની સલામતી માટે ‘ઇમર્જન્સી પાવર’નો દુરુપયોગ કરીને કોંગ્રેસની પાસેના અધિકારની ઉપરવટ જઇ ન શકે. દરમિયાન, વિદેશોમાંથી આયાત કરાતા માલસામાનથી વેપાર ચલાવતી પાંચ નાની વેપારી સંસ્થા વતી ‘નોનપાર્ટિશન લિબર્ટી જસ્ટિસ સેન્ટર’ દ્વારા પણ ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કેસ કરાયો છે અને તેઓએ દલીલ કરી હતી કે ટૅરિફમાંના વધારાને લીધે અમારા વેપારને માઠી અસર થઇ છે.

આ ઉપરાંત, ટ્રમ્પના વહીવટીતંત્ર પર ટૅરિફને સંબંધિત અન્ય પાંચ કેસ પણ કરાયા છે. ■

### મુખ્ય પ્રધાન ઓમરે

અનુભવની ખાતરી આપવા બીજી બેઠક યોજવા માટે બારામુલ્લા જિલ્લાના ગુલમર્ગની પસંદગી કરી હતી.

માતા વૈષ્ણોદેવી અને બાબા અમરનાથની મુલાકાતે આવતા પર્યટકો અને યાત્રાળુઓને પહલગામ, ગુલમર્ગ સહિતના જમ્મુ-કાશ્મીરનાં અન્ય પર્યટન સ્થળોની મુલાકાતે પણ આવવાની અમે વિનંતી કરીએ છીએ.

અમે તમને આવકારવા સજ્જ છીએ. અહીં જનજીવન સહિત બધું જ સામાન્ય થઈ ગયું હોવાને કારણે હવે કોઈના જ મનમાં ભય ન રહેવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

આતંકવાદનો કોઈ જ ભય નથી. જમ્મુ-કાશ્મીર હજુ પણ સ્વર્ગ છે. અહીં આવો અને તેની સુંદરતાને માણો, એમ તેમણે કહ્યું હતું.

જલદી જ શરૂ થનારી અમરનાથ યાત્રા અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે કોઈપણ પ્રકારનો ભય રાખ્યા વિના મોટા પ્રમાણમાં આવો એવી અમે યાત્રાળુઓને અપીલ કરીએ છીએ.

યાત્રાળુઓની હાજરી આતંકવાદીઓ અને તેમના સરહદપારના આકાઓને કડક સંદેશો આપશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ઈલૉન મસ્કે

અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે ઇલૉન મસ્કે સરકારમાંનો પોતાનો હોદ્દો છોડ્યો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલા ‘બિગ બ્યૂટિફૂલ બિલ’ની ઇલૉન મસ્કે એક ઇન્ટરવ્યૂમાં ટીકા કરી હતી. મસ્ક ઉપરાંત અમુક રિપબ્લિકન સાંસદે પણ ટ્રમ્પના કેટલાક નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. (એજન્સી) ■

### ઑપરેશન સિંદૂર

દેશની અમુક મહિલાના સિંદૂરને મિટાવનારા ત્રાસવાદીઓ સામે આપણા સશસ્ત્ર દળોએ બદલો લીધો છે. આપણા લશ્કરે ત્રાસવાદીઓને સિંદૂરની તાકાત જણાવી દીધી છે. હું બંગાળની ભૂમિ પરથી જાહેર કરું છું કે ‘ઑપરેશન સિંદૂર’ હજી પૂરું નથી થયું.

મોદીએ ચેતવણી આપી હતી કે પાકિસ્તાને હવે ભારતમાં કે ભારતના નાગરિકો પર હુમલા કરાવવાના ગંભીર પરિણામ ભોગવવા પડશે. પાકિસ્તાનનું લશ્કર ‘ત્રાસવાદ’ ફેલાવવામાં અને ‘સામૂહિક હત્યા’ કરાવવામાં નિષ્ણાત છે, પરંતુ યુદ્ધમાં હંમેશાં તે હારી જાય છે.

પશ્ચિમ બંગાળની તૃણમૂલ કૉંગ્રેસની સરકારની ટીકા કરતા વડા પ્રધાને જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં હાલમાં ‘નિર્મમ સરકાર’ છે. રાજ્યના લોકોને સત્તામાં પરિવર્તન અને સારું વહીવટીતંત્ર જોઇએ છે. રાજ્યની જનતા ભ્રષ્ટ સરકાર નથી ઇચ્છતી.

તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં બેરોજગારી વધી રહી છે અને યુવાનો, ગરીબો, મધ્યમ-વર્ગના પરિવારો ભ્રષ્ટાચારનો ભોગ બની રહ્યા છે.

મોદીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળ સરકારે શિક્ષકોની ભરતીના કૌભાંડ દ્વારા હજારો શિક્ષકો તેમ જ તેઓના પરિવારના ભવિષ્યને બરબાદ કર્યું હતું. (એજન્સી) ■

### દક્ષિણ કોરિયા

ભૂમિગત કરી નાખ્યા છે.

પોહાન્ગની ઈમરજન્સી ઑફિસે માહિતી આપી હતી કે અમને રહેવાસી તરફથી એવી જાણકારી મળી હતી કે એક વિમાન એક એપાર્ટમેન્ટ કોમ્પલેક્સની નજીક ટેકરી પર તૂટી ગયું હતું અને એમાં આગ લાગી હતી.

તસવીરોમાં જોવા મળે છે કે ફાયરફાઈટર અને ઈમરજન્સી વેહિકલ વિમાન તૂટી પડવાના સ્થળે આગ ઓલવી રહ્યા છે. અગ્નિશામક દળે વિમાનના કાટમાળ પર પાણીનો છંટકાવ કર્યો હતો.

ડિસેમ્બરમાં જેજુ એર પેસેન્જરનું વિમાન દ ક્ષિણ કોરિયાના મુઆન આંતરરાષ્ટ્રીય હવાઈમથકે તૂટી પડતાં વિમાનમાં રહેલા ૧૮૧ જણમાંથી બેના અપવાદ સિવાય બધા મરણ પામ્યા હતા. (એજન્સી) ■

### ૩૧મી મેએ સરહદી

અંતર્ગત કરવામાં આવનારાં મૉક ડ્રિલનો મુખ્ય આશય સરહદી વિસ્તારમાં વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારીની સમીક્ષા કરવાનો છે. આ મૉક ડ્રિલમાં એનડીઆરએફ, સિવિલ ડિફેન્સ, સ્થાનિક પોલીસ, આરોગ્ય વિભાગ અને અન્ય એજન્સીઓ ભાગ લેશે.

સાતમી મેએ યોજવામાં આવેલા મૉક ડ્રિલ દરમિયાન જોવા મળેલી ખામીઓને દૂર કરવાનો અને દુશ્મન દ્વારા હુમલો કરવામાં આવે તેવા સમયે નાગરિક સુરક્ષા મજબૂત કરવાનો આ કવાયતનો મુખ્ય આશય છે. ■

### કચ્છમાં કોરોનાના

એક પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગે જરૂરી તપાસ આરંભી છે.

હાલ અહીં કોરોનાની ૮૦૦ જેટલી આરટીપીસીઆર અને માત્ર ૨૦૦ રેપિડ કીટ ઉપલબ્ધ છે. વર્તમાન પરિસ્થિતિને જોતાં કચ્છમાં હજુ વધારાની ટેસ્ટિંગ કીટ ફાળવવા માટે રાજ્ય સ્તરે દરખાસ્ત કરવામાં આવી છે. ઈન્ચાર્જ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કેશવકુમારે જણાવ્યું હતું કે, બુધવારે ભુજમાં બે અને ગાંધીધામમાં એક વ્યકિતનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ગુરુવારે ભુજ શહેરી વિસ્તારમાં વધુ બે અને નખત્રાણા તાલુકામાં એક વૃદ્ધ કોરોના સંક્રમિત થવાની સાથે બે દિવસમાં કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંકડો છ પર પહોંચ્યો છે. સંક્રમિત થયેલા દર્દીઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે અને તેઓને સામાન્ય શરદી અને શરીરમાં સાધારણ કળતર સિવાય કોઈ ગંભીર ગણી શકાય તેવાં લક્ષણ જોવા મળ્યા નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા મુજબ આ વખતે કોરોના સંક્રમણ લોકો માટે બહુ ગંભીર નથી. આવી સ્થિતિમાં, જો મોજું આવે તો પણ દર્દીઓના મૃત્યુ અને હૉસ્પિટલમાં દાખલ થવાની સંખ્યા ઘણી ઓછી હશે. આરોગ્ય મંત્રાલય કોરોનાના નવા પ્રકાર એનબી.૧.૮.૧ પર દવા અને રસી કેટલી અસરકારક છે તેનો અભ્યાસ કરી રહ્યું છે. ■

### પીઓકેના લોકો

પીઓકેના લોકો સુધી પહોંચવા માટે મોટા પાયે પ્રયાસ કર્યા અને કહ્યું કે ભારત તેમને પોતાના પરિવારનો ભાગ માને છે.

તેમણે કહ્યું, ‘‘મારું માનવું છે કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના લોકો આપણા પોતાના છે, આપણા પરિવારનો ભાગ છે. અમે ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ ના સંકલ્પ પ્રત્યે પ્રતિબદ્ધ છીએ અને અમને પૂર્ણ વિશ્વાસ છે કે આપણા ભાઈઓ જે આજે ભૌગોલિક અને રાજકીય રીતે આપણાથી અલગ છે, તેઓ પણ કોઈ દિવસ પોતાના અંતરાત્માનો અવાજ સાંભળશે અને આત્મસન્માન સાથે ભારતના મુખ્ય પ્રવાહમાં પાછા ફરશે.’’

સિંહે કહ્યું હતું કે પીઓકેના મોટાભાગના લોકો ભારત સાથે ‘‘ઊંડું જોડાણ’’ અનુભવે છે અને ફક્ત થોડા લોકો જ ‘‘ગુમરાહ’’ થયા છે. તેમણે કહ્યું હતું કે, ‘‘પીઓકેમાં રહેતા આપણા ભાઈઓ અને બહેનોની સ્થિતિ બહાદુર યોદ્ધા મહારાણા પ્રતાપના નાના ભાઈ શક્તિ સિંહ જેવી જ છે. અલગ થયા પછી પણ મોટા ભાઈનો પોતાના નાના ભાઈ પ્રત્યેનો વિશ્વાસ અને શ્રદ્ધા અકબંધ રહે છે.’’

તેમણે કહ્યું હતું કે, ‘‘ભારત હંમેશાં હૃદયને જોડવાની વાત કરે છે અને અમે માનીએ છીએ કે પ્રેમ, એકતા અને સત્યના માર્ગ પર ચાલીને, તે દિવસ દૂર નથી જ્યારે આપણો પોતાનો ભાગ પીઓકે પાછો ફરશે અને કહેશે, હું ભારત છું, હું પાછો આવ્યો છું.’’ પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપતાં સિંહે એમ પણ કહ્યું કે આતંકવાદનો ધંધો નફાકારક નથી, પરંતુ તેની ભારે કિંમત ચૂકવવી પડશે અને પાકિસ્તાનને હવે આ વાત સમજાઈ ગઈ છે. આના ત્રણ દિવસ પહેલા, વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે પાકિસ્તાનના યુવાનોએ આગળ આવવું પડશે અને ‘‘પાકિસ્તાનને આતંકવાદના રોગથી મુક્ત કરવું પડશે.’’

રાષ્ટ્રીય સુરક્ષા અને સમૃદ્ધિ માટે ‘મેક-ઇન-ઇન્ડિયા’ને મહત્ત્વપૂર્ણ ગણાવતા સંરક્ષણ પ્રધાને કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન સ્વદેશી પ્રણાલીઓના ઉપયોગથી સાબિત થયું છે કે ભારત પાસે દુશ્મનના કોઈપણ કવચને ભેદવાની તાકાત છે. તેમણે કહ્યું, ‘‘અમે આતંકવાદીઓના ઠેકાણા અને પછી લશ્કરી ઠેકાણાઓનો નાશ કર્યો. અમે ઘણું બધું કરી શક્યા હોત, પરંતુ અમે શક્તિ અને સંયમના સંકલનનું એક મહાન ઉદાહરણ રજૂ કર્યું હતું.’’ સંબોધન દરમિયાન સિંહે ભારતની સ્થાનિક સંરક્ષણ ક્ષમતાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે ૧૦ વર્ષ પહેલાં ભારતની સંરક્ષણ નિકાસ ૧૦૦૦ કરોડ રૂપિયાથી ઓછી હતી, પરંતુ હવે તે ૨૩,૫૦૦ કરોડ રૂપિયાના રેકોર્ડ આંકડા પર પહોંચી ગઈ છે. ■

# પાલઘરમાં પોલીસ-પાલિકાની બચાવ કામગીરી માટે રોબોટિક બોટ

પાલઘરઃ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ મહારાષ્ટ્રના પાલઘરમાં મુખ્ય સ્થળોએ તહેનાત કરવા માટે પોલીસ અને નાગરિક સંસ્થાઓને ૧૦ રોબોટિક બોટ પૂરી પાડી છે. લોકોને ઉગારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો એમ એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. ૧.૬૬ કરોડની કિંમતની આ બોટ લોકોને ડૂબતા બચાવવા માટે વરદાનરૂપ સાબિત થશે તેમ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવી ઉમેર્યું હતું કે એક વ્યક્તિને (ડૂબી જવાથી) બચાવવા માટે આપણે બીજી વ્યક્તિને પાણીમાં ઉતારીએ છીએ. હવે અન્ય વ્યક્તિને બદલે રોબોટિક બોટનો ઉપયોગ જીવન બચાવવા માટે કરવામાં આવશે. એક સપ્તાહ સુધી તાલીમ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું. પાલઘર જિલ્લાના કેળવે બીચ પર ભરતી દરમિયાન પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લાના છ મરીન પોલીસ સ્ટેશન, ત્રણ મ્યુનિસિપલ કાઉન્સિલ અને એક નગર પંચાયતને આ બોટ આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું. (પીટીઆઈ)■

# સરકારી ડૉક્ટર ઑડિયો ક્લિપમાં સહકર્મીને કોવિડ-૧૯ની દર્દીને 'મારી નાખવા'નું કહેતા સંભળાયાઃ ગુનો દાખલ

લાતુરઃ ૨૦૨૧ની મહામારી દરમિયાન કોવિડ-૧૯ની દર્દીને 'મારી નાખવા' માટે સહકર્મીને સૂચના આપવા બદલ લાતુર જિલ્લામાં સરકારી હોસ્પિટલના સિનિયર ડૉક્ટર વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

લાતુરની ઉદગિર સરકારી હોસ્પિટલમાં તત્કાલીન એડિશનલ ડિસ્ટ્રિક્ટ સર્જન એવા આરોપી ડો. શશીકાંત દેશપાંડે અને કોવિડ-૧૯ કૅર સેન્ટર ખાતે ફરજ બજાવતા ડો. શશીકાંત ડાંગે વચ્ચેનો વાર્તાલાપ હવે ઑડિયો ક્લિપના માધ્યમથી સોશિયલ મીડિયા પર સપાટી પર આવ્યો છે.

૨૦૨૧માં મહામારીએ માઝા મૂકી ત્યારે હોસ્પિટલો દર્દીઓથી ઊભરાવા લાગી હતી અને સંસાધનો ખૂટી પડ્યાં હતાં તે સમયની આ ઘટના છે.

જે દર્દીને મારી નાખવા માટે કહેવામાં આવ્યું હતું તે દયામી અજિમોદ્દીન ગૌસોદ્દીન (૫૩)ની પત્ની કૌસર ફાતિમા બાદમાં આ રોગથી સાજી થઇ ગઇ હતી.

ડો. શશીકાત દેશપાંડે એવું કહેતા સંભળાય છે કે 'કોઇને અંદર જવા દેશો નહીં, તે દયામી મહિલાને મારી નાખો.' ડો. ડાંગે સતર્ક રીતે એવો પ્રતિસાદ આપે છે કે ઑક્સિજન સપોર્ટ ઓછો થઇ ગયો છે.

હવે ગૌસોદ્દીનની ફરિયાદને આધારે ઉદગિર સિટી પોલીસ દ્વારા ૨૪ મેએ ડૉક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે દેશપાંડેનો મોબાઇલ જપ્ત કર્યો છે. ઑડિયો ક્લિપની વિશ્વસનીયતા અમે તપાસી રહ્યા છીએ. ડો. ડાંગેને પણ નોટિસ જારી કરવામાં આવી છે, જે હવે જિલ્લાની બહાર છે. તેનો પણ મોબાઇલ જપ્ત કરાશે, એમ ઇન્સ્પેક્ટર દિલીપ ગાડેએ કહ્યું હતું.■

# ૧૮ શહેર માટે રોજની ૧૮ ફ્લાઈટ

## નવી મુંબઈ એરપોર્ટ પર ૨૦૨૬ સુધી ૧૪૦ ફ્લાઈટ્સનું થશે ઉડ્ડયન

મુંબઈઃ ઇન્ડિગો અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડે નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટથી ફ્લાઇટ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પહેલી વાર હશે જ્યારે કોઈ એરલાઇન નવીમુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટથી કમર્શિયલ ફ્લાઇટ શરૂ કરશે. લોન્ચના દિવસથી દરરોજ ઇન્ડિગોની ૧૮ ફ્લાઇટ્સ ઉડશે. આ નિર્ણય મુંબઈવાસીઓ માટે ખાસ કરીને નવી મુંબઈ બાજુ રહેતા લોકો માટે મુસાફરીને સરળ બનાવશે. આ ફ્લાઇટ્સ ૧૫ થી વધુ શહેરોને જોડશે. ઇન્ડિગો નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ફ્લાઇટ્સની સંખ્યા વધારીને ૭૯ કરવાની યોજના ધરાવે છે, જેમાં ૧૪ ઇન્ટરનેશનલ ફ્લાઇટ્સનો સમાવેશ થશે. માર્ચ, ૨૦૨૬ સુધીમાં, આ સંખ્યા વધીને ૧૦૦ થઈ જશે અને નવેમ્બર ૨૦૨૬ સુધીમાં ઇન્ડિગો નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી દરરોજ ૧૪૦ ફ્લાઇટ્સ (૩૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ સહિત ૨૮૦ એર ટ્રાફિક મૂવમેન્ટ્સ)નું સંચાલન કરશે. અદાણી એરપોર્ટ્સના સૂત્રોએ કહ્યું હતું કે, ઇન્ડિગો સાથેની આ ભાગીદારી નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે એક મોટું કેન્દ્ર બનાવશે. ■

# મુંબઈમાં વૃક્ષ પડવાની 30 ઘટના, એકનું મૃત્યુ

મુંબઈઃ મુંબઈમાં ઝાડ પડવાની બે ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ત્રણ જણને ઈજા થઈ હતી એવી જાણકારી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ગુરુવારે આપવામાં આવી હતી. આ બંને ઘટના બુધવારે બની હતી - એક મધ્ય મુંબઈના શિવડી ખાતે અને બીજી પૂર્વ ઉપનગરના ચેમ્બુર વિસ્તારમાં. બુધવારે મુંબઈમાં ઝાડ પડવાની કુલ ૩૦ ઘટના નોંધાઈ હતી. છ તળ મુંબઈમાં, સાત પૂર્વ ઉપનગરોમાં અને ૧૭ પશ્ચિમ ઉપનગરોમાં નોંધાઈ હતી.

આ સપ્તાહની શરૂઆતમાં પણ શહેરમાં ઝાડ પડવાની બે ઘટનાઓમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને અન્ય એકને ઈજા થઈ હતી.

બુધવારે સાંજે શિવડીના આર એ કિડવાઈ માર્ગ પોલીસ સ્ટેશન નજીક એક ગુલમહોરનું ઝાડ ઉખડીને ત્રણ-ચાર મોટર બાઈક પર પડ્યું હતું. ■




# ભિવંડીમાં કટરના ઘા ઝીંકી સુથારની હત્યાઃ સગીર પકડાયો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં જમવાનું બનાવવા અને વાસણો ધોવાને મુદ્દે ઝઘડો થયા બાદ કટરના ઘા ઝીંકી સુથારની હત્યા કરવા બદલ પંદર વર્ષના સગીરને પકડી પાડવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ભિવંડીના માનકોલી વિસ્તારમાં આવેલા સુરાઇ ગામમાં બુધવારે બપોરે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા સુથારની ઓળખ કૈસર અઝગરઅલી (૨૨) તરીકે થઇ હતી.

કૈસર અને સગીર એક ઘરમાં ફર્નિચર બનાવવાનું કામ કરી રહ્યા હતા ત્યારે જમવાનું બનાવવા અને વાસણો ધોવાને મુદ્દે તેમની વચ્ચે ઝઘડો થયો હતો.

નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઝઘડાને કારણે સગીર ઉશ્કેરાયો હતો અને તેણે કૈસર પર પ્લાય કટરથી હુમલો કર્યો હતો.

હુમલામાં ઘવાયેલા કૈસરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં સાંજે તેનું મૃત્યુ થયું હતું.

દરમિયાન નારપોલી પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) (હત્યા) હેઠળ ગુનો દાખલ કરીને સગીરને તાબામાં લીધો હતો.

સગીરને બાદમાં ભિવંડીના બાળ સુધારગૃહ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■









# સંસ્થા સમાચાર

## ધીરગુરુદેવની પ્રેરણાથી સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં દંત રોગ તપાસ બત્રીસી અર્પણ કેમ્પ




પૂ. શ્રી ધીરગુરુદેવની પ્રેરણાથી શ્રી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડિવાઇન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં આયુર્વેદિક પદ્ધતિ અનુસાર જાલંધર બંધ યોગ વડે દંત રોગ ચિકિત્સા, સારવાર અને જરૂરિયાતમંદોને વિનામૂલ્યે દાંતની બત્રીસી અર્પણ કરવાનો સેવાયજ્ઞ સફળ થઈ રહેલ છે.

આજ સુધીમાં જશાપર, કાટકોલા, કલ્યાણપુર, ધોરાજી, ટંકારા, ધંધુકા, ગોપાલગ્રામ, સાવરકુંડલા, જામજોધપુર વગેરે ગામોમાં સંપન્ન થયા બાદ મોરબી, માંગરોળ, ધ્રોલ, જામનગર, પાળીયાદ, બોટાદ, વીરપુર લાલપુર, પડધરી, ગોંડલ, ઉપલેટા, પોરબંદર, જુનાગઢ, દામનગર, વિછીયા, જેતપુર અમદાવાદ, શિવા વગેરે ગામોમાં દંતયજ્ઞ કેમ્પ યોજાશે.

આ વર્ષમાં ૩૦૦૦ બત્રીસી વિતરણની યોજના છે.

દાંત કેમ્પમાં વાઘર ફેમિલી ફાઉન્ડેશન, સુરભી એસ. શેઠ, હરકિશન મણીલાલ ઠક્કર, માલિનીબેન કિશોરભાઈ સંઘવી, સતીશ જૈઠા, અલ્પના પિયુષ ઉદાણી, ભારતી ગુણવંત ગોપાણી, મૃદુલા નવનીતલાલ સંઘવી, ડો. હર્ષદચેતના સંઘવી, પ્રીતિબેન રજનીકાંત મહેતા વગેરે લાભાર્થી બની રહ્યા છે. સાવરકુંડલામાં લલ્લુભાઈ આરોગ્ય મંદિર અને રાજકોટમાં શિવકુંવરબેન દોશી મેડિકલ સેન્ટરમાં દર મહિને ફ્રી માં કેમ્પનું આયોજન કરાયું છે. ડો. જયસુખ મકવાણા, મોનીકા ભટ્ટ વગેરે કેમ્પમાં સેવારત છે. ■

## શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય-મુંબઈની સેવાકીય પ્રવૃત્તિ માટે રાજકોટ ખાતે ઓફિસનો પ્રારંભ

શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય મુંબઇની રાજકોટ ખાતે ઓફિસ શ્રી સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર, સરદારનગર મેઇન રોડ ઉપર કરવામાં આવેલ છે.

શ્રી સરદારનગર ઉપાશ્રયની ઓફિસ ખાતેથી શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી જૈન ભોજનાલય-મુંબઇ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિ અંતર્ગત સૌરાષ્ટ્રનાં રાજકોટ ઉપરાંત અમરેલી, સાવરકુંડલા, લાઠી, મોરબી, ગોંડલ, જેતપુર, જૂનાગઢ, ધોરાજી અને કુંકાવાવ ખાતે વસવાટ કરતા ફક્ત દશા શ્રીમાળી પરિવાર માટે વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવનાર છે.

આર્થિક પરિસ્થિતિ નબળી ધરાવતા પરિવારનાં બાળકોની સ્કૂલ ફી સ્કોલરશિપ જેમાં ધો. ૧થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશિપ સહાય આપવામાં આવશે. આ ઉપરાંત કોલેજ તેમ જ હાયર એજ્યુકેશનમાં પણ કોલેજ ફી સ્કોલરશિપ સહાય આપવામાં આવશે. તદ્ઉપરાંત જે દશા શ્રીમાળી પરિવારમાંથી કોઇ પણ સભ્યને સારવાર અર્થે હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું હોય તેમને મેડિકલ સહાય આપવામાં આવશે. જેમાં ડાયરેક્ટ હૉસ્પિટલનાં નામનો ચેક આપવામાં આવશે. આ ઉપરાંત સંસ્થા દ્વારા નિરાધાર એટલે કે વિધવા અથવા તો ડિવોર્સી હોય અને પરિવારમાં ગુજરાન ચલાવવા કોઇ કમાવનાર ન હોય તેવા નિરાધાર સહાય તેમ જ જરૂરિયાતમંદ પરિવારને અનાજ સહાય આપવામાં આવશે.

ઉપરોક્ત તમામ સહાયના ફોર્મ શ્રી સરદારનગર ઉપાશ્રય, ૯/૧૪ સરદારનગર, સરદારનગર મેઇન રોડ, રાજકોટ ખાતે સવારે ૧૦થી ૧ અને બપોરે ૪થી ૬ દરમિયાન મેળવી અને તમામ વિગતો ભરીને પરત કરવાનાં રહેશે. ફોર્મ સાથે આપેલ રજૂ કરવાના તમામ ડોક્યુમેન્ટ ફરજિયાત પણે જોડવાનાં રહેશે અને અધૂરી વિગતોનાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેશો. ■

## ભૂલેશ્વરમાં શૌચાલયમાં મહિલાઓનો વીડિયો ઉતારનારો યુવક પકડાયો

મુંબઈ: દક્ષિણ મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાં શૌચાલયમાં મહિલાઓનો વીડિયો ઉતારવા બદલ ૧૯ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એલ. ટી. (લોકમાન્ય ટિળક) માર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે આત્મારામ મર્ચન્ટ રોડ પર જયહિંદ એસ્ટેટ બિલ્ડિંગ ખાતે બુધવારે સાંજે આ ઘટના બની હતી.

મહિલા એક છોકરી સાથે શૌચાલયમાં ગઇ ત્યારે કોઇ ચોરીછૂપે વીડિયો ઉતારી રહ્યું હોવાનું ધ્યાનમાં આવતાં તેણે નજીકમાં હાજર પોલીસ કર્મચારીઓને આની જાણ કરી હતી.

દરમિયાન પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ત્યાં દોડી આવ્યા હતા અને યુવકને તાબામાં લીધો હતો, જેની ઓળખ રંજનકુમાર ચૌપાલ તરીકે થઇ હતી, જે આ વિસ્તારમાં આવેલી હૉટેલમાં વેઇટર તરીકે કામ કરતો હતો.

મહિલાએ આ પ્રકરણે ફરિયાદ નોંધાવવાનો ઇનકાર કર્યો હતો, પણ પોલીસની ફરિયાદને આધારે રંજનકુમાર સામે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રંજનકુમારની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## ૮.૬૬ કરોડનું કોકેન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને આવેલો વિદેશી નાગરિક ઍરપોર્ટ પર પકડાયો

મુંબઈ: ૮.૬૬ કરોડ રૂપિયાની કિંમતનું કોકેન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને આવેલા વિદેશી નાગરિકને કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુંબઈ ઍરપોર્ટ પરથી પકડી પાડ્યો હતો.

છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર ૨૪ મેની રાતે ફ્લાઇટમાં યુગાન્ડાથી આવેલા વિદેશી પ્રવાસીને કસ્ટમ્સના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો. પ્રવાસીની પૂછપરછ કરવામાં આવતાં તે ગભરાઇ ગયો હતો અને તેના પેટમાં ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ હોવાનું તેણે કબૂલ કર્યું હતું. આથી તેને જે. જે. હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

હૉસ્પિટલમાં તેના પેટમાંથી કૅપ્સ્યૂલ્સ કઢાવતાં ત્રણ દિવસ લાગ્યા હતા. બુધવાર સુધી તેણે બધી કૅપ્સ્યૂલ્સ બહાર કાઢી હતી. એ કૅપ્સ્યૂલ્સમાંથી ઉચ્ચ ગુણવત્તાનું ૮૬૬ ગ્રામ કોકેન મળી આવ્યું હતું, જેની કિંમત ૮.૬૬ કરોડ રૂપિયા થાય છે. ■

# જૈન મરણ

શારદાબેન મુકુંદરાય દોશી (ઉં.વ. ૯૩) રશ્મિનભાઈ, વિભાબેન, નયનાબેન અને સુરભિબેનના માતુશ્રી. રિદ્ધિબેન, દિલીપભાઈ, દિનેશભાઈ તથા રાજેન્દ્રભાઈના સાસુમા. ઋતુરાજ દોશી ઋજુતાબેનના દાદીમા. હિમલ જસાણી, મહર્ષ કાપડિયાનાં દાદીસાસુમા. તા. ૨૮ મે, ૨૦૨૫, બુધવારના અરિહંતશરણ પામ્યા છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કલાવંતીબેન સુખલાલ કામદાર (મડીયા)ના પુત્રવધૂ અ.સૌ. કિરણબેન (ઉં.વ. ૭૧) તે નરેશભાઈ (નાનજી)ના ધર્મપત્ની. તે પીનાંક તથા મીરાના માતુશ્રી. તે વૈભવી તથા ધવલ દેસાઈના સાસુ. તે મહેન્દ્રભાઈ, સ્વ. રજનીભાઈ, સ્વ. મહેશભાઈના ભાઈના ધર્મપત્ની. તે નૌતમલાલ હેમચંદ ગાંધી (રાજકોટ)ની સુપુત્રી બુધવાર, તા. ૨૮-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૩૧-૫-૨૫ના ૪થી ૬. સ્થળ: અમૃતતારા બેન્કવેટ હોલ, એન.એસ.એમ. સ્કૂલ, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રદ્ધાનંદ રોડ, નવપાડા, વિલેપાર્લે (ઈસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુંબઇ પ્રભાવતી હરખચંદ વિરચંદ ગાંધીના સુપુત્ર બીપીનચંદ્ર (ઉં. વ. ૭૪) તા. ૨૮-૫-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે તરુણાબેનના પતિ. તેજલ-વિશાલ તથા સોનલ-નિલેશના પિતાશ્રી. જયંતિલાલ વિરચંદ તથા શાંતિલાલ વિરચંદના ભત્રીજા. દીપકભાઇ, પ્રકાશભાઇ, છાયાબહેન, સરલાબહેન અને પ્રવિણાબહેનના મોટા ભાઇ. મહુવા નિવાસી બાબુલાલ નાનચંદ રવાસાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લિંબડી નિવાસી હાલ કાંદીવલી નગીનદાસ ગોસલીયા (ઉં. વ. ૮૮) તા. ૨૭-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મરઘાબેન પ્રેમચંદ ગોસલીયાના સુપુત્ર. સ્વ. ઉર્મિલાબેનના પતિ. ચિરાગ, મીતા, મીરા, અલ્પાના પિતા. હેતલ, વિજયકુમાર, નીરવકુમારના સસરા. તે સ્વ. ધીરજલાલ, લીલીબેન, સ્વ. સુશીલાબેન, અ. સૌ. પ્રજ્ઞા (પ્રભા)ના ભાઇ. સ્વ. સુશીલાબેન કાંતિલાલ ત્રીભોવનદાસ શાહના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૫-૨૫ના શુક્રવારે. ઠે. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ), બપોરના ૩થી ૫. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી હાલ ઉમરગામ અ. સૌ. હસુમતી ટીંબડીયા (ઉં. વ. ૮૭) જે પ્રાણલાલ ટીંબડિયાના ધર્મપત્ની. વલ્લભજી કેશવજી ટીંબડિયાના પુત્રવધૂ અને હરજીવન કેશવજી ટીંબડિયાના ભત્રીજા વહુ. બુધવારે તા. ૨૮-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પિયર સાવરકુંડલા નિવાસી દુર્લભજી હરિચંદ સંઘવીના પુત્રી. સીતુ સમીર વોરાના માતુશ્રી. ઠે. બી૧૦૪, નિધી સોસાયટી, ભક્તિનગર, ગંગાદેવી રોડ, ઉમરગામ, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના શાંતીલાલ લાલજી ધરોડ (કીકા શેઠ) (ઉં. વ. ૭૫) તા. ૨૭-૫-૨૫ના અરિહંત શરણ પામેલ છે. પુરબાઇ લાલજી દેવજીના પુત્ર. ઉર્મીલાના પતિ. શિલ્પેશ, દિપેનના પિતા. માવજી, ભવાનજી, મહેન્દ્ર, હસમુખ, સરલા, મીના/તરૂલતાના ભાઇ. ગુંદાલાના કસ્તુરબેન મેઘજી મુરજીના જમાઇ. પ્રા. વ.સ્થા.જૈન શ્રી સંઘ સંચાલિત શ્રી કરસન લઘુ હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. શાંતીલાલ ધરોડ, ૪૦૧, પાર્શ્વ એપાર્ટમેન્ટ, આંબેડકર રોડ, મુલુંડ (વે.)

ત્રગડી (સંભવપુર)ના રમણીકલાલ જાવડ મારૂ (ઉં. વ. ૮૧) તા. ૨૭-૫-૨૫ના અવસાન પામેલ છે. મમીબાઈ જાવડના સુપુત્ર. મણીબેનના પતિ. મયંક, પરેશના પિતાશ્રી. સ્વ. વીરચંદ, સ્વ. જયંતી, પ્રવિણ, વલ્લભજીના ભાઈ. ગંગાબેન પ્રેમજી ગોગરીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિ.: મણીબેન આર. મારૂ, બી/૩૦૬, જયેશ જ્યોત, સેનાપતી બાપટ માર્ગ, ડોંબિવલી (ઇ).

કાંડાગરાના રતનબેન છેડા (ઉં. વ. ૮૭) ૨૮-૫ના અવસાન પામ્યા છે. નેણબાઇ મુરજી છેડાના પુત્રવધૂ. વીરજીભાઇના ધર્મપત્ની. નવીનારના સ્વ. પુરબાઇ કારૂ દનાના પુત્રી. નાના ભાડીયા સ્વ. ભાનુબેન, કાંડાગરા પ્રવીણાના માતુશ્રી. નવીનાર ભાણજી, વીરજી, ગાંગજી, મણીબેન પ્રેમજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. એ. બીપીન છેડા, નીલમ સોસાયટી, ફ્લેટ નં. ૬૦૨, છઠ્ઠે માળે, રઘુવંશી હોલની સામે, ખારકર આળી, થાણા (વે).

રાયધણજરના કંચનબેન તલકશી ગડા (ઉં. વ. ૬૬) તા. ૨૮-૫-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મુલબાઇ જેઠુભાઇના પુત્રવધૂ. સ્વ. તલકશીભાઇના પત્ની. ચૈતાલી, કીંજલના માતુશ્રી. નાગલપુર કેસરબેન પ્રેમજી અરજણના પુત્રી. રમેશ, ચંદનબેન, મુંબઇના ધનવંતીના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. કંચનબેન ગડા, સાઇ સંતોષ કો.હા.સોસા., બી /૮, નારાયણનગર, નાલાસોપારા (ઇ.).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઇ સ્વ. ભરત ડાઘા (ઉં. વ. ૪૯) મંગળવાર તા. ૨૭-૫-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. સોનાબેન તેજશી લાલજીના પૌત્ર. માતુશ્રી સ્વ. મોંઘીબેન સ્વ. મુરઇબેન હિરજીના પુત્ર. મીનાબેનના પતિ. હેત, વિનયના પિતાશ્રી. મનસુખ, પ્રેમજી, ગુણવંતી, સંગીતાના ભાઇ. ગામ મનફરાના ગં. સ્વ. પુષ્પાબેન પ્રેમજી કારીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નવાગામ ભચાઉ હાલ થાણાના અ. નિ. ડુંગરશી ગોપાલ નિસર (ઉં. વ. ૯૫) તા. ૨૭-૫-૨૫ મંગળવારના અ. નિ. થયેલ છે. ચાંપુબેનના પતિ. અમરશી, રસીક, રમેશ, વનીતાના પિતાશ્રી. નયના, જયા, ઉર્મિલા, પ્રવિણના સસરા. ચિરાગ, ખુશ, ચાર્મી, નેહલ, નિદ્ધિ, શ્રેયા, ધ્વનીના દાદા. હેતલ, નિકુંજના નાના. નવાગામના સ્વ. પુંજીબેન કાનજી ખુથીયાના જમાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૩૦-૫-૨૫ના બપોરે ૩થી ૪.૩૦. ઠે. યોગીસભા ગૃહ, દાદર (ઇસ્ટ).

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# હિન્દુ મરણ

**નવગામ ભાટીયા**

ધ્રોલ નિવાસી હાલ ભાંડુપ ઉષા વેદ (ઉં. વ. ૭૩)તે સ્વ. રૂક્ષ્મણી ચુનીલાલ વેદના પુત્રવધૂ. મહેન્દ્ર ચુનીલાલ વેદના ધર્મપત્ની. સ્વ. લીલાવતી છગનલાલ સંપટના પુત્રી. અ. સૌ. શ્વેતા જીવંત આશરના માતુશ્રી. ગીતા વિજય વેદ, અ. સૌ. કિરણ મનોજ શ્રોફ, અ. સૌ. વીણા હર્ષદ સંપટના ભાભી. તે સ્વ. જીતેન્દ્ર, સ્વ. જોત્સના મહેશ, અશ્વિન, સ્વ. ભૂપત, સ્વ. ઇલા તથા સ્વ. બિંદુના બેન, તા. ૨૮-૫-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૫-૨૫ શુક્રવારના ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, ગરોડિયા નગર, લવંડર બાગની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

દાઠા નિવાસી હાલ ભાંડુપ સ્વ. નલિનભાઇ દલપતરાયના સુપુત્ર મેહુલ નલિનભાઇ ઓઝા (ઉં. વ. ૫૩) તા. ૨૭-૫-૨૫ મંગળવારના દેવલોક પામ્યા છે. જસ્મીનાબેનના પતિ. તે દિશા-પ્રણવના પપ્પા. ડિમ્પલબેનના ભાઇ. રાજેન્દ્રકુમારના સાળા. દિલીપભાઇ અને પૂર્ણિમાબેનના ભત્રીજા. લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ વણોટ-વાવેરા હાલ મુંબઈ, સ્વ. નંદુબેન જયસિંગ બારીયા જે સ્વ. જયસિંગ મનસૂર બારીયાના ધર્મપત્ની. સ્વ. પીઠીબેન અને સ્વ. મનસૂરભાઈ બારીયાના પુત્રવધૂ. સ્વ. ડાહીબેન અને સ્વ. મેઘજીભાઈ વાઘના દીકરી. રાજેશ આશા, કિરણના માતૃશ્રી. નરેશ ચંદ્રીકા અનિતાના સાસુમા. તેમનું અવસાન ૨૦/૦૫/૨૫ના થયેલ છે. તેમની બારમાંની વિધિ શનિવાર તા.૩૧/૦૫/૨૫ના ૫ તેમના નિવાસ એ૪ મહાલક્ષ્મી હાઈટસ, વીર મેધમાયા રોડ, તુલસીવાડી. મું. ૩૪.

**કપોળ**

અમરેલીવાળા, સ્વ. ત્રિવેણીબેન છગનલાલ લક્ષ્મીદાસ પારેખના પુત્ર પ્રવિણચંદ્ર (ઉં. વ. ૮૮) તે નિર્મળાબેનના પતિ. નીતિન, અનીશ અને ક્રિષ્નાના પિતાશ્રી. મયુરી, હિના તથા કલ્પેશના સસરા. અનંતરાય, હર્ષદરાય, સ્વ. દમયંતી વેણીલાલ, ગં.સ્વ. હેમલતા ચુનીલાલ, ગં. સ્વ. સુશીલા નટવરલાલ, ગં.સ્વ. પ્રતિભા મુરલી, અ.સૌ.રેખા નરેન્દ્રના ભાઈ. સસરાપક્ષે સ્વ. વનરાવનદાસ ભગવાનદાસ મેહતા (શિહોરવાળા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા.૩૧.૦૫.૨૫ શનિવારના ૫ થી ૭. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**પોરેચા દશા મોઢ માંડલિયા વણિક**

મુંબઇ નિવાસી સ્વ. મણીબેન જગમોહનદાસ પ્રેમજી મહેતાના સુપુત્ર ઇશ્વરદાસ મહેતા (ઉં. વ. ૮૭) બુધવાર તા. ૨૮-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ઉદય, પરાગ, દિપલના પિતાશ્રી. પ્રીતિ, અલ્પા, હેતલના સસરા. વિભા, શુભ, પલ, પરીના દાદા. નવીનચંદ્ર, ધીરજલાલ, સ્વ. નરેન્દ્ર, સ્વ. કુસુમબેન, સ્વ. તરુણાબેન, ભારતીબેનના ભાઇ. સ્વ. જશવંતીબેન જમનાદાસ કપૂરચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

ગોંડલ નિવાસી કોચીનવાળા હાલ મુંબઇ દિલીપ સંપટ (ઉં.વ. ૭૪) સ્વ. લલીતાબેન સુંદરદાસ સંપટના પુત્ર. ઉર્મિલાના પતિ. ધર્મેશ, નિકુંજના પિતાશ્રી. ચિરાગીના સસરા. નરેન્દ્ર, સ્વ. બીપીન, મહેશ, કોકીલા, આશા, કીર્તિના ભાઇ. સ્વ. લાભુબેન અમૃતલાલ આશરના જમાઇ. તા. ૨૫-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પોલીસ કર્મચારીઓ પણ ક્યારેક ગુનાઓમાં સંડોવાયેલા હોય છે

### મહારાષ્ટ્રના પ્રધાનનું ચોંકાવનારું નિવેદન

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્રના પ્રધાન અને શિવસેનાના નેતા સંજય શિરસાટે ગુરુવારે એવું ચોંકાવનારું નિવેદન કર્યું હતું કે પોલીસ કર્મચારીઓ પણ ક્યારેક ગુનાઓમાં સંડોવાયેલા જોવા મળે છે.

છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારો સાથે વાત કરતા પાલક પ્રધાન શિરસાટે એમ પણ કહ્યું હતું કે જો પોલીસને મુક્ત રીતે કામ કરવાની તક આપવામાં આવે તો તેઓ એક જ દિવસમાં સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓનો અંત લાવી શકે તેમ છે. પોલીસ વિભાગ રાજ્યના ગૃહ મંત્રાલય હેઠળ આવે છે, જે હાલમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ છે.

સામાજિક ન્યાય ખાતાનું પ્રધાનપદ સંભાળતા શિરસાટ ઔરંગાબાદ (પશ્ચિમ) વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. શહેરના એક ઉદ્યોગપતિના ઘરેથી લૂંટારુઓની ટોળકીએ ૫.૫ કિલોગ્રામ સોનું અને ૩૨ કિલોગ્રામ ચાંદી લૂંટી લીધાના પખવાડિયા બાદ તેમનું આ નિવેદન આવ્યું છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું પોલીસ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી છે, ત્યારે શિરસાટે કહ્યું હતું કે, 'કેટલીકવાર અમને પોલીસ કર્મચારીઓ ગુનાઓમાં સંડોવાયેલા જોવા મળે છે. ડાકુઓ બીજા રાજ્યોમાંથી આવતા નથી અને પોલીસ પાસે તેમના વિશે ઓછામાં ઓછી કેટલીક માહિતી તો હોય જ છે. જો પોલીસ નક્કી કરે અને તેમને છૂટ આપવામાં આવે, તો તેઓ માત્ર ૨૪ કલાકમાં ગુનાનો અંત લાવી શકે છે.'

'જ્યારે આપણે નેતાઓ છૂટો દોર આપીએ ત્યારે આવી ઘટનાઓ ન થવી જોઈએ, પરંતુ જ્યારે આવી ઘટનાઓ બને છે ત્યારે આપણે કહી શકીએ છીએ કે તેમની (પોલીસ) સંડોવણી હોઈ શકે છે,' એમ તેમણે કહ્યું હતું.

શિરસાટે કહ્યું કે પોલીસે અત્યાર સુધીમાં ઉદ્યોગપતિના ઘરમાંથી લૂંટાયેલું ૩૨૦ ગ્રામ સોનું જપ્ત કર્યું છે. 'બાકીનું સોનું ક્યાં ગયું?' એવો સવાલ તેમણે કર્યો હતો.

આ દરમિયાન, વિપક્ષ શિવસેના (યુબીટી)એ શિરસાટના પુત્ર દ્વારા અહીં એક હોટલ ખરીદવામાં સામેલ નાણાંના સ્રોત પર ઉઠાવેલા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે ૬૭ કરોડ રૂપિયાની મિલકત ૭૫ ટકા લોનથી ખરીદવામાં આવી રહી છે.

આ પહેલાં શિવસેના (યુબીટી)ના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે દાવો કર્યો હતો કે, 'એક પ્રધાનના પુત્ર દ્વારા એક મુખ્ય સ્થાન પરની મિલકત ૬૭ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી.' તેઓ દેખીતી રીતે નામ લીધા વગર પ્રધાન શિરસાટના પુત્ર સિદ્ધાંતનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

તેમણે આ સોદામાં સામેલ નાણાંના સ્રોત પર પણ સવાલ ઉઠાવ્યો હતો કે 'પૈસા ક્યાંથી આવ્યા?...'

બુધવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ ફડણવીસને પત્ર લખીને એવો આરોપ લગાવ્યો હતો કે હોટલની હરાજીમાં ફક્ત ત્રણ કંપનીઓએ ભાગ લીધો હતો અને ત્રણેય કંપનીઓ દ્વારા ટાંકવામાં આવેલી રકમનો તફાવત ખૂબ જ ઓછો હતો. તેમણે પત્રમાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે તે કોઈના દબાણને કારણે થઈ રહ્યું છે.

આરોપોનો જવાબ આપતા મંત્રી શિરસાટે કહ્યું, 'હોટલનો ખર્ચ ૬૭ કરોડ રૂપિયા છે અને ૭૫ ટકા રકમ બેંક પાસેથી લોન દ્વારા ઉભી કરવામાં આવશે. આ લોનની રકમ ૫૦ કરોડથી ૫૫ કરોડ રૂપિયા હતી. સોદાના ભાગ રૂપે પાંચ ભાગીદારોએ ૩ કરોડથી ૩.૫ કરોડ રૂપિયા દરેક ચૂકવવાના રહેશે. ■

# ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કપડા સૂકવવાના સ્ટેન્ડ**

ઓછી જગ્યામાં વધારે કપડાં સૂકવી શકાય તેવા પોર્ટેબલ, ફોલ્ડીંગ, વોલ માઉન્ટીંગ, સીલીંગ, ફ્લોર સ્ટેન્ડીંગ, પાવડર કોટેડ, સ્ટે.સ્ટીલ, પ્લાસ્ટિક, ઈમ્પોર્ટેડ તથા ઈન્ડીયનમાં ઘણીબધી વેરાયટીઝ. ગેરન્ટી/વોરંટી સાથે હોલસેલ ભાવે છૂટક વેચાણ. લેડીઝ, જેન્ટસ અમ્બ્રેલા (છત્રીઓ), બકેટમોપ, મેટસ્, અમ્બ્રેલા બીનસ્ તદ્ઉપરાંત કીચનને લગતી દરરોજ ઉપયોગમાં આવે તેવી ઘરવખરીની ૩૫૦૦૦/ થી વધારે બ્રાન્ડેડ ક્વોલીટી પ્રોડક્ટસ્. નજદીક તથા લાંબે રહેનાર દરેક ભાઈ બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. આવશ્યક્તા હશે તો મુંબઈમાં કોઈપણ એરીયામાં ફ્રી હોમ ડિલીવરી થઈ જશે. ત્રણેય શોરૂમ ૩૬૫ દીવસ ખુલ્લા સમય સવારના ૧૦ થી સાંજે ૯ સુધી. સારી વસ્તુઓના વેચાણ કેન્દ્રો: (૧) મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે.રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪ મો. ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ૭૫૦૬૭૫૨૩૭૫ (૨) મહાવીર હોમ સ્ટોર, કુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે ચેમ્બુર, મુંબઈ ૭૧. મો. અશ્વિનભાઈ-૮૮૫૦૫૫૫૦૨૬ (૩) મહાવીર હોમ સ્ટોર, અગાશી રોડ, વિઠ્ઠલમંદીરની સામે વિરાર (વે.) વિશાલ ૯૩૨૧૦૬૬૪૮૩. (એસડીબી-૨૬૪૫)

**સાવધાન**

કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન. જામનગરના જાણીતા સુતરીયા મસાલાવાળા. સુપરમાર્કેટમાં આવેલ દુકાન સિવાય અમારી મુંબઈ મુકામે કોઈ દુકાન કે બ્રાંચ નથી. માટે કોઈના કેવાથી કે મળતા નામથી સાવધાન રહેજો. જામનગર સંપર્ક કરો 9825299844. (બી-૧૬૦૨૮)

### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

અયોધ્યા, પ્રયાગ, કાશી, વિશ્વનાથ સાથે નેપાળ, પશુપતિનાથ. 28 જૂન, ડીલક્સ હોટેલ અષ્ટવિનાયક 20 જૂન. 9820164007, 9892268667. (૧૫૯૬૨-એ)

### ૧૪. નોકરી ખાલી છે

■ સરકારી, ધંધાદારી નિવૃત્ત ભાઈ/બહેનોને અનલિમિટેડ કમાવાની સુવર્ણ તક SSC પાસ 8169881070. (બી-૧૬૦૦૬)

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16029)

### ૧૭. જગ્યા આપવી છે

**140 SQ. FT. OFFICE CARpet area on First Floor Near Vile Parle West Station on Tenancy Right Basis. Contact 9920184440 / 9322269717. (B-16004)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**

ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૪૦)

### ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૬૦૨૨)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

છેલ્લા પાનાનું ચાલુ

## નાગપુરની મહિલા

ઝીરો એફઆઈઆર નોંધવામાં આવી હતી.

'અમૃતસરમાં નોંધાયેલી ઝીરો એફઆઈઆરના આધારે જામગડેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને કપિલ નગર પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી,' એમ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઝોન-૫) નિકેતન કદમે જણાવ્યું હતું.

પોલીસ અધિકારીઓ પાકિસ્તાનમાં રહેતા વ્યક્તિઓ સાથેના તેના સંબંધો અંગે પૂછપરછ કરવાનો ઇરાદો ધરાવે છે, જેમની સાથે તે ઘણા મહિનાઓથી સંપર્કમાં હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેઓ ખાસ કરીને એ જાણવામાં રસ ધરાવે છે કે તેણે પાકિસ્તાની નાગરિકો સાથે કેવા પ્રકારની માહિતી શેર કરી હશે, જેમાં જુલ્ફીકાર અને પાદરી તરીકે ઓળખાતા વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

કપિલ નગર પોલીસ સ્ટેશન વિસ્તારના સંત કબીર નગરની રહેવાસી જામગાડે ચોથી મેના રોજ તેના ૧૩ વર્ષના પુત્ર સાથે નાગપુરથી કારગિલ પહોંચી હતી, જ્યાંથી તે ૧૪ મેના રોજ પાકિસ્તાન ગઈ હતી. પોલીસે જણાવ્યું છે કે તે નિયંત્રણ રેખા (એલઓસી) પાર કરતા પહેલાં તેના પુત્રને પાછળ છોડી ગઈ હતી.

સરહદ પાર કર્યા પછી પાકિસ્તાની દળોએ તેને પકડી લીધી હતી અને શનિવારે વાઘા સરહદ પર ભારતીય અધિકારીઓને સત્તાવાર રીતે સોંપવામાં ન આવે ત્યાં સુધી તેને કસ્ટડીમાં રાખી હતી, એમ તેમણે જણાવ્યું હતું. ■

## કોઈ ભંડોળ

યોજનાઓ અને માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' સ્પષ્ટપણે વ્યક્તિગત લાભદાયક યોજનાઓમાં બંધબેસે છે, આમ ઉપરોક્ત વિભાગો હેઠળ તેના ખર્ચને યોગ્ય ઠેરવે છે. તેમણે એવો પુનરોચ્ચાર કર્યો કે નાણા વિભાગ ધરાવતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પહેલાથી જ આ બાબતો જાહેરમાં સ્પષ્ટતા કરી દીધી છે.

ફડણવીસે નોંધ્યું હતું કે ૨૦૨૫-૨૬ માટે આદિવાસી અને સામાજિક ન્યાય વિભાગોના બજેટમાં લગભગ ૧.૪૫ ગણો નોંધપાત્ર વધારો થયો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે લાડકી બહેન યોજના હેઠળ સંબંધિત ભંડોળનું વિતરણ ફક્ત હિસાબનો વિષય હતો અને કોઈ ગેરરીતિનો સંકેત આપતો નથી.

ફડણવીસે બજેટ નિયમો સમજાવ્યા હતા, જેમાં સૂચવવામાં આવ્યું કે આદિવાસી અને અનુસૂચિત જાતિઓ માટેની ફાળવણી તેમની વસ્તીના પ્રમાણમાં હોવી જોઈએ, પરંતુ વ્યક્તિગત લાભોને ધ્યાનમાં રાખીને યોજનાઓને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે લાડકી બહેન યોજના આ માપદંડમાં બંધબેસે છે અને તેથી તેનું ભંડોળ બજેટની માર્ગદર્શિકા મુજબ આદિવાસી વિભાગ હેઠળ સૂચિબદ્ધ થવું જોઈએ. ■

## પાકિસ્તાનને

કરવામાં આવ્યો હતો અને વર્માની બાદમાં ધરપકડ કરાઇ હતી. દરમિયાન વર્માને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેને સોમવાર સુધીની એટીએસ કસ્ટડી ફટકારાઇ હતી.

એટીએસના અધિકારીઓ વર્માનો મોબાઇલ તથા ગેજેટ્સની તપાસ કરી રહી છે, જેનો ઉપયોગ પાકિસ્તાની ઇન્ટેલિજન્સ ઓપરેટિવને સંવેદનશીલ માાહિતી પૂરી પાડવા માટે કરવામાં આવ્યો હતો, એમ અધિકારીએ કહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે જાસૂસીના કથિત આરોપસર પંજાબમાંથી છ જણ, હરિયાણામાંથી પાંચ તેમ જ ઉત્તર પ્રદેશમાંથી એકની ધરપકડ કરાઇ હતી. પકડાયેલા ૧૨ જણમાં હરિયાણાની મહિલા યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાનો સમાવેશ હતો. જ્યોતિ મલ્હોત્રા અને પંજાબની ગઝાલા દિલ્હીમાં પાક એલચી કચેરીમાં કામ કરતા પાકિસ્તાની અધિકારીના સંપર્કમાં હતી. ■

## ટૂંક સમયમાં

કરશે. ટૂંક સમયમાં હું મહારાષ્ટ્રમાં સ્ટેન્ડ-અપ કોમેડી શો કરીશ.

કુણાલ કામરાની વાયરલ પોસ્ટ પર દેવેન્દ્ર ફડણવીસના ફેન પેજ દ્વારા આપવામાં આવેલા પ્રતિભાવે બધાનું ધ્યાન ખેંચ્યું. 'દર વખતે જ્યારે ચૂંટણી નજીક આવે છે, ત્યારે તમારા શો રાજકીય રેલીઓમાં ફેરવાઈ જાય છે. પ્રેક્ષકોમાં ચાર જ લોકો હોય છે, પરંતુ ધ્યાન આકર્ષિત કરવા માટે ૪૦૦ ટ્વીટ કરવામાં આવે છે. તમારી અવગણના કરવામાં આવતી નથી, તમે ફક્ત બિનમહત્વપૂર્ણ છો,' એમ તેમણે કહ્યું હતું. ■



**હરિયાળી...:** મુંબઈમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે અને પહેલા વરસાદે જ શહેર આખું પાણી-પાણી થઈ ગયું હતું. હેરિટેજ રાજાબાઈ ટાવરને ત્યાં ઓવલ મેદાન લીલુંછમ દેખાઈ રહ્યું છે. (અમય ખરાડે)

# મધ્ય-પશ્ચિમ રેલવે દ્વારા ઓટોમેટિક ડિજિટલ રેઈન-ગેજ રેકોર્ડર બેસાડવામાં આવી રહ્યા છે

મુંબઈ: મુંબઈમાં ૨૬ મેના રોજ પડેલા વરસાદથી પ્રેરણા લઈને, રેલવે હવે બે મહત્વપૂર્ણ પગલાં લઈ રહી છે. લગભગ મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવે ઉપનગરીય કોરિડોર પર ઓટોમેટિક ડિજિટલ રેઈન-ગેજ રેકોર્ડર તેમજ બાઉન્ડરી વોલ પર બેરિકેડ્સ બેસાડી રહી છે.

ચર્ચગેટ-વિરાર વચ્ચે ૧૮ અને સીએસએમટી-કસારા/કર્જત/પનવેલ કોરિડોર પર ૨૪ ઓટોમેટિક ડિજિટલ રેઈન ગેજ રેકોર્ડર બેસાડવામાં આવ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, અમે હાર્બર લાઇન પર પાંચ સ્થળોએ ઓટોમેટેડ ડિજિટલ રેઈન ગેજ ઇન્સ્ટોલ કર્યા છે, સીએસએમટી અને કલ્યાણ વચ્ચે ૧૫ અને કલ્યાણ-કસારા, કલ્યાણ-કર્જત અને પનવેલ-રોહા વચ્ચે ૩-૩ સ્થળોએ ઓટોમેટેડ ડિજિટલ રેઈન ગેજ ઇન્સ્ટોલ કર્યા છે. દરેકની કિંમત લગભગ ₹૭૦,૦૦૦ છે. ભૂતકાળમાં પાણી ભરાવાના ઇતિહાસ અને ટ્રેક લેવલના આધારે રેઈન-ગેજ રેકોર્ડરના સ્થાનો નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપકરણો રેલ અધિકારીઓને વરસાદની ગતિ અને માત્રાનો અંદાજ લગાવવામાં અને પાણી ભરાવાથી બચવા માટે પૂરતા પગલાં લેવામાં મદદ કરશે. એક રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે,રેનગેજ રેકોર્ડર વરસાદ, તાપમાન, દબાણ, ભેજ અને પવનની ગતિ અને દિશા માપશે. વરસાદનું નિરીક્ષણ કરીને માહિતી રેલવેના કંટ્રોલ રૂમને મોકલશે. તે કલાકદીઠ વરસાદનો ડેટા, ચક્રવાતની સ્થિતિ અને હવામાન વિભાગની ચેતવણીઓ ફિલ્ડ સ્ટાફને મોકલશે, જેથી જાણવણી ટીમો તાત્કાલિક જરૂરી પગલાં લઇ શકે. આ ડેટા થોડા મહિનાઓ માટે સંગ્રહિત કરી શકાય છે અને જ્યારે જરૂર પડે ત્યારે મેળવી શકાય છે. ચર્ચગેટ-વિરાર પટ્ટામાં સંબંધિત સેક્શન એન્જિનિયરો દ્વારા આ ઉપકરણોનું સંચાલન કરવામાં આવશે. ■

# ₹૬૦ કરોડના લક્ઝરી ફર્નિચર આયાત કૌભાંડનો પર્દાફાશ: બેની ધરપકડ

મુંબઈ: મુંબઈમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)એ ૬૦ કરોડ રૂપિયાના લક્ઝરી ફર્નિચરના મોટા આયાત કૌભાંડમાં કથિત સંડોવણી બદલ બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. આરોપીઓ, મેસર્સ ડિઝાઇન ડીકોડના માલિક રિઝવાન ઇકબાલ ચુનાવાલા (૪૯) અને આઇસીઇ ધારક સાજિદ હનીફ જાડા (૪૪) ને કસ્ટમ્સ એક્ટ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. તેઓએ નોંધપાત્ર કસ્ટમ્સ ડ્યુટી ચોરી માટે આયાતી લક્ઝરી ફર્નિચરનું ઓછું મૂલ્યાંકન કર્યું હતું.

ડીઆરઆઇ અધિકારીઓએ મેસર્સ ડિઝાઇન ડીકોડ સામે વિગતવાર તપાસ શરૂ કરી છે. તેમના પર સપ્ટેમ્બર ૨૦૨૧ થી વિદેશથી આયાત કરાયેલ લક્ઝરી ફર્નિચર વસ્તુઓ માટે નોંધપાત્ર રીતે ઓછા મૂલ્યો જાહેર કરવા માટે આયાત દસ્તાવેજોમાં છેડછાડ કરવાનો આરોપ છે.

તપાસ મુજબ, કંપનીએ ૩૯૨ બિલ ઓફ એન્ટ્રી દ્વારા ૨૪ કરોડ રૂપિયાની આયાત જાહેર કરી હતી. જોકે, આ કન્સાઇન્મેન્ટનું વાસ્તવિક મૂલ્ય ૬૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. રિપોર્ટ મુજબ, આ ખોટી જાહેરાતના પરિણામે કસ્ટમ ડ્યુટી, ઇન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ આઇજીએસટી અને સોશિયલ વેલ્ફેર સરચાર્જ (એસડબ્લ્યુએસ)ની ૨૦ કરોડ રૂપિયાથી વધુની ચોરી થઈ હતી. ■



# મ્યુચ્યુઅલ ફંડ અંગેની સામાન્ય ખોટી માન્યતાઓનો પર્દાફાશ: કાલ્પનિક માન્યતાઓનો હકીકતથી અલગાવ

**- રોહિત મટ્ટૂ, નેશનલ હેડ (રિટેલ સેલ્સ), એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે ઘણી ગેરસમજો પ્રવર્તે છે, અને આ ખોટી માન્યતાઓ સંભવિત રોકાણકારોને ગેરમાર્ગે દોરી શકે છે આ લેખમાં હકીકતોને સ્પષ્ટ કરીશું જેથી રોકાણકારો રોકાણ માટે વધુ માહિતીપ્રદ પસંદગીઓ કરી શકે.

☒ **ખોટી માન્યતા : મ્યુચ્યુઅલ ફંડ ફક્ત ધનિકો માટે જ છે**

☑ **હકીકત: મ્યુચ્યુઅલ ફંડ બધાની પહોંચમાં છે.**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશાળ શ્રેણીના રોકાણકારો માટે સુલભ હોય તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યા છે, અને એવી ઘણી યોજનાઓ છે જે તમને સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા દર મહિને ₹૫૦૦ અથવા ₹૧૦૦ જેટલા ઓછા યોગદાનથી રોકાણ શરૂ કરવાની મંજૂરી આપે છે. SIPની સુગમતા રિટેલ રોકાણકારોને નાના, નિયમિત યોગદાન સાથે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની સવલત આપે છે. આ સિસ્ટમ જેઓ રોકાણ નવા છેએવા લોકો માટે ફાયદાકારક છે.

☒ **ખોટી માન્યતા : મ્યુચ્યુઅલ ફંડ્સ સમજવામાં મુશ્કેલ છે.**

☑ **હકીકત: મ્યુચ્યુઅલ ફંડ્સ દેખાય છે તેના કરતાં સરળ હોય છે, રોકાણકારોને શિક્ષિત કરવા માટે પુષ્કળ સંસાધનો ઉપલબ્ધ છે.**

મ્યુચ્યુઅલ ફંડને સમજવા નિપુણ જ્ઞાનની જરૂર હોય છે. એ સાચું છે કે મ્યુચ્યુઅલ ફંડ્સમાં વિવિધ શબ્દો અને ખ્યાલો સામેલ હોય છે, પણ તેમને સમજવા ખૂબ જટિલ નથી. ફંડ હાઉસ ફેક્ટ શીટ્સ અને ફંડ પ્રેઝન્ટેશન જે ફંડની માહિતીની રૂપરેખા, રોકાણની વ્યૂહરચના, સંપત્તિની ફાળવણી અને ભૂતકાળની કામગીરીનો સમાવેશ થાય છે. વધુમાં, અસંખ્ય ઓનલાઈન પ્લેટફોર્મ, વિતરકો સહિતની સલાહકાર સેવાઓ અને શૈક્ષણિક સંસાધનો મ્યુચ્યુઅલ ફંડ્સના રહસ્યને દૂર કરવામાં મદદ કરે છે, જે તેમને તમામ પૃષ્ઠભૂમિના રોકાણકારો માટે સુલભ બનાવે છે. નેટ એસેટ વેલ્યુ (NAV), ખર્ચનો ગુણોત્તર અને એસેટની ફાળવણી જેવા ખ્યાલોને સમજવાથી રોકાણકારોને તકનીકી શબ્દભંડોળમાં ખૂબ ઊંડા ઊતર્યા વિના વધુ જાણકાર નિર્ણયો લેવામાં મદદ મળી શકે છે.

☒ **ખોટી માન્યતા : બજારનો સમય મહત્ત્વપૂર્ણ છે**

☑ **હકીકત: બજારમાં પ્રવેશવા કોઈ યોગ્ય સમય હોતો નથી.**

એક માન્યતા એવી છે કે બજારમાં પ્રવેશવાનો એક ચોક્કસ સમય હોય છે, જે લલચામણી બાબત હોય છે, વાસ્તવિકતા એ છે કે કોઈ પણ વ્યક્તિ બજાર ક્યારે ટોચ પર અથવા ક્યારે નીચે આવશે તે અંગે નિશ્ચિતપણે આગાહી કરી શકતી નથી. તો, શું તમારે યોગ્ય સમયની રાહ જોવી જોઈએ? જવાબ છે ના. તમે બજારમાં જેટલા લાંબા સમય માટે રોકાણ કરશો, તમારું રોકાણ વધવાની શક્યતા એટલી જ વધુ હશે.

☒ **ખોટી માન્યતા : કોઈપણ પ્રકારનું જોખમ ખરાબ છે**

☑ **હકીકત: જોખમ-સમાયોજિત વળતરને સમજવું એ રોકાણના યોગ્ય નિર્ણયો લેવાની ચાવી છે.**

શિખાઉ રોકાણકારોમાં એક સામાન્ય માન્યતા છે કે જેટલું જોખમ એટલું વળતરની સંભાવના. જોખમને સમજવું અને તેનું સંચાલન કરવું. દરેક રોકાણમાં અમુક સ્તરનું જોખમ હોય છે - સંપૂર્ણપણે જોખમ-મુક્ત સંપત્તિ જેવી કોઈ વસ્તુ નથી હોતી.

**નિષ્કર્ષ:** હકીકતને મિથથી દૂર કરો, ધ્યાનમાં રાખો કે લાંબા ગાળાની સફળતા પ્રાપ્ત કરવા માટે મ્યુચ્યુઅલ ફંડમાં પણ ધીરજ, શિસ્તની જરૂર પડે છે.

# મધ્ય રેલવેમાં પાણી ભરાયા પશ્ચિમ રેલવેમાં કેમ નહીં?

મુંબઈ: મુંબઇમાં આવેલા ભારે વરસાદને કારણે પાટા પર આઠ ઇંચથી વધુ પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે મધ્ય રેલ્વે પરનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો અને મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, પશ્ચિમ રેલવેના કોઈપણ સ્ટેશનના કોઈ પાણી ભરાયા ન હતા. આવું કેમ? એ જાણવાની ઉત્સુકતા મુસાફરોમાં જોવા મળી હતી.

વાસ્તવમાં ચોમાસા પહેલાની નાળાની સફાઈ અને લેવામાં આવેલા વિવિધ પગલાંને કારણે પશ્ચિમ રેલવેના સ્ટેશનો ભારે વરસાદ દરમિયાન પણ પાણી ભરાયા ન હતા. જોકે, મધ્ય રેલ્વેના મુસાફરોને બે દિવસ સુધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પાટા પર પાણી ભરાઈ જવાને કારણે હાર્બર રેલવેની સેવાઓ થોડા સમય માટે સ્થગિત કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવેએ પાટા પર પાણી પ્રવેશતું અટકાવવા માટે માઇક્રો ટનલિંગ કામો, ડ્રેનેજનું વ્યાપક સમારકામ, પાટા પર નવી ડ્રેનેજ સિસ્ટમનું નિર્માણ અને ગટરોની સફાઈ, ઉચ્ચ ક્ષમતાવાળા પંપની સ્થાપના અને ડ્રેનેજ સાથે સલામતી દિવાલનું નિર્માણ કરીને પાણીને પાટા પર પ્રવેશતું અટકાવવામાં સફળતાપૂર્વક સફળતા મેળવી છે. ■

# મુખ્ય પ્રધાનના બંગલાની બહાર આત્મદહનની ધમકી આપનારો પકડાયો

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિવાસસ્થાનની બહાર આત્મદહનની ધમકી આપનારા ૩૯ વર્ષના શખસની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બુધવારે બપોરના આ ઘટના બની હતી. સોલાપુરનો વતની અજિત મૈદાગી બપોરે દક્ષિણ મુંબઈમાં આવેલા ફડણવીસના સત્તાવાર નિવાસસ્થાને 'વર્ષા' બહાર પહોંચ્યો હતો અને આત્મદહનની ધમકી આપી હતી. જોકે અજિત આવું પગલું ભરે એ પહેલાં તેને પકડી પાડવામાં આવ્યો હતો.

પોલીસે તેની પાસેથી પેટ્રોલ ભરેલી બોટલ જપ્ત કરી હતી. સોલાપુર જિલ્લાનો અજિત કોઇ કામ માટે મંત્રાલયમાં ગયો હતો, પણ તેનું કામ થયું નહોતું. આથી તે નારાજ હતો. દરમિયાન અજિત બુધવારે બપોરે આત્મદહનને ઇરાદે ફડણવીસના નિવાસસ્થાન બહાર આવ્યો હતો. ■

# પુણે પોર્શે કાર કેસના આરોપી ડૉક્ટરની કિડની ટ્રાન્સપ્લાન્ટ રૅકેટમાં ધરપકડ

પુણે: પુણેની સસૂન જનરલ હોસ્પિટલના ભૂતપૂર્વ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. અજય તાવરેની એક અગ્રણી ખાનગી હોસ્પિટલમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ રૅકેટમાં પોલીસે ગુરુવારે ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં ગયા વર્ષે ૧૭ વર્ષના સગીરે પોર્શે કાર હંકારી બાઇકને અડફેટમાં લેતાં બે આશાસ્પદ યુવાન-યુવતીનાં મોત થયાં હતાં. આ કેસમાં સગીરને બચાવવા માટે લોહીના નમૂના સાથે ચેડાં કરવા બદલ તાવરેની ધરપકડ કરવામાં આવી હતી. તાવરે હાલ યેરવડા સેન્ટ્રલ જેલમાં છે.


પુણે ક્રાઇમ બ્રાન્ચે હવે તાવરેને અગ્રણી હોસ્પિટલ રૂબી હોલ ક્લિનિક ખાતે વર્ષ ૨૦૨૨માં કિડની ટ્રાન્સપ્લાન્ટ રૅકેટ સંબંધે કસ્ટડીમાં લીધો છે. ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) નિખિલ પિંગળેએ જણાવ્યું હતું કે ડો. અજય તાવરેને કિડની રૅકેટ કેસમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. ૨૦૨૨માં તાવડે કિડની ટ્રાન્સપ્લાન્ટને મંજૂરી આપતી રિજનલ ઓથોરાઇઝેશન કમિટીના પ્રમુખ હતા. પુણે પોલીસે મે, ૨૦૨૨માં રૂબી ક્લિનિકના મેનેજિંગ ટ્રસ્ટી, તેના કર્મચારીઓ સહિત પંદર જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. કોલ્હાપુરની એક મહિલાને પાંચ લાખ રૂપિયાનું વચન આપીને તેને ટ્રાન્સપ્લાન્ટની જરૂર ધરાવતા શખસની પત્નીનો સ્વાંગ ધારણ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેની કિડની બાદમાં મહિલા દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાઇ હતી. આ સામે મહિલાની માતાએ પોતાની કિડની પુરુષને દાન કરી હતી. ૨૯ માર્ચ, ૨૦૨૨ના રોજ રૂબી ક્લિનિકમાં ટ્રાન્સપ્લાન્ટ સર્જરી હેઠળ પસાર થયા બાદ ચાર દિવસ બાદ નાણાંને લઇ વિવાદ ઊભો થતાં મહિલાએ પોતાની અસલી ઓળખ જાહેર કરી હતી, જે પછી આ રૅકેટ પ્રકાશમાં આવ્યું હતું. ■

# કાંજુરમાર્ગ-બદલાપુર વચ્ચે મેટ્રો લાઇન

## ટેન્ડર મંગાવવામાં આવ્યા

મુંબઈ: એમએમઆરડીએ એ બદલાપુરને મેટ્રો સાથે જોડવાના પ્રયાસરૂપે કાંજુરમાર્ગ અને બદલાપુર વચ્ચે મેટ્રો કોરિડોર બનાવવા ખાનગી ભાગીદારની શોધ શરૂ કરી છે. પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી) હેઠળ મેટ્રો-૧૪ના બાંધકામ માટે ઓથોરિટી દ્વારા ટેન્ડર મગાવવામાં આવ્યા છે. એમએમઆરડીએ સાથે મળીને ૩૮ કિમી લાંબી મેટ્રો લાઇન બનાવવા ઇચ્છુક કંપનીઓને ટેન્ડર ફાળવ્યાના ૬૦ મહિનાની અંદર બાંધકામ કાર્ય પૂર્ણ કરવાનું રહેશે. મેટ્રો-૧૪ એમએમઆરની સૌથી લાંબી મેટ્રો લાઇન હશે.

૩૮ કિમી લાંબા રૂટમાંથી ૮૦ ટકા એલિવેટેડ અને ૧૫ ટકા ભૂગર્ભ હશે. આ પ્રોજેક્ટને છ વર્ષ પહેલા મંજૂરી આપવામાં આવી હતી. બાદમાં ૨૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ યોજાયેલી ઓથોરિટીની ૧૫૯મી બેઠકમાં, પીપીપી મૉડેલ પર મેટ્રો લાઇન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મેટ્રો લાઇન તૈયાર થઈ ગયા બાદ બદલાપુરના રહેવાસીઓને મુસાફરી માટે બીજો વિકલ્પ મળી રહેશે. ■




## પોતાની જ કાર પર ગોળીબાર કરાવ્યો

# પુણેમાં શિવસેનાના યુવા પાંખના નેતાની ધરપકડ

પુણે: પુણેમાં પોતાની જ કાર પર ગોળીબાર કરાવવાના આરોપસર શિવસેનાની યુવા પાંખના નેતા નીલેશ ઘારેની ધરપકડ કરવામાં આવી હતી. આવું કરવા પાછળનું કારણ પોલીસે જાહેર કર્યું નથી, પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે પોતાના જીવને જોખમ હોવાનું બતાવી નીલેશ ઘારે પોલીસ સુરક્ષા અને રિવોલ્વરનું લાઇસન્સ મેળવવા માગતો હતો. પુણેના વાર્જે વિસ્તારમાં નીલેશ ઘારે ૧૯ મેના રોજ પોતાની કાર પાર્ક કરી બહાર નીકળી રહ્યો હતો ત્યારે બે જણે ગોળીબાર કર્યો હતો, એવું ફરિયાદમાં જણાવાયું હતું. વાર્જે પોલીસ સ્ટેશનમાં શરૂઆતમાં આ પ્રકરણે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. ૨૫ મેએ ત્રણ જણને તાબામાં લેવામાં આવ્યા હતા અને તેમની પૂછપરછમાં ઘારેએ પોતે જ કાર પર ગોળીબાર કરાવ્યો હોવાનું સામે આવ્યું હતું. મુખ્ય આરોપી સાથે કાવતરું ઘડવાના આરોપમાં બુધવારે ઘારેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■












# મીરા રોડમાં સિલિન્ડર બ્લાસ્ટ

ભાયંદર: મીરા રોડમાં કામદારો માટે બનાવેલા પતરાના ઝૂંપડાઓમાં ગુરુવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ભીષણ આગ લાગી હતી. આગને કારણે બે થી ત્રણ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયા હતા. ફાયર બ્રિગેડે સમયસર ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.મીરા રોડના શીતલ નગર વિસ્તારમાં એક ડેવલપરે પોતાના કામદારો માટે લગભગ વીસથી પચીસ પતરાના ઝૂંપડાઓ બનાવ્યા હતા. ગુરુવારે બપોરના સમયે શોર્ટ સર્કિટના કારણે એક ઝૂંપડામાં આગ લાગી હતી. તે સમયે ઝૂંપડામાં બે-ત્રણ મજૂરો હાજર હતા. આગ લાગવાને કારણે ઝૂંપડામાં રાખેલા બે થી ત્રણ સિલિન્ડર બ્લાસ્ટ થયા હતા.■

# વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શુભારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આણંદ કૃષિ યિનિવર્સિટીથી શરૂ કરવામાં આવેલા પ્રારંભ દરમિયાન તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશીને પ્રોત્સાહન આપનારી આગવી પહેલ બનશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશના ખેડૂતોને સમય અનુરૂપ ટેક્નોલોજીનો કૃષિમાં ઉપયોગ કરીને વેલ્યુ એડિશન, ફાર્મ મિકેનિઝમ, નેચરલ ફાર્મિંગ વગેરેના સંકલિત પ્રયાસો સાથે એકીકૃત દિશામાં કામ કરીને કૃષિમાં ક્રાંતિકારી પરિવર્તનની દિશા આપવામાં આ અભિયાન મહત્ત્વપૂર્ણ બનવાનું છે.

ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત ૨૩૫ તાલુકાઓના ૨૯૫૧ ક્લસ્ટર થકી ૩.૫૦ લાખથી વધુ ખેડૂતો સુધી સીધા પહોંચવાનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન રાજ્યના ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ચાર કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞો, કૃષિ વિભાગના અધિકારીઓ તેમ જ સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો ગામડે-ગામડે ફરીને ખેડૂતોની મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ, આધુનિક અને જલવાયુ પરિવર્તન અનુરૂપ ખેત પદ્ધતિ, નવા સંશોધિત બિયારણો, નેનો ફર્ટિલાઇઝર, સોઇલ હેલ્થ કાર્ડના ઉપયોગ ઉપરાંત જરૂરિયાત પૂરતો જ ખાતરનો ઉપયોગ કરવા જેવી કૃષિલક્ષી જાણકારી આપવામાં આવશે. ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતો હિતલક્ષી સહાય યોજનાઓ અંગે પણ માહિતગાર કરાશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ઝોનમાં સમાવિષ્ટ નવ જિલ્લાઓના ૭૯૩ ગામોના અંદાજે ૦૧ લાખ બે હજારથી વધુ ખેડૂતો, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સાત જિલ્લાના ૪૬૫ ગામોના ૮૦ હજાર ખેડૂતો, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગતના ૧૦ જિલ્લાના ૯૩૩ ગામોના ૧.૨૦ લાખ ખેડૂત અને નવસારી કૃષિ યુનિવર્સિટી ઝોનના સાત જિલ્લામાં ૭૬૦ ગામોના ૭૧ હજારથી વધુ ખેડૂતો એમ સાડા ત્રણ લાખથી વધુ ખેડૂતોને આ અભિયાન હેઠળ આવરી લેવાનું સઘન આયોજન રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે કર્યું છે.

આ અભિયાન રાજ્યના ખેડૂતો માટે ઘરેબેઠા ગંગાનો અવસર ગણાવતા ઉમેર્યું કે, કૃષિ ક્ષેત્રે નવિન શોધ-સંશોધનની માંગને પારખીને આધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાનના શ્રેષ્ઠ ઉપયોગથી નેનો યુરિયા ખાતર અને ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કૃષિ ક્ષેત્રે કેવી રીતે કરી શકાય એનું ઉત્તમ ઉદાહરણ નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે પૂરું પાડ્યું છે. જો ખેડૂતનું અને કૃષિ ક્ષેત્રનું તથા ગ્રામીણ જનજીવનનું ભલું કરવાની રાજકીય ઈચ્છાશક્તિ હોય તો કેવા બદલાવ લાવી શકાય તે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વીજળી અને નર્મદાનું પૂરતું પાણી સિંચાઈ માટે આપીને પુરવાર કર્યું છે. ખેડૂતોને પોતાના ખેતરમાં કયો પાક વધુ લઈ શકાય, વેલ્યૂ એડિશન કરીને કેવી રીતે વધુ કિંમત મળે, એ બધી સમજ સામે ચાલીને રાજ્ય સરકાર આપે તેવો અભિગમ તેમણે કૃષિ મહોત્સવથી અપનાવ્યો હતો.

ઇન્ડિયન કાઉન્સિલ એગ્રીકલ્ચર રિસર્ચના ડો. મનીષ દાસે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કૃષિ ક્ષેત્રે ખેડૂતોના પડકારોને કેવી રીતે દૂર કરી શકાય તે માટે આઈ.સી.એ.આર. ના પ્રયત્નોની વિસ્તૃત જાણકારી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ વિભાગ દ્વારા રાજ્યના ૧.૫ કરોડ જેટલા ખેડૂતોને વડા પ્રધાનના લેબ ટુ લેન્ડના વિઝનને સાકાર કરવા માટે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન નવો આયામ પૂરું પાડશે. તેમણે આ અભિયાન થકી ખેડૂતોને તેમની ખેતીમાં આવતા પડકારોના આઈ.સી.એ.આર.ના વૈજ્ઞાનિકો દ્વારા સમાધાન લાવવા માટે પ્રયાસ કરાશે, તેમ વિશ્વાસ પૂર્વક જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં ચંડોળા બાદ બાપુનગરમાં ડિમોલિશનઃ ૪૫૦ કાચાં-પાકાં મકાન તોડવામાં આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં બે તબક્કામાં કરવામાં આવેલા મેગા ડિમોલિશન બાદ ગુરુવારે બાપુનગરમાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. બાપુનગરના અકબરનગરમાં અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અજીત મિલ ચાર રસ્તા પાસે એસ.પી. ઓફિસ પાછળ આવેલી વસાહતમાંથી અંદાજે ૪૫૦થી વધુ છાપરાં અને નાનાં-મોટાં કાચાં-પાકાં મકાનો દૂર કરવામાં આવ્યાં હતા.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પાંચ જેસીબી અને ૮થી વધુ હિટાચી મશીનથી આ ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા લોકોને મકાન ખાલી કરી દેવા માટે સૂચના આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અહીં રહેતા ૨૨૧ લોકોને ૨૦૧૪માં વટવા ખાતે વૈકલ્પિક મકાનો ફાળવવામાં આવ્યાં હતાં. તેમ છતાં તેમાંથી ૭૬ લોકો હજી અહીં વસવાટ કરી રહ્યાં હોવાથી તંત્ર દ્વારા ગેરકાયદે મકાનોને તોડી પાડવામાં આવ્યાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર બાપુનગરના અકબરનગરના છાપરાના ડિમોલિશન માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ૨ એસીપી, ૯ પીઆઇ, ૨૭ પીએસઆઈ, ૪૦૦ પોલીસકર્મી સહિત ૧૦ SRP સેક્સન બંદોબસ્તમાં મૂકવામાં આવ્યા હતા. ■

# રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને પીએમજેએવાય યોજના હેઠળ લાભ મેળવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં એઆઈએસના અધિકારીઓ, રાજ્ય સરકારના અધિકારી, કર્મચારી અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી હતી. પીએમજેએવાય-મા યોજના અંતર્ગત જી કેટેગરીના કાર્ડ દ્વારા કુટુંબદીઠ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આ તમામ કર્મીઓને મળવાપાત્ર બને છે.

આરોગ્ય વિભાગ દ્વારા આ યોજના હેઠળ લાભ મેળવવા ઇચ્છતા કર્મીઓ , પેન્શનર્સ અને તેમના કુટુંબીજનો માટેની નિયત સૂચના અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. તદ્અનુસાર ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) સહાય મેળવવા માટે પીએમજેએવાય યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે. જે કાર્ડની ફાળવણી સ્ટેટ હેલ્થ એજન્સી ને સોંપવામાં આવી હતી.

રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનર્સના કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમોમાં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને એઆઈએસ ના અધિકારીઓના કિસ્સામાં તેમને લાગુ પડતા એઆઈએસ(મેડિકલ અટેન્ડ્સ રૂલ્સ, ૧૯૫૪ અંતર્ગત કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતા હોય તેવા આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતુ પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ તમામ કર્મીઓ જ્યાં કાર્યરત હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે.

એઆઈએસ અને રાજ્ય સરકારના પેન્શનર્સના કિસ્સામાં પેન્શનર જે જિલ્લા તિજોરી કચેરી/ પેટા તિજોરી કચેરી/ પેન્શન ચૂકવણાં કચેરી ખાતેથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાના જિલ્લા તિજોરી અધિકારી/ પેટા તિજોરી અધિકારી/ પેન્શન ચૂકવણા અધિકારી/ પગાર અને હિસાબ અધિકારી દ્વારા અથવા વિકલ્પે જે કચેરીમાંથી નિવૃત્ત થયા હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે.

ઈ-કેવાયસી કરી શહાય તે હેતુથી કુટુંબના દરેક સભ્યનો આધાર નંબર પણ દર્શાવવાનો રહેશે.

ફિક્સ પગારના કર્મચારીના કિસ્સામાં નોકરીમાં નિયમિત નિમણૂક આપ્યા વિના સેવા સમાપ્ત કરવામાં આવે અથવા કોઇ અધિકારી / કર્મચારી સેવા છોડીને જાય અથવા રાજીનામું આપે અથવા શિક્ષાત્મક કાર્યવાહીના અંતે સેવા સમાપ્તિ કરવામાં આવે અને કાર્યવાહીના અંતે સંબંધિત સરકારી અધિકારી/ કર્મચારી તેને લાગુ પડતા પેન્શનના નિયમો મુજબ પેન્શનર ગણવાપાત્ર ન રહે તેવા કિસ્સામાં તેણે છેલ્લે જ્યાં ફરજ બજાવી છે તે કચેરીના વડાએ સ્ટેટ હેલ્થ એજન્સીને તે અંગેની સત્વરે જાણ કરવાની રહેશે.

જેના આધારે સ્ટેટ હેલ્થ એજન્સી દ્વારા પીએમજેએવાયમાં આ યોજના હેઠળના લાભાર્થી તરીકેના નામમાંથી તેઓ અને તેઓના કુટુંબના સભ્યોના નામ કમી કરવામાં આવશે. ■

# ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ગુજરાતની નોંધપાત્ર કામગીરીઃ ચાલુ વર્ષે મૃત્યુદરમાં ૫૦ ટકા ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૮માં શરૂ કરેલ ટીબી નિમૂર્લન કાર્યક્રમ હેઠળ ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે નવા ટીબી દર્દીઓના રજિસ્ટ્રેશન અને ટીબીની શ્રેષ્ઠત્તમ સારવાર દ્વારા મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત સરકારના એક રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં વર્ષ ૨૦૧૫ની સાપેક્ષે વર્ષ ૨૦૨૩ માં નવા દર્દીઓના રજિસ્ટ્રેશનમાં ૩૪ ટકા અને મૃત્યુદરમાં ૩૭ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. જેના પરિણામે કેન્દ્ર સરકારે પણ આ કામગીરીની સરાહના કરીને ગુજરાતને સ્ટેટ્સ વીથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ શ્રેણીમાં પ્રથમ ક્રમાંકે રાખ્યું હતું.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે આ ક્ષણે જણાવ્યુ હતું કે, ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર, શ્રેષ્ઠત્તમ સારવાર ઉપલબ્ધ કરાવીને મૃત્યુદર ઘટાડવા અને સ્વસ્થ ગુજરાત બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. છેલ્લા ચાર વર્ષના ડેટા પર નજર કરીએ તો ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓ રજિસ્ટ્રેશનમાં વર્ષ ૨૦૨૨માં ૧,૪૨,૧૩૩,વર્ષ ૨૦૨૩માં ૧,૩૩,૬૭૭, વર્ષ ૨૦૨૪માં ૧,૩૩,૮૦૫ નોંધણી થઇ હતી. જેની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા જોતા વર્ષ ૨૦૨૨માં ૧,૩૦,૪૩૮ , વર્ષ ૨૦૨૩માં ૧,૨૨,૫૮૮, અને વર્ષ ૨૦૨૪ માં ૧,૨૪,૬૭૧ ટીબીની બીમારીને મ્હાત આપીને સાજા થયા હતા.

વર્ષ ૨૦૨૫ (જાન્યુઆરી થી એપ્રિલ) ની સ્થિતિ જોતા ૪૫,૨૮૨ નવા ટી.બી.દર્દીઓની નોંધણી થઇ હતી. અત્યાર સુધીમાં રજિસ્ટ્રર થયેલ દર્દીઓ સારવાર હેઠળ છે. મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા ૧૦૧૧ છે. જે વર્ષ ૨૦૨૪-૨૫ માં આ સમયગાળા દરમિયાન ૨૨૦૧ હતી. આમ ટીબીના કારણે મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

ટી.બી.ના દર્દીઓ સ્વસ્થ થાય અને મૃત્યુદર ઘટે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા એક પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ટીબી નિદાનના તમામ તબક્કામાં દર્દીઓને અતિજોખમી(હાઇ રીસ્ક) અને ઓછા જોખમી(લો રીસ્ક)ની શ્રેણીમાં વિભાજિત કરાય છે.

અતિજોખમી ટીબીના દર્દીઓની સારવાર માટે સબ ડિસ્ટ્રિક્ટથી મેડિકલ કોલેજ સંલગ્ન હૉસ્પિટલ સુધી તમામ પ્રકારની સારવાર, સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દવા શરૂ થવાના ૧૫ દિવસ બાદ અને ત્યારબાદ ૨ મહિના પછી સમગ્ર સ્થિતિનું મુલ્યાંકન કરવામાં આવે છે. છ મહિનાની દવાનો કોર્ષ પૂર્ણ થયા બાદ દર્દીની ટ્રુનેટથી બલગમના ટેસ્ટ સાથે એક્સ-રે આધારિત મૂલ્યાંકન પણ કરવામાં આવે છે. ■

## ટીબીના દર્દીઓ માટે સારવાર, સેવાની વ્યવસ્થા

ગુજરાત રાજ્યમાં ટીબીના દર્દીઓના નિદાન માટે ૨,૨૫૧ નિઃશુલ્ક સૂક્ષ્મ પ્રયોગશાળાની સુવિધાઓ ઉપલબ્ધ છે. ડ્રગ રેજીસ્ટંટ ટીબી(હઠિલા ટીબી) સહિતના ટીબીના નિદાન માટે ૩ ટીબી કલ્ચર પ્રયોગશાળા, ૭૪ સીબીનેટ મશીન અને ૧૪૧ ટ્રુનેટ મશીનની સેવા ઉપલબ્ધ છે. વધુમાં રાજ્યના પ્રત્યેક તાલુકામાં ટીબી નિદાન માટેના ટ્રુનેટ મશીન ઉપલબ્ધ બને તે માટે નવીન ૧૮૧ મશીનની ખરીદ પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબધ કરાવવા ભારત સરકાર દ્વારા દર મહિને રૂ. ૧૦૦૦ની સહાયતા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધી દર્દીના ખાતામાં જમા કરાવવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં ૧,૧૯,૮૩૩ દર્દીઓના ખાતામાં કુલ રૂ. ૪૬.૫૦ કરોડની સહાય ડીબીટી મારફતે જમા કરાવાઇ હતી.

જેના અતંર્ગત રાજ્યમાં ૧૦,૮૩૨ નિક્ષય મિત્રનું રજિસ્ટ્રેશન નિક્ષય પોર્ટલ પર કરવામાં આવ્યું છે. નિક્ષય મિત્રના માધ્યમથી વર્ષ ૨૦૨૨થી અત્યાર સુધીમાં ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા કુલ ૩,૭૯,૩૮૨ પોષણ કિટનું વિતરણ કરાયું છે. વર્ષ ૨૦૨૫ થી અત્યાર સુધીમાં કુલ ૧૮,૦૦૦ પોષણ કિટનું વિતરણ કરાયું છે.

# સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આગ લાગતાં ત્રણ ફ્લાઈટ-હેલિકોપ્ટરને ડાઈવર્ટ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ગુરુવારે અચાનક રન વે નજીક આવેલા ઘાસમાં આગ ફાટી નીકળી હતી. રન વે નજીક આગ લાગતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ આવી પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર નિયંત્રણ મેળવી લીધું હતું.

આગ લાગી તે સમયે રન-વે પર એક ફ્લાઈટ હતી અને ટેક ઓફ થાય તે પહેલા જ ઘટના બની હતી. આગના કારણે ફ્લાઈટ અને હેલિકોપ્ટર સર્વિસને અસર થઈ હતી. ત્રણ ફ્લાઇટ અને હેલિકૉપ્ટરને ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા. એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત હૈદરાબાદની ફ્લાઈટ પણ સુરત પહોંચી ગઈ હતી જેને અમદાવાદ ડાઈવર્ટ કરવામાં આવી હતી. ત્યારબાદ બેંગ્લોર સુરતની ફ્લાઈટને પણ વડોદરા ડાઈવર્ટ કરવામાં આવી હતી. રન-વે નજીકના ઘાસમાં જ આગ લાગી હોવાના કારણે હેલિકૉપ્ટર, વેન્ચુરાની ફ્લાઈટ, એર ઇન્ડિયાની ફ્લાઈટોને આકાશમાં ચક્કર લગાવ્યા બાદ ડાઈવર્ટ કરવામાં આવી હતી.

એરપોર્ટ ઑથોરિટીના જણાવ્યા મુજબ, દોઢ વાગ્યા આસપાસ ઓપરેશનલ એરિયામાં ઘાસવાળા વિસ્તારમાં આગ લાગી હતી. આગ બર્ડ હિટથી બચવા માટે વપરાતી ગેસ ગનમાંથી નીકળેલા સ્પાર્કના કારણે લાગી હતી. રનવે સુધી આગ ન ફેલાય તે માટે તત્કાલ પગલાં લઈ રનવે પોણા ત્રણ વાગ્યા સુધી બંધ રાખવો પડ્યો હતો. ■

# ભાવનગર-રાજકોટ હાઈવે પર અકસ્માતમાં ભાજપ નેતાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર-રાજકોટ હાઈવે પર સર્જાયેલા અકસ્માતમાં ભાવનગર જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખ રૈયાબેન મિયાણીના પતિ મૂળજી મિયાણીનું મોત થયું હતું. બાઇક પર સવાર મૂળજીભાઈ અજાણ્યા વાહન સાથે અથડાતા તેમનું મોત થયું હતું. મળતી વિગત પ્રમાણે, ભાવનગરના સિહોરમાં ગઢુલા ગામ નજીક ભાજપ નેતા મૂળજી મિયાણીનો અજાણ્યા વાહન સાથે અકસ્માત સર્જાયો હતો. મૂળજી મિયાણી બાઇક લઈ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે અચાનક બાઇક સ્લીપ ખાઈ ગયું અને અજાણ્યા વાહન સાથે ટકરાયું હતું. જેના કારણે ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. હાલ સમગ્ર બનાવને ધ્યાને લઈ સોનગઢ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આ વિશે વધુ તપાસ હાથ ધરી હતી. જોકે, પોલીસે હજુ સુધી અકસ્માતનું કારણ સ્પષ્ટ કર્યું નથી. ભાજપ નેતાના મૃત્યુથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો ઘટનાની જાણ થતાં ભાજપના આગેવાનો તેમજ પરિવારો હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. નોંધનીય છે કે, મૂળજીભાઈ મિયાણી કિસાન મોરચાના સભ્ય તેમજ ભાવનગર જિલ્લા પંચાયતમાં કારોબારી ચેરમેન રહી ચૂક્યા છે. તેમની પત્ની રૈયાબેન મિયાણી પણ ભાજપમાં જોડાયેલા છે અને હાલ જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખની જવાબદારી સંભાળી રહ્યા છે. ■

# વડોદરામાં બેફામ કારચાલકે ચાર વાહનને અડફેટે લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં નશાની હાલતમાં એક કારચાલકે ચાર જેટલા વાહનને અડફેટે લીધા હતા. અકસ્માતમાં એક્ટિવા પર જઈ રહેલા બે લોકો અને રિક્ષાચાલકને ઈજા પહોંચી હતી. ઘટના બાદ કારમાં બેઠેલા બંને લોકોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એકત્ર થયેલા લોકોએ તેમને ઝડપીને ફટકાર્યા હતા.

આ દરમિયાન કોઈએ પોલીસને જાણ કરતાં પોલીસ પણ આવી પહોંચી હતી અને તેમને પોલીસ હવાલે કરી દીધા હતા. કારમાંથી બિયરના ત્રણ ટિન પણ મળ્યા હતા. બંને યુવક નશાની હાલતમાં હોવાનું સામે આવતાં પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઈવનો ગુનો નોંધ્યો હતો.

કારચાલક કોન્ટ્રાક્ટર છે અને કાર તેની માતાના નામે રજિસ્ટર થયેલી હતી. બીજો આરોપી પેટલાદનો છે અને થોડા સમય પહેલાં જ વડોદરામાં ભાડેથી રહેવા આવ્યો હતો. બન્ને નશાની હાલતમાં હોવાનુ સામે કેસ નોંધી પૂછપરછ બાદ મેડિકલની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અકસ્માતનો ભોગ બનેલા રિક્ષાચાલકે જણાવ્યું કે, હું હરીનગરથી ગોત્રી તરફ આવતો હતો તે સમયે હરીનગર ચાર રસ્તાથી આગળ એક પાછળથી કાર આવી હતી. કારચાલકે પહેલા જમણી બાજુ ટક્કર મારી અને પછી ડાબી બાજુ ટક્કર મારી, બાદમાં આગળ જઈને બીજી એક ગાડીને અડફેટમાં લીધી હતી. આ અકસ્માતમાં હું રિક્ષામાંથી નીચે પડી ગયો અને હાથમાં બે બાજુ ઈજા પહોંચી છે. લોકો કહી રહ્યાં હતા કે, તે નશામાં હતો. અકસ્માત બાદ તેણે ભાગવાનો પ્રયાસ પણ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા છાણીબ્રિજ પાસે કાળા કલરની બ્રેઝા કારે એક કાર અને બે એક્ટિવાને એક પછી એક અડફેટે લીધાં હતાં. અકસ્માત સર્જનાર કારને કેટલાક રાહદારીઓએ રોકીને તપાસ કરતાં કારમાંથી ખાખી વર્દીમાં પી.એસ.આઇ. જોવા મળ્યા હતા. પીએસઆઈ એટલી હદે નશામાં હતા કે તેમણે રાહદારી યુવકો સાથે ઝપાઝપી કરી હતી, જ્યારે યુવકો દ્વારા તેમની કારની તપાસ કરવામાં આવી ત્યારે વિદેશી બ્રાન્ડની બે દારૂની બોટલ મળી હતી. ■

# અમદાવાદમાં કેફેની આડમાં ચાલતું હુક્કાબાર ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પોશ વિસ્તાર અને યુવાઓથી ધમધમતા મકરબા મહમંદપુરા રોડ પરથી સરખેજ પોલીસે બાતમીના આધારે બ્રૂ રોસ્ટ કેફેમાં રેડ કરી હતી. કેફેમાં રેડ કરતા ગેરકાયદેસર ચાલી રહેલું હુક્કાબાર ઝડપાયું હતું. બહારથી લોકો કેફેમાં હુક્કો પીવા આવતા હતા. પોલીસે જુદા-જુદા ફ્લેવરના હુક્કા અને નિકોટીનયુક્ત તમાકુવાડા હુક્કા કબજે કર્યા હતા. કેફેમાંથી કુલ ૩૫ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. કેફેમાંથી કામ કરતા હબીબ અહેમદ હક અને જસ્ટિન પરેરાની ધરપકડ કરી હતી, જ્યારે કેફેના માલિક દિવ્યરાજસિંહ ચાવડા, હામિદ અને વિનય તિવારી ફરાર થઈ ગયા હતા. ■

# સુરતઃ લિંબાયતમાં સરકારી જમીન પર કબજો કરીને બાંધવામાં આવેલી ઈમારત તોડી પાડવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ નગરી સુરતમાં સરકારી મિલકત પર ગેરકાયદેસર બનાવવામાં આવેલા બિલ્ડિંગનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. ૩૬ હજાર ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

સુરતના લિંબાયત વિસ્તારમાં સરકારી મિલકત ઉપર દબાણ કરવામાં આવ્યું હોવાનું છેલ્લા ઘણા સમયથી ધ્યાન પર આવ્યું હતું, જેને લઇને મિલકતદારને વારંવાર નોટિસ પણ ફટકારવામાં આવી હતી. સરકારી જમીન ઉપર ત્રણ માળની ઇમારત ઊભી કરી દીધા બાદ આ સમગ્ર મામલો હાઇ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો, જેમાં પક્ષકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી કાયદાકીય લડત સરકાર સામે ઉપાડવામાં આવી હતી. આખરે સરકાર પક્ષે જમીન ખાલી કરાવવાનો આદેશ આવતા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે, ૨૦૨૧માં જ આ બિલ્ડિંગ ગેરકાયદેસર રીતે ઊભી કરી દેવામાં આવ્યો હોવાનું સામે આવ્યા બાદ વારંવાર જિલ્લા કલેકટર દ્વારા નોટિસ પણ પાઠવવામાં આવી હતી પરંતુ મિલકતદારે કબજો ખાલી ના કરતા ગુરુવારે મોટાપાયે પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી કરીને સમગ્ર બિલ્ડિંગ તોડી પાડવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ઘણા સમયથી લિંબાયત વિસ્તારમાં પર્વત પાટિયા સર્વે નંબર ૧૧ બ્લોકની નંબર ૩૬૮૨૭ ચો.મીની યુએલસી કાયદા મુજબની સરકારી ફાજલ પડેલી જમીન ઉપર બાંધકામ કરી દેવામાં આવ્યું હતું. ઉત્તર દિશામાં નંદનવન તેમજ દક્ષિણ- પૂર્વેના ખોળે ઇન્ટરસિટી પ્રિકાસ્ટ ભાગીદારી પેઢી દ્વારા બિનઅધિકૃત બાંધકામ કરી દેવામાં આવ્યો હતો, જેને વારંવાર નોટિસ આપવા છતાં પણ મિલકતદાર દ્વારા મિલકત દૂર કરવામાં આવી રહી ન હતી. ગુરુવારે આખેઆખું બાંધકામ જે ગેરકાયદેસર હતું તેને દૂર કરી દેવામાં આવ્યું હતું. દિનેશ પટેલ નામનો ઈસમ ગેરકાયદેસર બિલ્ડિંગ બનાવી ભાડું કમાતો હતો. કામગીરી દરમિયાન ત્રણ માળની બિલ્ડિંગ સહિત ગેરકાયદે ઊભા કરવામાં આવેલ ૧૦૦થી વધુ ઝૂંપડાં દૂર કરવામાં આવ્યાં હતાં. ■

# ગુજરાતમાં મે મહિનામાં સામાન્યથી ૨૦ ટકા વધુ વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મે મહિનામાં સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં મે મહિનામાં સામાન્ય કરતાં ૨૦ ગણો વધારે વરસાદ પડ્યો હતો. સામાન્ય રીતે ગુજરાતમાં મે મહિનામાં ૨.૫ મિમી વરસાદ પડતો હોય છે, જેની સામે અત્યાર સુધીમાં ૫૦.૬ મિલિ મીટર (મિમી)થી વધારે વરસાદ નોંધાયો હતો. આમ આ મહિને ૨૦ ગણો અથવા ૧૯૨૫ ટકા વધારે વરસાદ નોંધાયો છે. જે મહારાષ્ટ્ર અને ગોવા કરતાં પણ વધારે છે. મહારાષ્ટ્રમાં સામાન્યના ૧૧.૩ મિમીની સરખામણીએ અત્યાર સુધીમાં ૧૪૯.૭ મિમીથી વધારે અને ગોવામાં સામાન્યના ૪૩.૧ મિમીની સરખામણીએ ૫૫૬.૧ મિમી વધુ વરસાદ નોંધાયો હતો. દરિયાકાંઠાના આ ત્રણેય રાજ્યોમાં ૧૦૦૦ ટકા કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. ગુજરાત માટે, મે મહિનો ઘણીવાર સૌથી ગરમ હોય છે અને નૈઋત્યના ચોમાસાની શરૂઆત ૧૫ જૂન આસપાસ થાય છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ૨૭ મે સુધીમાં અમરેલીમાં ૧૧૭ મિમી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ વલસાડમાં ૧૦૪ મિમી, ડાંગમાં ૧૦૨ મિમી, ભરૂચમાં ૯૮ મિમી અને જૂનાગઢમાં ૯૬ મિમી વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગ મુજબ સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧,૬૭૮ ટકા વધુ વરસાદ નોંધાયો હતો અને બાકીના ગુજરાતમાં ૧,૧૧૫ ટકા વધુ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, છેલ્લાં કેટલાંક વર્ષોમાં સામાન્ય કરતાં આ સૌથી મોટો ફેરફાર છે. ■

# અંકલેશ્વરમાં નર્મદા નદી કાંઠા વિસ્તારના છ ગામમાં જમીન ધોવાણથી ખેડૂતો પાયમાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વરના નર્મદા નદી કાંઠા વિસ્તારનાં ૬ ગામોમાં મોટા પાયે જમીન ધોવાણના કારણે ખેડૂતો પાયમાલ થવાના આરે છે, એક અંદાજ મુજબ ૨૨૦૦ એકર જમીન નર્મદા નદીમાં ગરકાવ થઈ ગઈ છે ત્યારે સરકાર વહેલી તકે પ્રોટેક્શન વોલનું નિર્માણ કરાવે એ જરૂરી છે. અંકલેશ્વરમાં નદી કિનારે સતત જમીન ધોવાણથી ધરતીપુત્રો અત્યાર સુધી પોતાની મહામૂલી ૨૨૦૦ થી ૨૩૦૦ એકર જમીન ગરક થઇ ગઈ છે. સંરક્ષણ દીવાલ ના બનાવતા સતત જમીન ધોવાણથી ધરતીપુત્રોને જમીન ગુમાવવાનો વારો છે. ડૂબાણ જમીન ભાવ પ્રતિ ફૂટ ૪૮ પૈસા પૈકી ધંતુરીયા, તરિયા ગામ ખાતે ફૂટ ૭૫ પૈસા, બોરભાઠા ૨.૦૫ રૂપિયા જાહેર કર્યા છે ત્યારે ધરતીપુત્રો દ્વારા ઉગ્ર વિરોધ કરતા આજે ૩૩ વર્ષના જમીન ધોવાણ પાછળ સરકારને જવાબદાર ઠેરવી રહ્યા છે.

એક સમયે અંકલેશ્વર શહેરને અડીને વહેતી નર્મદા નદી સરકીને ભરૂચ તરફ જતી રહી હતી. જે હવે પુનઃ અંકલેશ્વર તરફ આવી રહી છે.૧૯૯૨ના વર્ષથી નર્મદા નદીના અંકલેશ્વર તરફ પ્રયાણને લઇ ધરતીપુત્રોએ લડત ચલાવી હતી. જે લડત એક તબક્કે ૨૦૧૨-૧૩માં રંગ લાવતા સરકારે ૪ પેકેજમાં ગેબિયન વોલ ઊભી કરવાનું નક્કી કરી કામગીરી પણ શરૂ કરી દીધી હતી પણ કોન્ટ્રાક્ટર સાથે વિવાદ ઉભો થતા કોર્ટ મેટર શરૂ થતાં જ કામગીરી અટકી પડી હતી. જે આજદિન સુધી શરૂ પણ થઇ નથી અને વર્ષ ૨૦૧૭માં ભાડભૂત બેરેજની ઈંટ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મૂકી સંરક્ષણ પાળો ભાડભૂત બેરેજમાં સમાવી લીધો હતો.

ધરતીપુત્રો જમીન ધોવાણ બાબતે સરકારની શુષ્કતા અને અનદેખીને લઇ થઇ રહ્યું હોવા સાથે જમીન ધોવાણ માટે સરકારને જવાબદાર ઠેરવી રહી છે. ■

# મૈટિની

# મોમ દીપિકાની બદલાતી ડિમાન્ડ!



## નવી માગણીઓ મંજૂર ન થવાથી એક્ટ્રેસે ફિલ્મ 'સ્પિરિટ' અચાનક છોડી દેતા દિગ્દર્શક સંદીપ વાંગા વિફર્યો છે

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

દુઆ ૯ મહિનાની થવા આવી. દુઆ પાદુકોણ સિંહ એટલે રણવીર સિંહ - દીપિકા પાદુકોણની દીકરી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પુત્રી જન્મ પછી મેટરનિટી લીવ ભોગવી રહેલી દીપિકા ફરી લાઈટ, એક્શન, કેમેરા માટે સજ્જ થઈ રહી છે.

હજી પખવાડિયા પહેલાં જ સમાચાર હતા કે ઓક્ટોબરમાં દીપિકા 'કિંગ'નું શૂટિંગ શરૂ કરશે અને એના પછી ડિસેમ્બરમાં 'સ્પિરિટ'નું શૂટિંગ શરૂ કરશે. જોકે, દીપિકાએ અચાનક ધડાકો કર્યો છે.

પરેશ રાવલે 'હેરીફેરી૩' સાથે નહીં જોડાવાનો નિર્ણય જાહેર કર્યો એના આંચકો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પચાવે ત્યાં મોમ પાદુકોણએ 'એનિમલ' મેકર સંદીપ વાંગા રેડ્ડીની 'સ્પિરિટ' ફિલ્મ સાથે છેડો ફાડી નાખવાનો નિર્ણય જાહેર કર્યો છે. 'હેરાફેરી ૩'માં જો પરેશભાઈ કામ નહીં જ કરે તો એમની જગ્યાએ કોની વરણી કરવી એની અટકળ સુધ્ધાં નથી વહેતી થઈ, ઉલ્ટાનું બાબુરાવના પાત્રમાં પરેશ ભાઈ સિવાય બીજું કોઈ નહીં ચાલે એવી ગપસપ થઈ રહી છે જ્યારે બીજી તરફ, સંદીપ વાંગાએ 'સ્પિરિટ'માં દીપિકાના રોલ માટે તૃપ્તિ ડિમરીને સાઈન પણ કરી લીધી છે. 'એનિમલ'માં ઝોયા રિયાઝના રોલમાં દેશભરમાં ડાર્લિંગ બની ગઈ હતી એ જ તૃપ્તિ ડિમરી.

નામાંકિત કલાકાર ફિલ્મ સાઈન કર્યા પછી જ્યારે કાગળિયા ફાડી નાખે ત્યારે ફિલ્મમેકર અને એક્ટર એમ બેઉ પક્ષેથી ખુલાસાઓ થવા લાગે. 'સત્ય પોતાની જ પડખે છે' એવું બંને પક્ષનું માનવું હોય છે.

હજી આ વર્ષની શરૂઆતમાં દીપિકાએ સંદીપ વાંગાની ફિલ્મ સ્વીકારી હતી અને ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલા એવું તે શું બની ગયું કે એક્ટ્રેસે છેડો ફાડી નાખ્યો. એવું કહેવાય છે કે માતુશ્રી દીપિકાની ડિમાન્ડો પૂરી શકવા સંદીપ વાંગા અસમર્થ હોવાથી અભિનેત્રીએ ફિલ્મ છોડી દીધી છે.

શું હતી દીપિકાની માગણી?

આઠ કલાકથી વધુ કામ નહીં કરું, મહેનતાણા પેટે ૨૦ કરોડ લઈશ, તેલુગુ ડાયલોગ ડબ નહીં કરું અને ઈન્ટિમેટ - બોલ્ડ સીન કરવાની પણ અનિચ્છા....

'સ્પિરિટ'ના દિગ્દર્શક સંદીપ વાંગા રેડ્ડીની ફિલ્મોમાં જે આક્રમકતા જોવા મળે છે એ એના સ્વભાવમાં પણ છે. દીપિકાના નિર્ણયથી એ લાલપીળો થયો છે. સંદીપના રોષનું મુખ્ય કારણ છે એક ઈન્ટરવ્યૂમાં દીપિકાએ ફિલ્મનો પ્લોટ જાહેરમાં મૂકી દીધો! ફિલ્મ એ રેટેડ થ્રિલર હશે જેમાં પ્રભાસ પોલીસના રોલમાં જોવા મળશે અને લીડ પર વચ્ચે કેટલાંક બોલ્ડ સીન હશે. અલબત્ત આ સીન મર્યાદા ઓળંગી જનારા હશે એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો.

બસ, દીપિકાએ આ રીતે પત્તુ ખોલી નાખ્યું એથી સંદિપનો પારો સાતમા આસમાને પહોંચી ગયો છે. વાણિયાભાઈ જેમ મગનું નામ મરી ન પાડે એમ ડિરેક્ટરે દીપિકાનું નામ લીધા વિના સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું છે કે 'કોઈ કલાકારને હું સ્ટોરી સંભળાવું ત્યારે એનામાં ૧૦૦ ટકા વિશ્વાસ મૂકતો હોઉં છું. આ વાત જાહેર ન થવી જોઈએ એવો વણલખ્યો નિયમ અમારી વચ્ચે હોય છે. પણ, 'એણે' તો વટાણા વેરી નાખ્યા છે. મારી સ્ટોરી જાહેર કરી દીધી છે.'

દીપિકાએ પણ વાણિયાગીરી દેખાડી. સંદીપ વાંગા રેડ્ડીનું નામ લીધા વિના પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. 'હું મારા અંતરાત્માનો અવાજ સાંભળી શું કરવું અને શેના માટે ના પાડવી એનો નિર્ણય લઉં છું,' દીપિકાએ ખુલાસો કર્યો છે, 'બોલી નાખવું બહુ સહેલું છે, પણ તમારી આસપાસ શોરબકોર થઈ રહ્યો હોય ત્યારે તમે શાંત અને સ્વસ્થ ચિત્તે વિચાર કરો તો દરેક સવાલનો જવાબ જડી જાય. જેમની સાથે કામ કરવામાં અનુકૂળતા રહે અને આનંદ આવે અને મારા પરિવાર - મિત્રો સાથે પણ હું સરખો સમય વિતાવી શકું એવા લોકો સાથે જ હવે કામ કરવું છે.' દીપિકાએ અહીં નામ ભલે ન પાડ્યું પણ એનો ઈશારો સંદીપ વાંગા રેડ્ડી તરફ જ છે.

રિપોર્ટ અનુસાર 'સ્પિરિટ'ને દીપિકાની જગ્યાએ નવી હીરોઈન મળી ગઈ છે અને એ પણ ૮૦ ટકા ઓછા મહેનતાણા સાથે અને વાંગાની સ્પષ્ટતા અનુસાર 'તૃપ્તિ બિન્ધાસ્ત અને બેધડક બોલ્ડ સીન આપશે'. અલબત્ત, ફિલ્મ મેકિંગમાં પૈસાની બચત એ મહત્ત્વનો મુદ્દો છે, પણ ગુણવત્તા ગુમાવીને નહીં એ બધા જાણે છે. દીપિકાને સાઈન ન કરવાથી નિર્માતાના ૧૬ કરોડ રૂપિયા ભલે બચે, પણ દીપિકાની સરખામણીએ તૃપ્તિનું એકંદર પરફોર્મન્સ ફિલ્મને કેટલી વધુ પ્રભાવી બનાવે છે એ વધુ મહત્ત્વનું છે અને સંદીપ વાંગા રેડ્ડી આ વાત જરૂર જાણતો હશે.

### એક્ટ્રેસની આગામી ફિલ્મો

દીપિકાની આગામી ફિલ્મોની યાદીમાં શાહરુખ ખાન સાથેની 'કિંગ' ઉપરાંત બે સિક્વલનો સમાવેશ થાય છે. દીપિકાની હિન્દી ફિલ્મ યાત્રાનો પ્રારંભ શાહરુખ સાથેની 'ઓમ શાંતિ ઓમ' સાથે થયો હતો. ત્યારબાદ 'ચેન્નઈ એક્સપ્રેસ', 'હેપ્પી ન્યૂ યર', 'પઠાન' અને 'જવાન'માં એમની જોડી જામી હતી. દરેક ફિલ્મને સારો આવકાર મળ્યો હતો. સિદ્ધાર્થ આનંદ દિગ્દર્શિત 'કિંગ' શાહરુખ-દીપિકાની છઠ્ઠી ફિલ્મ હશે. ફિલ્મના અન્ય કલાકારોમાં સુહાના ખાન, અભય વર્મા, અર્શદ વારસી, જયદીપ અહલાવત અને અભિષેક બચ્ચનનો સમાવેશ છે. એ જોતા દીપિકાના રોલની લંબાઈ ઝાઝી નહીં હોય, પણ એ ભૂમિકા કથાની દ્રષ્ટિએ મહત્ત્વની તો ચોક્કાસ હોવાની.

આયાન મુખરજીની 'બ્રહ્માસ્ત્રઃ પાર્ટ વન - શિવ'માં સ્પેશિયલ અપિયરન્સમાં હાજરી આપનારી દીપિકા સિક્વલ 'બ્રહ્માસ્ત્રઃ પાર્ટ ટુ - દેવ'માં પણ કામ કરી રહી છે. ત્રણ પાર્ટની સિરીઝનો બીજો પાર્ટ ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થવાની ગણતરી છે. આ વર્ષે ડિસેમ્બરમાં 'કલ્કી ૨૮૯૮ એડી'ની સિક્વલનું શૂટિંગ શરૂ થવાનું છે. પ્રભાસ, અમિતાભ બચ્ચન અને કમલ હાસન ફિલ્મના અન્ય મુખ્ય કલાકાર છે. જોકે, સિક્વલ વિશે ફિલ્મના દિગ્દર્શક નાગ અશ્વિનની રજૂઆત જાણ્યા પછી દીપિકાને ફાળે વિશેષ કંઈ નહીં આવે એવું લાગે છે. ડિરેક્ટરે કહ્યું હતું કે 'સિક્વલમાં પ્રભાસ પર વધુ ફોકસ હશે અને ફિલ્મની વાર્તા મુખ્યત્વે કર્ણ અને અશ્વત્થામાની ફરતે આકાર લેશે.' આ પરિસ્થિતિમાં દીપિકાના સુમતિના રોલને કેટલું મહત્ત્વ મળશે એ કેવળ અટકળનો વિષય છે.

બે વર્ષ પહેલાની 'પઠાન'ને મળેલી ધૂઆંધાર સફળતાને પગલે 'યશરાજ ફિલ્મ્સ' સિક્વલ બનાવવાની વેતરણમાં છે. 'પઠાન ૨'માં પહેલી ફિલ્મના ત્રણ મુખ્ય કલાકાર શાહરુખ, જોન અબ્રાહમ અને દીપિકા પાદુકોણની હાજરી તો હશે જ. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ વિદેશમાં કરવામાં આવશે એવો દાવો કરવામાં આવ્યો છે. આ સિવાય સાઉથના એક અગ્રણી ફિલ્મમેકર સાથે વાતચીત ચાલી રહી છે. સ્ક્રિપ્ટ દીપિકાને પસંદ પડી છે, પણ અન્ય ઔપચારિકતા વિશે પાકું કરવાનું બાકી છે. ટૂંકમાં માતૃત્વ ધારણ કર્યા પછી દીપિકા કેમેરા સામે આવવા ઉત્સુક છે-આતુર છે. ■

---

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

# ગરવા ગુજરાતી એવા મહારથી ફિલ્મકાર મેહબૂબ ખાન



મેહબૂબ ખાન

કેટલા ગુજરાતીઓને ખબર છે કે ઓસ્કાર એવોર્ડમાં અંગ્રેજી સિવાયની એટલે કે 'બેસ્ટ આંતરરાષ્ટ્રીય ભાષા'ની ફિલ્મ-કેટેગરીની ટોપ પાંચ ફિલ્મોમાં સ્વીકારાયેલી ફિલ્મ 'મધર ઇંડિયા' એક ગુજરાતી નિર્માતા નિર્દેશક લેખકે બનાવેલી? કેટલા ગુજરાતીઓને ખબર છે કે ભારતની પહેલી રંગીન ફિલ્મ 'આન' ૧૯૫૨માં એક ગુજરાતી નિર્માતા નિર્દેશકે લખલૂંટ ખર્ચે બનાવેલી?

કેટલા ગુજરાતીઓને ખબર છે કે ગુજરાતનાં બીલીમોરા પાસેનાં નાનકડા ગામ દેસરામાં જન્મેલા મેહબૂબ ખાનની ફિલ્મી સફર ચોંકાવી દે એવી સંઘર્ષમય છે. મેહબૂબ ખાનના પિતા ઘોડાની નાળ લગાવવાનું કામ કરતા એવામાં નૂર મહોમ્મ્દ બસ્તી નામના સજ્જન જે સાઇલંટ ફિલ્મોમાં ઘોડા સપ્લાય કરતા, એ નૂર કિશોર વયના મહેબૂબને મુંબઇ લાવ્યા. પછી મહેબૂબ ઘોડાની નાળનું કામ કરતા કરતાં બોલિવૂડના સંપર્કમાં આવ્યા. અરદેશર ઇરાનીની 'ઇમ્પિરિયલ સિનેમા' અને બીજી કંપનીમાં સેટ પર પડદા રંગવાનું કે પછી ભીડમાં જુનિયર આર્ટસ્ટિ તરીકે 'અલીબાબા ૪૦ ચોર' (૧૯૨૭) જેવી ફિલ્મોમાં કામ કર્યું. એ બાદ એઝ્રા મિર્ઝાના સહાયક નિર્દેશક બન્યા અને ૩૪મેં વરસે 'અલ હિલાલ' (૧૯૩૫) નામની પહેલી સફળ ફિલ્મ બનાવી. ત્યાર બાદ તો શરૂઆતમાં ૧૯૩૦થી ૫૦ સુધી 'મનમોહન' (૧૯૩૬), 'ઓરત' (૧૯૪૦) જેવી અનેક સામાજિક ફિલ્મો બનાવીને એ જમાનાના મહારથી એવા બંગાળીઓ અને એમના મોટા મોટા સ્ટુડિયો કે કંપની સામે ઝીંક ઝીલેલી. સાવ અભણ અને ગામઠી ગુજરાતી ભાષી અને હિંદી ઉર્દૂ અંગ્રેજીની જાણકારી ના હોવા છતાં ત્યારનાં બોલિવૂડમાં સંઘર્ષ કરીને એમણે પોતાનો સિક્કો જમાવ્યો અને પછી તો ૧૯૪૫માં 'મહેબૂબ પ્રોડક્શન કંપની' અને મુંબઇના બાંદ્રા ખાતેના 'મહેબૂબ સ્ટુડિયો'(૧૯૫૪)ના માલિક બન્યા.




કેટલા જાણે છે કે 'મધર ઇંડિયા' અગાઉ એ જ વાર્તા પરથી 'ઓરત' નામની ફિલ્મ ૧૯૪૦માં બનાવેલી. મેહબૂબ ખાનને જન્મભૂમિ બીલીમોરા સાથે બહુ લગાવ હતો. 'મધર ઈન્ડિયા' ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ બીલીમોરામાં એમનાં મિત્ર ધીરુભાઈ નામાણીના ફાર્મ હાઉસમાં અને આસપાસ ધરમપુર, વાંસદા બાજુ થયેલું. ત્યાંના સ્થાનિક લોકોએ એમાં ગ્રામજનોની ભૂમિકાઓ પણ ભજવેલી.

કહેવાય છે કે 'મધર ઈન્ડિયા' જ્યારે આખા ઈન્ડિયામાં રિલીઝ થઈ હતી ત્યારે એમણે બીલીમોરા જેવા નાના શહેરમાં પણ એને એ જ દિવસે પ્રદર્શિત કરી હતી. એ વખતે ત્યાં હિંદી ફિલ્મો ૬ મહિનાઓ બાદ આવતી. મેહબૂબ ખાનને બીલીમોરામાંથી કાયમ ફાઇનાન્સનો સપોર્ટ મળતો એટલે જ્યારે ફિલ્મ 'મધર ઈન્ડિયા'એ ધૂમ કમાણી કરી ત્યારે મેહબૂબજીએ આખા બીલીમોરાનાં લોકો માટે જમણવાર કરેલો! સાવ અભણ અને હા, મેહબૂબ ખાન પોતાની સ્ક્રિપ્ટ ભાંગી- તૂટી ગુજરાતીમાં લખતા!

ફિલ્મ 'અનમોલ ઘડી' ના સેટ પર એ ફિલ્મનું ખૂબ જ પ્રખ્યાત ગીત 'જવાન હૈ મોહબ્બત, હંસી હૈ ઝમાના' નું શૂટિંગ ચાલી રહ્યું હતું. 'અનમોલ ઘડી' ફિલ્મ વખતે નૌશાદને મેહબૂબ પહેલીવાર મળ્યા હતા. ત્યારે નવા નવા સફળ સંગીતકાર નૌશાદ 'કારદાર પ્રોડક્શન્સ'માં સંગીતકાર તરીકે કામ કરતાં. મેહબૂબ ખાનને નૌશાદનું કામ ગમ્યું હતું એટલે એમણે 'કારદાર પ્રોડક્શન'ને એમની ફિલ્મ માટે નૌશાદને

સંગીત આપવા માટે વાત કરી. 'કારદાર પ્રોડક્શન' સંમત થયા.

નૌશાદે 'અનમોલ ઘડી' માટે જે પહેલું ગીત કમ્પોઝ કર્યું- 'જવાન હૈ મોહબ્બત, હંસી હૈ ઝમાના.' નૂરજહાંએ ગાયેલા આ ગીત સાંભળ્યા પછી, મેહબૂબ ખાને નૌશાદને કેટલાંક ફેરફાર કરવા કહ્યું , પણ નૌશાદને એ ગમ્યું નહીં. પણ મેહબૂબ એમનાથી ખૂબ જ સિનિયર હતા ને હોદ્દામાં પણ ઘણા ઊંચા એટલે કમને મેહબૂબના કહ્યા મુજબ નૌશાદે સૂરમાં ફેરફારો કર્યા.

થોડા દિવસો પછી નૌશાદે ફિલ્મનું બીજું ગીત તૈયાર કર્યું. નૌશાદજીએ મેહબૂબને કહ્યું, 'ફિલ્મનું બીજું ગીત સાંભળી લો ને કોઈ ફેરફાર હોય તો કહો.'

મેહબૂબ ખાને કહ્યું, 'એક મિનિટ. હું એક શોટ લઈ રહ્યો છું.' નૌશાદે પૂછ્યું : 'મેહબૂબ સાહેબ, હું કેમેરામાં જોઈ શકું?'

'હા, હા, તમારા જ પહેલા ગીતનું શૂટિંગ ચાલી રહ્યું છે.' મેહબૂબજીએ જવાબ આપ્યો.

નૌશાદે કેમેરાના વ્યુફાઇન્ડરમાં જોઇને કહ્યું, 'મને લાગે છે કે તમારે પેલું પેંટિંગ ડાબી બાજુથી કાઢીને જમણી બાજુ મૂકવું જોઈએ અને એ બાજુની લાઈટ બંધ કરીને આ બાજુની લાઈટ ચાલુ કરવી જોઈએ.'

સેટ પર બધા લોકો ચોંકી ગયા, કારણ કે સૌ મેહબૂબજીના ગુસ્સાથી વાકેફ હતા. પછી મેહબૂબ ખાને નૌશાદને ગરદનથી પકડીને બાજુ પર ખેંચી લીધા ને કહ્યું, 'તું તારી પેટી વગાડ. આ તારું કામ નથી.'

જવાબમાં નૌશાદે કહ્યું, 'હું જાણું છું કે આ મારું કામ નથી. પણ સંગીત મારું કામ છે, તમારું નહીં.'

મેહબૂબ ખાને કહ્યું, 'મને આ શોટ પૂરો કરવા દો, પછી હું તમને જવાબ આપીશ.'

હવે નૌશાદ ટેન્શનમાં આવી ગયા. શોટ પૂરો કરીને મેહબૂબજીએ નૌશાદ પાસે આવીને કહ્યું, 'તમે અહીં બીજા ગીત વિશે વાત કરવા આવ્યા છોને? તમે એને ફાઇનલ કરી નાખ્યું તો એ ફાઇનલ છે. એ તમારું કામ છે, મારું નહીં.'

આવી હતી ત્યારનાં મોટા લોકોની ખેલદિલી.

૨૭મે ૧૯૬૪ના રોજ ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત નહેરુનું હાર્ટ એટેકથી અવસાન થયું હતું. કહેવાય છે કે નહેરુના મૃત્યુના સમાચાર સાંભળીને મેહબૂબ ખાનને એવો તે આઘાત લાગ્યો કે મેહબૂબ સ્ટુડિયોના આંગણામાં કલ્પાંત એમણે કરેલો અને એમને પણ ત્યાં જ હાર્ટ એટેક આવ્યો. મેહબૂબજીને હોસ્પિટલમાં દાખલ કર્યા પણ ૨૮મે ૧૯૬૪ના રોજ અવસાન થયું હતું, ( તો વળી કોઇ કહે છે કે એ જ દિવસે અવસાન થયેલું) .

પોતાના મોત બાદ સંતાનો મેહબૂબ સ્ટુડિયો વેંચી ના નાખે માટે મેહબૂબજીએ ટ્રસ્ટ બનાવીને ત્યારનાં મુંબઇના મુખ્ય મંત્રી મોરારજી દેસાઇ જેવા પ્રમાણિક અને અડગ વ્યક્તિને ટ્રસ્ટી નીમીને એવી સજજડ વ્યવસ્થા કરેલી કે કોઇ હાથ ન લગાડી શકે. આજે પણ બાન્દ્રાનો મેહબૂબ સ્ટુડિયો, ૩ સલમાન આમીર-શાહરુખ અને બોલિવૂડના બીજા સ્ટાર્સનો પણ ખૂબ મનગમતો છે.

ભારતની એકમાત્ર ફિલ્મ 'અંદાઝ' છે, જેમાં રાજ કપૂર અને દિલીપ કુમારે સાથે એક જ વાર કામ કરેલું, જે મેહબૂબ ખાનની હતી. ત્યાર બાદ 'અમર' ફિલ્મ દિલીપ કુમાર-મધુબાલા સાથેની ફિલ્મ હતી અને એ પણ સુપરહિટ હતી. 'મધર ઇંડિયા'માં જ આગનાં દૃશ્યમાં સુનીલ દત્ત જે રીતે નરગિસને બચાવેલા પછી બંને વચ્ચે પ્રેમ અને પછી લગ્ન થયેલાં. 'મધર ઇંડિયા' બાદ મેહબૂબજીએ 'સન ઓફ ઇંડિયા' જેવી સામાજિક ફિલ્મ પણ બનાવેલી, પણ એ બહુ સફળ નહોતી પણ ચોકક્સ અલગ તો હતી જ.

અફસોસ કે ૧૯૬૧માં મોસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યૂરી રહી ચૂકેલા અને 'પદ્મશ્રી'થી સન્માનિત એવા આ ગરવા ગુજરાતી મેહબૂબજીને ગુજરાતે કદી પોતાના ગણ્યા જ નથી!

હમણાં ૨૮ મેના જેમની પુણ્યતિથી ગઇ એવા આપણા ફિલ્મઉદ્યોગના મહારથી મેહબૂબ સાહેબને સલામ! ■

---

# જેની ભાષામાં 'સભ્યતા'... એનાં જ જીવનમાં 'ભવ્યતા!'



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા



બસમાં બધાં ઠઠ્ઠા-મશ્કરી અને હલ્લા-બોલ કરી રહ્યાં હતા. પહેલી જ આવી ટૂર હતી એટલે મોડી રાત થવા છતાં ઊંઘ નહોતી આવતી. ડોલર એન્ડ પાર્ટીએ જેને પીવું હોય એમને માટે ક્વોટા સાથે લીધેલો (ગુજરાત હોવા છતાં) અને પ્રેમ ભર્યો આગ્રહ પણ કર્યો. કદાચ આ પહેલો નિર્માતા મેં જોયો કે જે કલાકારને વેજ/ નોન-વેજની ચોઈસ આપતો. પીધા પછી બે સિનિયર કલાકાર અને બે નિર્માતા વિવાદે ચડ્યાં : 'પેલો કેટલું કમાયો...પેલો કલાકારો માટે કેવો લોભ કરે છે?.. આપણે તો કલાકાર પહેલાં યાર.. એમના ઉપર તો નાટક ચાલે છે...' વગેરે...વગેરે... વાતો આગળ વધે એ પહેલાં મેં કહ્યું :

'પારકું રૂપ, પારકા રૂપિયા અને પારકી પંચાત કોઈ દિવસ કામમાં આવતા નથી માટે આવી વાતો પડતી મૂકી કોઈ સારા નાટકની વાતો કરો.' વિવાદમાં થોડી બ્રેક તો લાગી. કમાલ છે, પહેલાં 'આયુષ્ય' અને 'જ્ઞાન'નું સન્માન થતું, હવે બધે 'આવક' અને 'સ્વાર્થ'નું થાય છે. કલાકારો બસમાં, થોડા ઘેરાણા હતા તો થોડા 'મસ્તી'માં હતાં. મળસ્કું ક્યારે થયું એનું ભાન પણ ન રહ્યું. ઉદવાડાની ફાટક આવી અને બસ ઊભી રહી. ...ઊભી તો રહી...ખાસ્સી વધુ વાર ઊભી રહી.. આગળ ઊભેલા ત્રણ-ચાર ટ્રક ડ્રાઈવરને પૂછ્યું તો જવાબ મળ્યો કે 'બાપુ, હમણાં આવું રોજ ચાલે છે. હવે ટ્રાફિકનો ભરોહો રખાઈ નહી , બાપલા.. પરમદાડે' અમે ઠેઠ રાતે વડોદરે પુગેલા' આવું સાંભળી મારા મનમાં ફાળ પડી. અમદાવાદમાં શો પ્રેમાભાઈમાં રાત્રે ૯.૩૦ વાગ્યાનો હતો. હું અને ઈમ્તિયાઝ નજીક સ્ટેશન જોઈ તરત દોડ્યાં. સૌરાષ્ટ્ર મેલ આવવાની તૈયારીમાં હતો. ટી.સી. ગુજરાતી હતો. અમે અમારા નાટકની વાત કરી. એણે કહ્યું, 'કઈ વાંધો નહી ૧૦-૧૫મીનીટમાં ટ્રેન આવી જશે. તમે બધાને બોલાવી લો...'

હું અને ઈમ્તિયાઝ ખુશ થતા નિર્માતા પાસે દોડ્યાં. જેટલો આનંદ હતો એની ઉપર નિર્માતાઓએ પાણીઢોળ કરી નાખ્યું. કહેવા માંડ્યા : 'બસના તો આમ પણ પૂરા જ ચુકવવા પડશે ને? ..આખી બસ ખાલી મોકલી દેવાની ?! .... ટ્રેનમાં તો બધાના પૈસા કાકો કહીને ચૂકવવા પડશે. અને એ તો દેવા જ પડે ને, દાદુ. મેં કહ્યું, :

જો બસ ૯.૩૦/ ૧૦ વચ્ચે માંડ પહોંચી તો પણ શો કેન્સલ થવાની પૂરી શક્યતા છે. એક તો મળ્યું છે ૧૦ શોનું લાઈસેન્સ એમાંથી એક શો કર્યા વગર ઓછો થઈ જશે. બાકી પેટ પણ તમારું છે ભાણું પણ તમારું છે. જે નક્કી કરો એ.' થોડા કલાકારો ઊંઘમાં હતા તો નિર્માતા સહાયકો થોડા 'ટીપ્સી'. મને કહે : 'આપણે બસમાં જ જઈશું, જે થાય તે.' મારી સાચી વાત એમને સ્વીકાર્ય નહોતી.

સત્ય એના માટે કડવું હોય છે જેમને અસત્યમાં રહેવાની ટેવ પડી ગઈ હોય છે, બસમાં જવાનું કહેવાવાળા એ જમાતના જ હતાં.

ઘણાં લાંબા.....સમયે ફાટક ખૂલ્યું. એમાં પણ અમે વાત કરેલ સૌરાષ્ટ્ર મેલ ટ્રેન પસાર થયા બાદ. ધીમે ધીમે હાઈ-વે પર આગળ વધ્યાં. ટ્રાફિક જબ્બર હતો. કારણ સમજાતું નહોતું. ટ્રક-ડ્રાઈવરે કહેલ ..૯.૩૦ વાગે તો વડોદરે પહોંચ્યા. અને લખલખું પસાર થઈ ગયું.

ડોલર અને સુભાષની વાત માનવા મન તૈયાર નહોતું, છતાં અનુસર્યો, 'શેઠનો કોઈ શેઠ હોય? થોડા ઉચાટ અને થોડા ઉત્સાહ સાથે બધા શાંત થઈ ગયા. વચ્ચે વચ્ચે કોઈ ઉતરીને 'વોશ રૂમ' જતાં કે ચા-પાણી પતાવી આવતાં.

એ માટે 'બસ ઊભી રાખો' એમ કહેવું જ નહોતું પડતું. કારણ કે બસ લગભગ ઊભેલી જ હોય,... ગોકળગાયની ગતિથી બસ ચાલી રહી હતી. 'પહેલો શો થશે કે નહીં?' સમયસર પહોંચશે કે નહી?' આ વિચારો બધા મારે માટે નહીં, નિર્માતા માટે આવી રહ્યાં હતા. થિયેટરનું ભાડું, જા.ખ.ની કોસ્ટ. બીજા પણ નાના- મોટા ખર્ચા.. આ શો રદ થયો તો બધા ખર્ચ ભોગવવા જ પડે, આ બાબત કોઈ પણ વાત નિર્માતા સાથે કરું કે તરત 'છોડો યાર, એકની એક વાત બંધ કરો દાદુ.'

સભ્યતા દેખાડવામાં જાણે પરદો કરી દૂર થઈ જતાં. બાકી જેની ભાષામાં સભ્યતા હોય એના જ જીવનમાં ભવ્યતા હોવાની અને આ દિવ્ય વાત એમનાં દિમાગમાં ક્યાં બેસવાની? દારૂની અસર આમ પણ ક્યાં જલદી ઉતરવાની હતી? કહે છે કે ભાંગ પીધા પછી અને માંગ ભર્યા પછી પુરુષો લગભગ પાગલ થઈ જાય છે. એમને મનથી સમજાશે ત્યારે કોઈ ફરક પડે તો.!

વલસાડ- સુરત પસાર થતાં જ ૭.૪૫ થઈ ગયાં. સુરત નાસ્તો પતાવ્યો. લગભગ ૮.૧૦ વાગે સુરતથી નીકળ્યા. હવે ડોલરને ચિંતા શરુ થઈ. મને કહે, 'દાદુ, પહોંચી નહીં શકાય એવું લાગે છે...' મેં કહ્યું, 'લાગે છે? તે ટ્રેનમાં આવવાની ના પાડી ને એ મને મન પર સખત લાગ્યું છે. વચ્ચે ક્યાંક એસ.ટી.ડી. બુથમાંથી ધનજીને પ્રેમાભાઈ હોલ ઉપર ફોન કરી દે એ રાહ જોતો જ હશે. અને શોનું શું કરવું એ નિર્ણય પણ જણાવી દે.'

આપણે ૯.૩૦ વાગે રિફંડ માટેનું કહી દઈએ. હિસાબ લઈને ખાનપુરમાં છાપાના પ્રેસ પાસે આવેલ 'ડ્રીમલેન્ડ' હોટલ, જ્યાં આપણે બધા જઈશું, ત્યાં ધનજીને બોલાવી લઈએ.

બધા બસમાં થાક્યા હતા, કંટાળ્યા હતાં. કેટલાકે ટ્રેનની વાત અવગણી એનો વસવસો કરતા હતાં.. પણ હવે કોઈ ઈલાજ નહોતો. બસ રોકી ધનજીને એસ.ટી.ડી. કરી બીજી પિષ્ટપીંજણ કર્યા વગર શો રદ કરી હિસાબ લઇ હોટેલ ડ્રીમલેન્ડ પર પહોંચી જવા જણાવી દીધું.

બધા બસમાં બેઠાં. ખરેખર ટ્રાફિકની ખૂબ હેરાનગતિ વેઠવી પડી. કહે છે ને કે જેમ દરેક રસ્તા પર કઈ ને કઈ હેરાનગતિ હોય છે. એમ જ એનો કોઈ ને કોઈ રસ્તો પણ હોય છે અને આખરે બસ રાત્રે ૧૧.૪૫ વાગે ખાનપુર રોડ પર 'ડ્રીમલેન્ડ' હોટેલ પર આવી પહોંચી. ■

**ડબ્બલ રિચાર્જ**

કોઈએ પૂછ્યુંઃ સમાજને આગળ લાવવા શું કરવું જોઈએ?
જવાબઃ પગની જગ્યાએ હાથ ખેંચો...

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ‘નીચા નગર’ સાથે ઓરમાયું વર્તન કેમ થયું?

### સત્યજિત રાયને પ્રેરણા આપનારી અને ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’નો પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનારી એકમાત્ર હિન્દી ફિલ્મ આજે સાવ વિસરાઈ ગઈ છે.

*ડિયર ચેતન આનંદ,*

*તમારી ફિલ્મ ‘નીચા નગર’ જોઈ. હું બહુ જ પ્રભાવિત થયો અને પ્રમાણિકપણે કહું તો એ ફિલ્મ જોઈને જ મને મારી પહેલી ફિલ્મ ‘પાથેર પાંચાલી’ બનાવવાની પ્રેરણા મળી.....*

આ એ પત્રના અંશ છે જે વિશ્વ વિખ્યાત ફિલ્મ સર્જક સત્યજિત રાયએ આ ચિત્રપટથી પ્રભાવિત થઈ ‘નવકેતન ફિલ્મ્સ’ના ત્રણ આનંદ ભાઈઓમાં સૌથી મોટા ભાઈ ચેતન આનંદ (અન્ય બે નાના ભાઈ હતા દેવ આનંદ અને વિજય આનંદ)ને લખ્યો હતો. (અલબત્ત, પત્રના શબ્દોમાં ફેરફાર હશે, પણ ભાવાર્થ આબેહૂબ જળવાયો છે).

આ સ્મૃતિ ઉખેળવાનું કારણ એટલું જ કે આ વર્ષે આયોજિત ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં નીરજ ઘાયવાનની ‘હોમબાઉન્ડ’નું પ્રીમિયર થયું, સત્યજિત રાયની ‘અરણ્યેર દિન રાત્રી’નું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું અને એ ફિલ્મની અભિનેત્રીઓ શર્મિલા ટાગોર - સિમી ગરેવાલે એ રેડ કાર્પેટ પર વોક કરી, અનુપમ ખેર દિગ્દર્શિત ‘તન્વી ધ ગ્રેટ’નું સ્ક્રિનિંગ થયું, કોમ્પિટિશન જ્યુરીમાં પાયલ કાપડિયાની હાજરી જોવા મળી ... વગેરે વાતો મીડિયામાં ગાજી, એનાં ગીત ગવાયાં અને દેશભરમાં પડઘા પડ્યા.

આજે તો મીડિયા - સોશિયલ મીડિયા પાવરફુલ છે અને સિદ્ધિના ગુણગાન તાત્કાલિક જગતના ખૂણે ખૂણે પહોંચી જાય છે. ખેદની વાત એ છે કે ૧૯૪૬માં આયોજિત પ્રથમ ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં પ્રતિષ્ઠિત Palme d'Or એવોર્ડ મેળવનારી પ્રથમ અને એકમાત્ર ભારતીય ફિલ્મ ‘નીચા નગર’ આજે સદંતર વિસરાઈ ગઈ છે. એથી વધુ પીડા આપનારી વાત એ છે કે ભારતીય સિને રસિકોને આ ફિલ્મ થિયેટરમાં જોવાનો મોકો જ નથી મળ્યો. આ એ ફિલ્મ છે જેણે સત્યજિત રાયને ‘પાથેર પાંચાલી’ (૧૯૫૫) ફિલ્મ બનાવવા પ્રેરણા આપી (જે ખુદ ડિરેક્ટરે કબુલ્યું છે). એટલું જ નહીં, ‘નીચા નગર’ના મેકિંગની લાઈટિંગ સહિતની કેટલીક ટેક્નિકથી પ્રભાવિત થયેલા રાજ કપૂરએ એનો ઉપયોગ ‘આવારા’ (૧૯૫૧)માં કર્યો હતો.

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ સ્તરે ફિલ્મોમાં લોકેશન શૂટિંગ, સમકાલીન કથા - વિચાર વગેરે રજૂ થવા લાગ્યા. ફિલ્મ મેકિંગની આ શૈલી Neo Realism (નવ વાસ્તવવાદ) ચળવળ તરીકે ઓળખાઈ. ભારતમાં નવ વાસ્તવવાદ ફિલ્મો શરૂ કરવાનો શ્રેય ચેતન આનંદ (નીચા નગર), બિમલ રોય (દો બીઘા જમીન) અને ખ્વાજા અહમદ અબ્બાસ (ધરતી કે લાલ)ને આપવામાં આવે છે.

વિખ્યાત રશિયન લેખક મેક્સિમ ગોર્કીના નાટક પર આધારિત હિન્દી વાર્તા ‘નીચા નગર’ પર આધારિત એજ નામ ધરાવતી ફિલ્મ ‘નીચા નગર’ની વાર્તાનું કેન્દ્રબિંદુ હતી એક કાલ્પનિક શહેરમાં વસતા રાય અને રંક વચ્ચેની વિશાળ ખાઈ. ધનવાન જમીનદાર પોતાના વિસ્તારની ગટરની ગંદકી કારમી ગરીબીમાં જીવતા નીચા નગર તરફ ધકેલી દેતા એમનું જીવન બદતર થઈ જાય છે. નીચા નગરમાં રોગચાળો ફેલાય છે અને બીમારીમાંથી ધન કમાઈ લેવાની લાલસાએ જમીનદાર ત્યાં હોસ્પિટલ શરૂ કરે છે. એક આદર્શવાદી



નીચા નગર


ચેતન આનંદ

યુવકના નેતૃત્વ હેઠળ ગામવાસીઓ જમીનદારનો વિરોધ કરે છે, જેમાં જમીનદારની દીકરીનો જ સાથ મળે છે. અને..

જો આટલું જાણી તમને રસ પડ્યો હોય અથવા લગભગ ૮૦ વર્ષ પહેલાં બનેલી ફિલ્મને મોટું સન્માન મળ્યું હતું એ જાણ્યા પછી એ જોવાની ઈચ્છા થાય તો એ ‘યુટ્યુબ’ પર ઉપલબ્ધ છે. જરૂર જો જો...

ભારતમાં બ્રિટિશ શાસનનો સૂર્યાસ્ત થવાની તૈયારીમાં હતો ત્યારે બ્રિટિશ સત્તાધીશોએ આકરા નિયમો - પ્રતિબંધો લાદ્યા હતા. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મર્યાદિત બજેટમાં કલાકાર કસબીઓના સહયોગથી આ ફિલ્મ તૈયાર થઈ શકી અને એવોર્ડ મેળવવામાં પણ સફળ રહી. જોકે, ‘કાન ફેસ્ટિવલ’માં મળેલી ધમાકેદાર સફળતા પછી સ્વદેશમાં ફિલ્મ રિલીઝ કરવા કોઈ ડિસ્ટ્રિબ્યુટર તૈયાર ન થયો. જો પંડિત નેહરુએ કોશિશ ન કરી હોત તો ફિલ્મ થિયેટરમાં રિલીઝ પણ ન થઈ શકી હોત. અહીં નોંધવું રહ્યું કે ફિલ્મનું બલરાજનું મહત્ત્વનું પાત્ર નેહરુ પર આધારિત હતું.

ઈતિહાસના પ્રોફેસર, લંડનમાં ઉચ્ચ અભ્યાસ અને મુંબઈમાં ‘ઈપ્ટા’ના સભ્ય જેવું કારકિર્દી વૈવિધ્ય ધરાવતા ચેતન આનંદની ‘નીચા નગર’ દિગ્દર્શક તરીકે પહેલી ફિલ્મ હતી. પહેલી જ ફિલ્મને પ્રતિષ્ઠિત પારિતોષિક વિખ્યાત ઈટાલિયન ફિલ્મમેકર રોબર્ટો રોઝેલિનીની Rome Open City સાથે મળ્યું હતું. વૈશ્વિક સન્માન મેળવનાર આ પ્રથમ ભારતીય ફિલ્મ ઉપરાંત ભારતીય જીવનનું પ્રતિબિંબ ઝીલી પશ્ચિમના દેશોને પ્રભાવિત કરનારી પણ આ પહેલી ભારતીય ફિલ્મ હતી. અને હા, જગવિખ્યાત સિતાર વાદક રવિશંકરની સંગીતકાર તરીકે પ્રથમ ફિલ્મ હતી, પણ શિખર પર વાવટો લહેરાયો હોવા છતાં એ ફિલ્મ ગુમનામીની ગર્તામાં ધકેલાઈ ગઈ એ મોટી કરુણતા કહેવાય.

‘નીચા નગર’ ભારતમાં કેમ રિલીઝ ન થઈ એનું કોઈ સત્તાવાર કારણ નથી, પણ એ સમયે ભારતમાં બ્રિટિશ શાસન હતું અને સામ્રાજ્યવાદ વિરોધી ફિલ્મ બ્રિટિશ સેન્સરશિપને આંખમાં કણાની જેમ ખૂંચી હોય અને એટલે એને પ્રદર્શિત થવા ન દીધી હોય આ સંભાવના છે. વિદેશમાં વાહવાહ પણ સ્વદેશમાં જે રીતે એની ઉપેક્ષા થઈ એનાથી નિરાશ થયેલા ચેતન આનંદએ પછી ફિલ્મ બનાવવાની પદ્ધતિ બદલી નાખી. આનાથી હિત સધાયું કે અહિત થયું એ તો ‘નીચા નગર’ અને ત્યારબાદની એમની ફિલ્મો જોઈ દરેક જણે જાતે નક્કી કરી લેવું. જોકે, આ બદલાવ એટલો ઘેરો હતો કે જ્યારે સૌથી નાના ભાઈ વિજય આનંદે ફિલ્મોમાં કરિયર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ચેતન આનંદનાં પત્ની ઉમા આનંદે એમને કહ્યું કે દરેક તબક્કે બાંધછોડ કરવા માટે તૈયાર રહેવું પડશે. વિજય આનંદે પણ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે ઉમા ભાભીના કહેવા અનુસાર ‘નીચા નગર’ પછી ચેતન આનંદએ સતત બાંધછોડ કરવી પડી હતી. વાત દીવા જેવી સ્પષ્ટ છે. ‘નીચા નગર’ની કરુણાંતિકા બોક્સ ઓફિસ પર સરિયામ નિષ્ફળતા સુધી સીમિત ન રહી. સૌથી મોટો ફટકો એ પડ્યો કે ચેતન આનંદે પાંખો ફેલાવી ફિલ્મો બનાવવા પર જાતે જ લગામ મૂકી દીધી. દેશના ભાગલા પછી ફિલ્મના નિર્માતા એ. હલીમ ફિલ્મની નેગેટિવ લઈ પાકિસ્તાન જતા રહ્યા. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવનારી આપણી એ ફિલ્મ નામશેષ થઈ ગઈ એવું દેશવાસીઓએ માની લીધું, પણ સદનસીબે સત્યજિત રાયના સિનેમેટોગ્રાફર સુબ્રોતો મિત્રને ભંગારની એક દુકાનમાં સબડી રહેલી આ ફિલ્મના રીલ મળ્યા અને આપણી મૂડી આપણી તિજોરીમાં આવી ગઈ.

ચેતન આનંદ અને સત્યજિત રાયને એકબીજાની ક્રિયેટીવીટી માટે અનહદ આદર હતો. ‘નીચા નગર’ માટે રવિશંકર અને ત્યારબાદ ‘આંધિયા’ માટે અલી અકબર ખાનને સંગીતકાર તરીકે અજમાવવાના ચેતન આનંદના સાહસથી પ્રોત્સાહિત થઈ સત્યજિત રાયએ એમની ફિલ્મો ‘અપુટ્રિલોજી’, ‘પારસ પત્થર’ અને ‘દેવી’માં આ બંને મહારથીને સ્વરાંકનની જવાબદારી સોંપી હતી.

ચેતન આનંદની એ એક ફિલ્મ ‘નીચા નગર’ના કેટકેટલાં યોગદાન છે, પણ... ■




# જ્યારે દિગ્ગજ સ્ટાર્સ સેટ પર ટકરાય...

મહેશ નાણાવટી

**વિશ્વાવિખ્યાત ફિલ્મ સર્જક સત્યજીત રેની ‘નાયક’ નામની** એક બંગાળી ફિલ્મમાં ઉત્તમ કુમાર એક અભિનેતાનો જ રોલ કરે છે. એમાં એક દૃશ્ય એવું છે કે ઉત્તમ કુમાર પોતે એક આજ્ઞાંકિત ઓછાબોલા પુત્રના રોલમાં છે અને એક સિનીયર પીઢ એક્ટર એના પિતા બન્યા છે. દૃશ્યનું શૂટિંગ ચાલુ થાય છે ત્યારે પેલા પીઢ એક્ટર પોતાના બુલંદ અવાજે અને ખાસ્સા નાટકીય અંદાજમાં સવાલો કરે છે, જેના જવાબ ઉત્તમ કુમાર ખૂબ જ ધીમા અવાજે આપી રહ્યા છે... પણ હજી ત્રીજા જ સંવાદમાં પેલા પીઢ એક્ટરનો પિત્તો જાય છે. એ સેટ ઉપર કંઈક પછાડીને ઘાંટો પાડે છે કે ‘આ શું માંડ્યું છે? અંગ્રેજી ફિલ્મો જોઈ- જોઈને આ બધી અન્ડર એક્ટિંગ શેનો કરી રહ્યો છે? જેથી પરદા પર હું જ કર્કશ લાગું? હું તારી બધી ચાલાકી સમજું છું!’ વગેરે, વગેરે.

બે દિગ્ગજ એક્ટર સામસામા આવે ત્યારે કેવા તણાવ અને ટકરાવ થતા હોય છે તે ‘નાયક’ ફિલ્મના આ દૃશ્યમાં પહેલીવાર ‘પરદા ઉપર’ જોવા મળ્યું!

બાકી, એ દિગ્ગજ સ્ટારનો સમય વીતી ગયા પછી જ અહંકારના કિસ્સા રમૂજી કિસ્સા તરીકે ફરતા થઈ જતા હોય છે. સુભાષ ઘાઈની ‘સૌદાગર’ બની રહી હતી ત્યારે દિલીપકુમાર અને રાજકુમાર વચ્ચે વારંવાર આવું થતું હતું. એમાં પેલું ગીત છે ને, ‘ઈમલી કા બૂટા, બેરી કા બેડ...’ એ ફિલ્મમાં બે વાર આવે છે. એમાં જ્યારે પહેલીવાર આવે છે ત્યારે તમે ખાસ માર્ક કરજો, બન્ને દિગ્ગજ કલાકારોના ડાન્સના સ્ટેપ જે સેમ-ટુ સેમ હોવા જોઈએ તે વારંવાર હલબલી જાય છે!

એ જ સોંગ જ્યારે ફરીવાર આવે છે ત્યારે હોળીનો તહેવાર બતાડ્યો છે. સુભાષ ઘાઈ એના શૂટિંગના કિસ્સા યાદ કરતાં કહે છે, ‘લાઈટ્સ ગોઠવાઈ રહી છે, અને પેલા બન્ને દિગ્ગજ પોતપોતાના ખુણામાં ઊભા છે. એકબીજાને જોયા કરે છે... એકે પોતાના ગાલ ઉપર ગુલાલ લગાડ્યો... તો બીજો પણ એ જ રીતે પોતાનો ગાલ રંગે છે...! એક પોતાના શર્ટ પર ગુલાલ છાંટે છે તો બીજો બિલકુલ એજ રીતે પોતાનું શર્ટ રંગે છે!’

હદ તો ત્યારે થાય છે કે જ્યારે કોરિયોગ્રાફર બન્નેને અલગ અલગ ખૂણે ડાન્સનાં સ્ટેપ્સ શીખવાડે છે. સુભાષ ઘાઈએ જઈને રાજકુમારને કહ્યું, ‘આપ સ્ટેપ્સ બહોત અચ્છા કર રહે હો...’ તો રાજકુમાર કહે, ‘બરખુરદાર, હમ તો સહી કર રહે હૈં, મગર દિલીપ સા’બ સે કહો, વો ઉન કે સ્ટેપ ઠીક સે કરે!’

પછી સુભાષ ઘાઈ દિલીપ કુમાર પાસે જઈને કહે છે : ‘રાજ સા’બ કહે રહે થે કી આપ સ્ટેપ્સ બહોત અચ્છા કરે રહે હૈ.’ તો દિલીપ કુમાર રહે છે કે ‘હમ તો ઠીક હી કર રહે હૈં, આપ ઉન સે કહો, વો અપને સ્ટેપ ઠીક સે કરેં!

આમાં બિચારા ડિરેક્ટરની દશા તો સૂડી વચ્ચે સોપારી જેવી જ થાય ને? હિન્દી ફિલ્મોના મહાનાયક તરીકે પ્રખ્યાત એવા બચ્ચન સાહેબની એક અલગ જ સ્ટાઈલ હતી. આ કિસ્સો ‘હમ’ ફિલ્મના શૂટિંગ વખતનો છે.

સૌ જાણે છે તેમ ગોવિંદાને હંમેશાં સેટ ઉપર ખૂબ જ મોડા પહોંચવાની આદત હતી. ‘હમ’ના શૂટિંગ વખતે પણ એ ટેવ ચાલુ જ હતી. બે-ચાર વાર આવું થયું તો બચ્ચન સાહેબે ચલાવી લીધું, પણ એક દિવસ એમણે ગોવિંદાની ફિરકી લેવાનું નક્કી કર્યું. ગોવિંદા જ્યારે પૂરા ચાર કલાક મોડા પધાર્યા કે તરત બચ્ચન સાહેબ એમને લેવા માટે સામે દોડી ગયા પછી ગોવિંદાનો હાથ ઝાલીને આવકારતાં કહેવા લાગ્યા, ‘આઈયે આઈયે! હમ આપ કા હી ઈન્તેજાર કર રહે થે... આઈયે! મૈં આપ કા પરિચય કરવાતા હું!’

એમ કહીને ગોવિંદાનો હાથ ઝાલીને એને કેમેરામેન પાસે લઈ ગયા અને કહે છે, ‘ઈન્હેં જાનતે હો આપ? યે ગોવિદા હૈ! બહોત બડે સ્ટાર હૈં... ડાન્સર ભી બહોત અચ્છે હૈ... એક્ટર ભી બહોત અચ્છે હૈ! ગોવિંદાજી, યે હમારે કેમેરામેન હૈં...’

ગોવિંદાને એમ કે આ મજાક ચાલી રહી છે પણ પછી બચ્ચન સાહેબે ગોવિંદાની ઓળખાણ તેની હીરોઈન શિલ્પા શિરોડકર સાથે કરાવી. ‘ઈન સે મિલિયે... યે હૈ ગોવિંદા... બહોત બડે સ્ટાર હૈં...’ વગેરે વગેરે.

બચ્ચનજી આટલેથી ના અટક્યા. એમણે ડિરેક્ટર મુકુલ આનંદ આગળ એ જ નમ્રતાપૂર્વક ગોવિંદાનો ‘પરિચય’ આપ્યો. ‘યે હૈ ગોવિંદાજી! બહોત બડે સ્ટાર હૈ... આજકાલ તો ઈન કે નામ કે બડે ચર્ચે હૈ...’

હવે ગોવિંદા શરમાઈ ગયો હતો. પણ બચ્ચનજીએ ડ્રામા બરાબર લાંબો ખેંચ્યો! છેક સ્પોટબોય સુધી ગોવિંદાનો પરિચય’ કરાવ્યો પછી ઉપરથી કહ્યું, ‘આપને યહાં પધારકર બડી ક્રિપા કી હૈ, હમ સબ આપ કી હી પ્રતીક્ષા કર રહે થે... અબ કે જબ આપ આ ગયે હૈ તો હમારે કામકા શુભારંભ ભી હો જાયેગા!’


આટલા લાંબા ડ્રામા પછી ગોવિંદાની હાલત લગભગ એવી હતી કે કાપો તો લોહી ના નીકળે! પણ એ પછી ‘હમ’ના શૂટીંગમાં ગોવિંદાજી સમયસર આવતા થઈ ગયા!

જોકે ‘બડે મિયાં છોટે મિયાં’ વખતે પણ બન્ને દિગ્ગજો સાથે હતા, પરંતુ અહીં દિગ્દર્શક ડેવિડ ધવન હતા. એમણે ગોવિંદા સાથે ઓલરેડી અડધો ડઝન ફિલ્મો કરી હતી એટલે ગોવિદાનાં દૃશ્યોનું શૂટિંગ જ એવા ટાઈમે ગોઠવે કે જેથી આગળના ચાર કલાકમાં બીજાં દૃશ્યો શૂટ થઈ શકે!

ગોવિંદા અને રાજકુમારનો એક કિસ્સો સાચો છે કે ખોટો તે ખબર નથી, પણ વાયકા એવી છે કે ‘મરતે દમ તક’ નામની ફિલ્મ બની રહી હતી ત્યારે ગોવિંદા કંઈ એવો મોટો સ્ટાર બન્યો નહતો. (એટલે સેટ પર મોડા પણ નહોતો આવતો). એ દરમિયાન, ગોવિંદાએ પહેરેલા એક શર્ટના રાજકુમારે વખાણ કરી નાખ્યા. ગોવિંદાએ રાજી થઈને એવું જ એક શર્ટ ખરીદીને રાજકુમારને ગિફ્ટમાં આપ્યું, પણ...

બીજા દિવસે જુએ છે તો રાજકુમારે એ શર્ટના કાપડમાંથી રૂમાલ બનાવ્યો હતો અને પોતાનું નાક લૂછતા હતા! ■


ઉત્તમકુમાર


દિલીપકુમાર



રાજકુમાર


અમિતાભ બચ્ચન


ગોવિંદા

## ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

### એક ખટ્ટુ-મીઠી પ્રેસ કોન્ફરન્સ



નિર્માતા સાજીદ નડીયાદવાલાની મેગાસ્ટારકાસ્ટ ધરાવતી ફિલ્મ ‘હાઉસફૂલ ૫’ આવતા મહિને રિલીઝ થઈ રહી છે. ફિલ્મનું ટ્રેલર આ અઠવાડિયે આવી ગયું અને તેના લોન્ચ માટે એક પ્રેસ કોન્ફરન્સ પણ આયોજિત થઈ હતી. આ કોન્ફરન્સનું મોટાભાગનું હોસ્ટિંગ અક્ષય કુમારે કર્યું અને તમામ એક્ટર્સના ચહેરા ઉપર રહેલા માસ્ક હટાવીને એમની ઓળખ પ્રેસ સમક્ષ કરાવવામાં આવી હતી.

આ એક નવો પ્રયાસ જરૂર હતો, પરંતુ મજા તો જ્યારે પત્રકારોએ અક્ષય એન્ડ ટીમને પ્રશ્નો પૂછ્યા ત્યારે આવી હતી. એક પત્રકારે નાના પાટેકરને અંગ્રેજીમાં પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યું ત્યારે નાનાએ એની લાક્ષણિક સ્ટાઈલમાં પત્રકારને ટપારીને કહ્યું: ‘એય, હિન્દી મેં પૂછો મુજે અંગ્રેજી નહીં આતી!’

જોકે ખરી, મજા તો અક્ષય કુમારે કરાવી હતી. જ્યારે એક રિપોર્ટરે અક્ષયને એણે આ ફિલ્મ માટે કેટલી ફી લીધી એ પૂછ્યું.

અક્ષયે પેલાને સામે પૂછ્યું : મેં ગમે તેટલા પૈસા લીધા હોય, પણ તને શું કામ કહું... તું મારો સગો થાય છે?’

‘હેરાફેરી ૩’ ના વિવાદ અંગે પૂછાયેલા પ્રશ્નને અક્ષયે ‘એ મેટર અત્યારે કોર્ટમાં છે એમ કહીને ટાળી દીધો હતો.

જો કે, આ પ્રેસ કોન્ફરન્સની સહુથી મોટી વાત હતી સાજીદ નડીયાદવાલા દ્વારા આ ફિલ્મના બે એન્ડ હોવાની ઘોષણા. ‘બે એન્ડ’ની આ ઘોષણાથી ફિલ્મ ઉદ્યોગ અને મીડિયામાં જબરી ચર્ચા જામી છે.

### સોનુ સુદે ભાંગરો વાટ્યો કે...



સેલીબ્રિટીઓ પોતાને જ્ઞાન પીરસવાના જાણકાર માનતા હોય છે. ‘દેશવાસીઓને ચાલો, કશુંક શીખવાડીએ...’ની લ્હાયમાં આ લોકો મૂળ નીતિ-નિયમો જ ભૂલી જતાં હોય છે. આવું જ એક ઉદાહરણ સોનુ સૂદે હમણાં પેશ કર્યું છે. વાત એમ છે કે કોવિડના સમયમાં અસંખ્ય લોકોને મદદરૂપ બનીને ખાસ્સો જાણીતો થયેલો સોનુનો એક વીડિયો વાયરલ થયો છે. એમાં એ ઓછાં કપડાં અને હેલ્મેટ પહેર્યા વગર બાઈક ચલાવતો નજરે ચઢે છે.

હિમાચલ પ્રદેશનું આ બર્ફિલું પ્રવાસન સ્થળ લાહોલ-સ્પીતી છે. વીડિયો વાયરલ થયા બાદ ત્યાંની સ્થાનિક પોલીસ સફાળી જાગી છે. આ રીતે સુરક્ષાના નિયમોને તડકે મૂકીને બાઈક રાઈડ કરવા બદલ સોનુ સુદ પર ઇન્ક્વાયરી શરૂ કરી દીધી છે. પોલીસ અનુસાર સુદ જેવી સેલિબ્રિટી આવી ક્લિપ દ્વારા લોકોને ખોટો સંદેશ પહોંચાડે છે.

જોકે, સોનુ સુદે પોતાના બચાવમાં જાહેર કર્યુ છે કે આ એક શૂટિંગનું દૃશ્ય છે માટે એને ગંભારતાથી લેવાની જરૂર નથી...વાર્તા પૂરી...!

### આ વખતે બિઈઈઈગ બોસ હશે !



ના, આ કોઈ જ પ્રિન્ટીંગ મિસ્ટેક મુદ્રણ દોષ નથી. અહીં ખરેખર ‘બિઈઈઈગ બોસ’ જ લખ્યું છે. આમ લખવા પાછળ આપણી પાસે સોલ્લીડ કારણ પણ છે. બિગ બોસની ૧૯મી સિઝન ફરીથી સલમાન ખાન જ હોસ્ટ કરશે, પરંતુ તેમાં એક ટ્વિસ્ટ છે. આ ટ્વિસ્ટ છે બિગ બોસની આ સિઝનનો સમય. સામાન્યતઃ બિગ બોસ સાડા ત્રણ મહિના ચાલતું હોય છે, પરંતુ આ વખતે તે તેનાથી પણ લાંબો સમય ચાલશે.

લાંબો સમય એટલે કેટલો એ જણાવીએ? તો સાંભળી જ લેજો, (સોરી! વાંચી જ લેજો) આ વખતે બિગ બોસ સાડા ત્રણ નહીં પણ પૂરા સાડા પાંચ મહિના ચાલશે! આમ આ રીતે આ વખતની બિગ બોસની સિઝન તેના ઈતિહાસની સહુથી લાંબી સિઝન હશે. બોલો, હવે થયું ને ‘બિઈઈઈગ બોસ’?!

જો કે, આવી લાંબી સિઝનને કારણે એના ફેન્સને લાંબાગાળાનું ‘મનોરંજન’ મળશે કે નહીં એની કોઈ ગેરેન્ટી નથી અને બીજું, સલમાન ખાન ખુદ પોતે સાડા પાંચ મહિના સમય આ શોને આપી શકશે ખરો એ જ યક્ષ પ્રશ્ન છે ! ■

**કટ એન્ડ ઓકે..**

*‘મારા ક્લાયન્ટને હેરાફેરી -૩ની સ્ક્રિપ્ટ આપવામાં જ નથી આવી!’*
*પરેશ રાવલના વકીલનો દાવો*

**ફિલ્મનામા**
**નરેશ શાહ**

# હમ સે મત પૂછો કૈસે, મંદિર તૂટા સપનોં કા લોગોં કી બાત નહીં હૈ, યે કિસ્સા હૈ અપનોં કા...

## સુપરસ્ટાર રાજેશ ખન્ના પર આલેખાયેલું આ પુસ્તક પ્રગટ થતાંની સાથે જ માર્કેટમાંથી ખરેખર કોઈ કાવતરાંનું ભોગ બનીને ગાયબ થઈ ગયું તે પછી...

સુપરસ્ટાર રાજેશ ખન્ના અને હૈદરાબાદના નવમા નિઝામ... આમ તો આ બે પર્સનાલિટીનું કોઈ કનેકશન બનતું નથી, કારણ કે અંગતજનોમાં 'કાકા' તરીકે જાણીતા રાજેશ ખન્નાનું અવસાન થયાને પણ આજે તેરમું વરસ ચાલી રહ્યું છે છતાં આ બન્નેને જોડતી એક રેખા ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ખેંચાઈ હતી.

એ દિવસે હૈદરાબાદના નવમા નિઝામે રાજેશ ખન્ના પર લખાયેલાં એક પુસ્તકનું વિમોચન કર્યું હતું. કમભાગ્યે, એ પુસ્તક આજે અપ્રાપ્ય છે- માર્કેટમાં મળતું નથી. એ પુસ્તકનાં લેખિકા અનિતા અડવાણીનો દાવો છે કે રાજેશ ખન્નાના લાખો ચાહકો સુધી આ પુસ્તક ન પહોંચે એ માટે અમુક ચોક્કસ લોકોએ તેને સગેવગે કરાવી દીધું છે!

આ અનિતા અડવાણીનું નામ તમને કદાચ અજાણ્યું લાગતું હોય તો જાણી લો કે એ ખુદ પોતાને રાજેશ ખન્નાના 'સેરોગેટ પત્ની' ગણાવે છે. જો કે કાકા સાથેના સહવાસનાં વરસો દરમિયાનની વાતો કરતું આ પુસ્તક ખરેખર તો 'હોટકેક' ગણાવું જોઈએ અને એ સતત માર્કેટમાં ઉપલબ્ધ રહેવું જોઈએ, પણ અનિતા અડવાણીએ લખેલા પુસ્તકના કિસ્સામાં ઊંધું થયું છે. એમણે તો પુસ્તકના પબ્લિશર પર પણ કોર્ટ કેસ કર્યો છે, પરંતુ આ જાણ્યા પછી વિચાર આવી જાય કે પત્ની યા કહેવાતા લાઈફ પાર્ટનર થકી જે તે સેલિબ્રિટીને ફરી ચર્ચાની એરણે ચઢાવવાની જાણે ફેશન ચાલી રહી છે આજકાલ.

'ફિલ્મનામા'માં જ તમે અભિનેતા ઓમ પુરીનાં પ્રથમ પત્ની રાઈટર - ડિરેકટર (અભિનેતા અનુ કપૂરના બહેન) સીમા કપૂરે લખેલી આત્મકથા વિશે વાચી ગયા છો ત્યારે ફરી રિઅલ સુપરસ્ટારનું બિરૂદ પામેલ રાજેશ ખન્નાની આગામી ૧૧ જુલાઈ, ૨૦૨૫માં તેરમી પુણ્યતિથિ આવશે, પણ એ પહેલાં જ 'કાકા'ની અંગત લાઈફ ફરી છાપરે ચઢી છે. બેશક, તેનું શ્રેય રાજેશ ખન્નાની હયાતિના છેલ્લાં દસ વરસ એમની સાથે પસાર કરવાનો દાવો કરતાં (બે-ચાર ફિલ્મ પૂરતાં અભિનેત્રી) અનિતા અડવાણીને હિસ્સે જ આવ્યું છે. 'યુટયૂબ' પર તમે સર્ચ કરશો તો અનિતા અડવાણીએ આપેલાં લેટેસ્ટ ઈન્ટરવ્યૂ મળશે, જેમાં એણે ફરી એકવાર રોદણાં રોયાં છે કે, એક લોબી યા સિલેકટેડ લોકોના ષડયંત્રનો ફરી એકવાર પોતે શિકાર બની છે!


અનિતા અડવાણી - રાજેશ ખન્ના




અનિતા અડવાણીના રોદણાં જો કે આ વખતે ખોટાં હોય એવું લાગતું નથી. કારણ પણ જાણવા જેવું છે, પરંતુ એ પહેલાં મેમરીને રિફ્રેશ કરી લઈએ કે, રાજેશ ખન્ના સાથેના મતભેદ - મનભેદ પછી કાકા અને ડિમ્પલજી અલગ થઈ ગયાં હતાં, પરંતુ બન્નેએ ડિવોર્સ લીધા નહોતા. રાજેશ ખન્ના સાથે એ પછી પણ ડિમ્પલ અને બન્ને દીકરીઓના (જરૂરિયાત પૂરતાં) સંબંધો તો હતા જ, કાકા કોંગ્રેસના ઉમેદવાર તરીકે લોકસભાની ચૂંટણી લડતાં ત્યારે પણ ડિમ્પલ કાપડિયા એમની પ્રચાર રેલીમાં રહેતાં, તેવા એકથી વધુ પ્રસંગ છે. આ દરમિયાન જ અથવા તો કહો કે ૨૦૦૧-૦૨માં રાજેશ ખન્ના અનિતા અડવાણીના સંપર્કમાં આવ્યા અને પછી કાકા (છેલ્લાં દિવસોમાં) હોસ્પિટલાઈઝ થયા ત્યાં સુધી અનિતા અડવાણી એમની સાથે જ લાઈફ પાર્ટનર (સેરોગેટ - વાઈફ એવો શબ્દ અનિતા વાપરે છે!) તરીકે હતા તેવો અનિતા મેડમનો દાવો છે.

મુંબઈના બાંદરા પરામાં સુપ્રસિદ્ધ 'મરિના ગેસ્ટ હાઉસ' છે, જ્યાં મોટા મોટા સ્ટાર સ્ટ્રગલના દિવસોમાં રહ્યા હતા. આ 'મરિના ગેસ્ટહાઉસ'ના માલકણ અનિતા અડવાણીના માસી થતાં હતાં. અનિતાના જ શબ્દોમાં કહીએ તો, 'કાકાના અંતિમ દિવસોમાં ડિમ્પલ કાપડિયાએ કાકાનો કબજો લઈ લીધો અને હું જાણે છોતરું હોય તેમ મને ફગાવી દીધી- મારો કાંકરો કાઢી નાખ્યો!'

૧૮ જુલાઈ, ૨૦૧૨ના રાજેશ ખન્નાનો સ્વર્ગવાસ થયો એ પછી તો ડિમ્પલ - અનિતા વચ્ચે ઘણું બન્યું. કોર્ટ કેસ ય થયા, જેમાંનો એકાદ ૨૦૨૫માં ચાલી રહ્યો છે. અનિતા અડવાણીનું (રાજેશ ખન્નાના મૃત્યુ પછી) કહેવાનું થતું હતું કે રાજેશ ખન્ના ઈચ્છતાં હતા કે એમનો 'આશીર્વાદ' બંગલાને ભવિષ્યમાં મ્યુઝિયમ બનાવીને જાળવો, જેથી લોકો આવીને હિન્દી સિનેમાના પ્રથમ સુપરસ્ટારની યાદોને જોઈ - અનુભવી શકે. અનિતા અડવાણીની (રાજેશ ખન્નાની અંતિમ ઈચ્છાની) આ વાત સાચી હોય તો પણ સચ્ચાઈ એ છે કે ડિમ્પલ અને જમાઈ અક્ષયકુમારે 'આશીર્વાદ' બંગલો વેચી નાખ્યો છે. ૨૦૨૫માં તો એ જમીનદોસ્ત પણ થઈ ગયો છે, પરંતુ ૨૦૨૪માં જ, રાજેશ ખન્નાના નિધનના તેરમા વરસે અનિતા અડવાણીએ રાજેશ ખન્ના અને પોતાના સંબંધ - સંપર્ક - સમયને આલેખતું પુસ્તક લખ્યું, જેનું નામ છેઃ 'ધ એંડિયરિંગલી વિક્ડ વેઝ ઓફ રાજેશ ખન્ના.'

ચકિત કરતી વાત તો એ છે કે, આ પુસ્તક આવ્યું એ સાથે જ તેની સાથે એવી રમત થઈ ગઈ કે એ ખરેખર કોઈ ખરીદી જ ન શકે. એ પુસ્તક ક્યાંય ઉપલબ્ધ નથી. 'એમેઝોન ' પર એ અનઅવેલેબલ છે એટલે પુસ્તકમાં શું લખાયું છે, તેનું અનુમાન થઈ શકતું નથી. હા, પુસ્તક આવ્યા પછી અને ષડયંત્રની જેમ તે ગૂમ થઈ ગયા પછી અનિતા અડવાણીએ આપેલી મુલાકાતોથી એટલું જાણવા મળે છે કે, પુસ્તકમાં આપેલા બારકોડ થકી વાચનાર રાજેશ ખન્નાનો અવાજ સાંભળી શકે છે... અનિતા અડવાણી તો એક ઈન્ટરવ્યૂમાં કહી ચૂકયા છે કે, હું આ પુસ્તક ફરી છાપવાની છું અને તેનો હિન્દી અનુવાદ પણ કરાવવાની છું!■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

## ક્વિઝ (અ)

**આ કલાકારોની કઈ ફિલ્મનાં નામમાં 'દિલ્હી' શબ્દ આવે છે?**

૧) કિશોર કુમાર- નૂતન
૨) શશી કપૂર - શર્મિલા ટાગોર
૩) વિનય પાઠક- લારા દત્તા
૪) અભિષેક બચ્ચન- સોનમ કપૂર
૫) ઈમરાન ખાન-શહેનાઝ
૬) વિવેક ઓબેરોય- મલ્લિકા શેરાવત
૭) કિશોર કુમાર- વૈજયંતિમાલા




## ક્વિઝ (બ)

**આ નાયિકાનાં કયાં ગીતમાં શહેર કે ગામના નામ આવે છે?**

૧) જુહી ચાવલા-હમ હૈ રાહી પ્યાર કે
૨) શિલ્પા શેટ્ટી - શૂલ
૩) સાધના - મેરા સાયા
૪) હેમા માલિની- ગેહરી ચાલ
૫) મુમતાઝ - ચોર મચાયે શોર
૬) સોનમ કપૂર - રાંઝણા
૭) સાયરા બાનો- જંગલી




**જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'**

**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**

# જિસકી મૂવી લંબી ઉસકા ભી બડા નામ હૈ...!

## આજના દર્શક શું લાંબી ફિલ્મ્સને આવકારે છે ખરા?

આજનો સમય બહુ ઝડપી થઈ ગયો છે. લોકોમાં ધીરજ નથી અને સૌને બધું જ બહુ ઉતાવળમાં જોઈએ છે એવું માત્ર કહેવાતું નથી. એ આજના લોકોની તાસિર બની ગઈ છે...લોકોનો અટેન્શન સ્પાન ઓછો છે એટલે એમના માટે બનાવવામાં આવતું કન્ટેન્ટ ટૂંકું રખાવું જોઈએ જેથી એ લોકો જુએ એવી ક્રિએટર્સ અને ફિલ્મમેકર્સને સલાહ આપવામાં આવતી હોય છે.

આ વાત સાચી છે, એમાં કશું ખોટું નથી, પણ તેનો મતલબ શું એમ છે કે ફક્ત ટૂંકું જ ચાલે, લાંબા કન્ટેન્ટ માટે સ્થાન જ નથી? જ્યારે ટૂંકા કન્ટેન્ટનો જમાનો છે, ત્યારે ત્રણ કલાકથી લાંબી ફિલ્મ્સ બનવી એ જોખમી લાગે, પણ વાસ્તવમાં આજે પણ ઘણી એવી ફિલ્મ્સ છે, જે ૩ કલાક કે તેના જેટલી લાંબી હોવા છતાં બોક્સ ઓફિસ પર છવાઈ જાય છે. જો સ્ટોરી સારી રીતે રજૂ કરી હોય કે જેમાં પાત્રોનો સરખો વિકાસ થયો હોય તો લાંબી ફિલ્મ જોવા પણ દર્શકો તૈયાર છે.







આ મુદ્દાની શરૂઆત આપણે 'ધ આઈરીશમેન'થી કરીએ. ૨૦૧૯માં આવેલી આ ફિલ્મ લગભગ ૩ કલાક ૨૯ મિનિટ લાંબી હતી. રોબર્ટ ડિ નિરો, અલ પચિનો અને જો પેસી જેવાં મોટાં નામો સાથે આ ફિલ્મે ગેંગસ્ટર દશ્યો અને સંબંધોની મોટી જટિલતાઓ સાથે લાંબી વાર્તા રજૂ કરી છતાં દર્શકોએ તેને સ્વીકારી હતી. તે ઓટીટી પર રિલીઝ થઈ હતી, તો પણ લોકોએ તેને વખાણી હતી.




એવું નથી કે આવા માત્ર જૂજ કિસ્સાઓ છે કે પછી તેમને નાની સરખી સફળતા મળી એ અપવાદ છે. વિશ્વની હાઈએસ્ટ ગ્રોસિંગ ફિલ્મ્સનું લિસ્ટ જોઈએ ત્યારે આ વાત વધુ પાક્કી થાય છે. સૌથી વધુ કમાણી કરનારી જેમ્સ કેમરોન દિગ્દર્શિત 'એવેટાર' ૧૬૨ મિનિટ લાંબી હતી. તેના પછીના ક્રમે આવતી માર્વેલ સ્ટુડિયોઝની 'અવેન્જર્સઃ એન્ડગેમ'ની વાત કરીએ તો, એ ફિલ્મ ૩ કલાકથી વધુ ચાલતી અનેક સુપરહીરોઝની વાર્તા હતી. ૨૦૧૯માં ફિલ્મની રિલીઝ વખતે તો લોકો ઇન્ટરનેટ પર એમ પણ મજાકમાં કહેતા હતા કે આટલા સમયમાં રેસ્ટરૂમ વિઝિટ કરવાની જરૂર પડે તો પણ આ ફિલ્મ તો કોઈપણ હિસાબે જોવી જ રહી.

જેમ્સ કેમરોનની જ 'એવેટાર'ની સિક્વલ 'એવેટારઃ ધ વે ઓફ વોટર' (૨૦૨૨)ની લંબાઈ તો તેનાથી પણ વધુ ૩ કલાક ને ૧૨ મિનિટ હતી, છતાં એ ફિલ્મ આજે સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ્સની યાદીમાં ત્રીજા સ્થાને છે. ફિલ્મની લંબાઈ નહીં, પણ દર્શકોને મનોરંજન પણ વધુ મળી રહ્યું છે અને આવી ફિલ્મ્સ લગભગ ૩ મિલિયન જેટલી કમાણી કરાવી આપી છે.

ગયા વર્ષે આવેલી 'ઓપનહાઈમર' પણ ૩ કલાકની ફિલ્મ હતી અને દર્શકોએ એ ગંભીર બાયોપિકને ખૂબ પસંદ કરી છે.

૨૦૨૨માં રિલીઝ થયેલી 'ધ બેટમેન' ૨ કલાક ૫૬ મિનિટની ફિલ્મ હતી, અને લોકોએ આ નવી એક્શન અને મિસ્ટ્રી થ્રીલરને પસંદ કરી હતી. આ ઉપરાંત ડેનિયલ ક્રેગની જેમ્સ બોન્ડની લેટેસ્ટ ફિલ્મ પણ લગભગ ૨ કલાક ૪૩ મિનિટ લાંબી હતી.

હાલમાં બોલિવૂડમાં પણ લાંબી ફિલ્મ્સનો જમણવાર જોવા મળી રહ્યો છે. શાહરુખ ખાનની 'જવાન' (૨૦૨૩) ૨ કલાક ૫૦ મિનિટની ફિલ્મ હતી અને તે તેના ફેન્સમાં ખૂબ જ લોકપ્રિય રહી. લાંબી ફિલ્મ હોવા છતાં તેની એક્શનથી ભરપૂર વાર્તા અને માવજત દર્શકોની પસંદ બની હતી. 'બ્રહ્માસ્ત્ર' ટ્રિલજીની પહેલી ફિલ્મ ૨ કલાક ૪૭ મિનિટ લાંબી હતી, જેમાં ભવ્ય વિઝ્યુઅલ્સ અને ફેન્ટસી દશ્યોએ દર્શકોને એટલા સમય માટે બાંધી રાખ્યા હતા. 'ટાઇગર ઝિંદા હૈ' (૨૦૧૭) લગભગ ૨ કલાક ૪૧ મિનિટ લાંબી હતી. ૨૦૨૩ની બ્લોકબસ્ટર ફિલ્મ 'ગદર ૨' પણ ૨ કલાક અને ૫૩ મિનિટ લાંબી હતી.




આ જ રીતે , દક્ષિણ ભારતીય ફિલ્મ્સ પણ લાંબી હોવા છતાં ધમાલ મચાવે છે. 'કેજીએફ ચેપ્ટર ૨' ૨ કલાક ૪૮ મિનિટ લાંબી હતી અને તેની એક્શન સાથે સ્ટોરીનું મિશ્રણ દર્શકોમાં અત્યંત લોકપ્રિય રહ્યું. 'પુષ્પાઃ ધ રાઇઝ' (૨૦૨૧) ૨ કલાક ૫૯ મિનિટ સાથે પણ દર્શકો માટે એક મજબૂત ફિલ્મ બની. 'આરઆરઆર' લગભગ ૩ કલાક ૮ મિનિટ લાંબી હતી છતાં તેના જોરદાર મેકિંગના કારણે તેને વિશ્વભરમાં ચાહના મળી.




આ બધાં જ ઉદાહરણો સ્પષ્ટ રીતે બતાવે છે કે જો વાર્તા સારી હોય અને રજૂઆત મનોરંજક હોય તો દર્શકો ફિલ્મની લંબાઈને અવગણીને પણ એ જોવા તૈયાર છે. આજે જ્યાં સામાન્ય ફિલ્મ્સ બે કલાકથી પણ ઓછા સમયની થવા લાગી છે ત્યાં લાંબી અને સારી ફિલ્મ્સ પણ બ્લોકબસ્ટર સાબિત થાય છે. લોકોને ટૂંકું કન્ટેન્ટ તો જોઈએ જ છે, પણ એમને લાંબી ફિલ્મોથી તકલીફ છે એવું પણ નથી.

લાંબી ફિલ્મોની ટૂંકી વાત એ કે દર્શકો એ પણ જુએ જ છે. શરત માત્ર એટલી કે ફિલ્મ મજેદાર હોવી જોઈએ!

**લાસ્ટ શોટ**

***૨૦૨૧માં આવેલી ઝેક સ્નાઈડરના સ્પેશ્યલ ડિરેક્ટર કટવાળી 'જસ્ટિસ લીગ' ફિલ્મ ૪ કલાકથી પણ વધુ લાંબી હતી અને તેની રિલીઝની ખાસ માગણી કોણે કરી હતી?***

***દર્શકોએ!*** ■

## ભારત-પાક તણાવ મુદ્દે કેટલાક

# બોલિવૂડ સ્ટાર્સ શું કામ મૌન છે?

**ફોકસ**
**મનોજ પ્રકાશ**

શું ભારત-પાક તણાવ વચ્ચે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા પહેલા કેટલાક બોલિવૂડ સ્ટાર્સ તેમના વ્યવસાયનું ભવિષ્ય જોઇ રહ્યા છે? જી હાં, એવું જ કંઇક છે. ફિલ્મ ગદરના દિગ્દર્શક અનિલ શર્માએ ઝી ન્યૂઝ સાથે વાત કરતાં આ વાત પર ભાર મૂક્યો છે, પરંતુ આ પહેલા કેઆરકેએ ઓપરેશન સિંદૂર પર ખાન સ્ટાર્સ તરફથી કોઇ પ્રતિભાવ ન મળવાને કારણે આવી જ આશંકા વ્યક્ત કરી હતી. હવે ગદર-૨ના દિગ્દર્શક અનિલ શર્માએ સ્પષ્ટ કર્યું છે કે ઘણા બોલિવૂડ સ્ટાર્સ પાકિસ્તાન વિશે કંઇ પણ આકરું બોલતા પહેલા ઘણી વાર વિચારે છે.

પરંતુ છેલ્લાં ૭૮ વર્ષોમાં આ પહેલી વાર નથી જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ થયો હોય કે ન તો પહેલી વાર આ તણાવને કારણે બોલીવૂડ ઉદ્યોગને અસર થઇ હોય. આ પહેલા પણ જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું છે અથવા આતંકવાદી ઘટનાઓને કારણે સરહદો પર તણાવ ઊભો થયો છે ત્યારે બોલિવૂડ ઉદ્યોગને હંમેશા તેની કિંમત ચૂકવવી પડી છે. ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધો દરમિયાન બોલિવૂડ પર સેન્સરથી અને દેશભક્તિની ભાવના પર ભારે પ્રભાવ પડ્યો હતો. ત્યારે યુદ્ધ વખતે ભારતમાં મોટાભાગની ફિલ્મો પાકિસ્તાન વિરુદ્ધ દેશભક્તિની ભાવના ઉપસાવવા પર બની હતી. આવી ફિલ્મોનું પ્રદર્શન હંમેશાં મર્યાદિત હોય છે. પાકિસ્તાનમાં બીજી મનોરંજક ફિલ્મોની જેમ તેને ક્યારેય જોવામાં આવતી નથી. જો કે તે સમયે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઇ સીધો ફિલ્મ વેપાર નહોતો. તેથી તેની આર્થિક અસર અંગે કોઇ સત્તાવાર આંકડા ઉપલબ્ધ નથી.

પરંતુ કારગિલ યુદ્ધ દરમિયાન વર્ષ ૧૯૯૯માં પહેલી વાર બોલિવૂડ અને પાકિસ્તાન વચ્ચે સોફ્ટ ડિપ્લોમેસીના ટ્રેકને ઝાટકો લાગ્યો હતો. તે સમયે ગાયક અદનાન સામી અને અભિનેત્રી ઝેબા બખ્તિયારને લઇને બોલિવૂડમાં ભારે હંગામો થયો હતો. કારગિલ પછી પાકિસ્તાનમાં ભારતીય ફિલ્મોના વિતરણ પર માત્ર ઔપચારિક પ્રતિબંધ જ લાદવામાં આવ્યો ન હતો, પરંતુ જો કોઇ આવું કરતું જોવા મળે તો ભારે દંડની જોગવાઇ પણ કરવામાં આવી હતી. આ કારણોસર તે સમયે ભારતમાં કામ કરતાં પાકિસ્તાનના લગભગ બે ડઝન કલાકારોને સ્થાનિક રાજકીય કાર્યકરોએ હોબાળો મચાવીને રાતોરાત પાકિસ્તાન જવાની ફરજ પાડી હતી.

જો કે દર વખતે પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઇ જતી હોય છે. તેથી નવી સદીના બીજા દાયકાના મધ્ય સુધીમાં બોલિવૂડનો પાકિસ્તાની વેપાર ફરી શરૂ થઇ ગયો હતો. પરંતુ વર્ષ ૨૦૧૬માં ઉરી હુમલા બાદ ફરી બોલિવૂડમાં કામ કરતાં પાકિસ્તાની કલાકારો પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. રાહત ફતેહ અલી ખાન જેવા સ્ટાર ગાયક માટે પણ ભારતમાં રહેવું મુશ્કેલ બન્યું હતું. જ્યારે રાહત ફતેહ અલી ખાનના ભારતમાં લાખો ચાહકો છે. કરણ જોહરની ફિલ્મ 'એ દિલ હૈ મુશ્કિલ'માં ફવાદ ખાનની હાજરી લોકોને જરા પણ પસંદ આવી ન હતી. તેથી બાદમાં ફિલ્મને રિલીઝ કરતાં પહેલા આ ફિલ્મ સાથે એક દેશભક્તિનો વીડિયો પણ ઉમેરવામાં આવ્યો હતો.

જો કે ૨૦૧૬ પછીથી અત્યાર સુધીમાં ભારત અને પાકિસ્તાનના સાંસ્કૃતિક સંબંધો એટલા ગાઢ બન્યા નથી કે ભારતીય ફિલ્મોમાં પાકિસ્તાની હાજરી મોટા પાયે અનુભવાઇ હોય. તેમ છતાં પહલગામ આતંકવાદી હુમલા સમયે તાજેતરમાં રિલીઝ થવા જઇ રહેલી એક ફિલ્મમાં ફવાદ ખાન જેવા પાકિસ્તાની હીરોની હાજરીને કારણે ફરી બોલિવૂડ વેપારના પૃષ્ઠને ખૂબ કાળજીપૂર્વક બંધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે એ વાતનો પુરાવો છે કે ફિલ્મ ઉદ્યોગના લોકો જાણે છે કે ભાવુક ભારતીય સિનેમાના દર્શકો પાકિસ્તાન સાથે કોઇ પણ નિકટના સંબંધો ફિલ્મોમાં સ્વીકારી શકશે?.. અને આ જ કારણ કેટલાક ભારતીય કલાકારોની પાકિસ્તાનમાં રહેલી લોકપ્રિયતાને લઇને પણ છે. આ જ કારણ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય સંબંધો તણાવમાં આવતા બોલિવૂડના સંબંધો અનેક ગણા વધુ તણાવપૂર્ણ બની જાય છે. ■




# બેંગલૂરુ ચોથી વાર ફાઇનલમાંઃ વન-સાઈડેડ જંગમાં પંજાબને પછાડ્યું

## આરસીબીનો સુયશ શર્મા મૅન ઑફ ધ મૅચઃ શ્રેયસ-ઈલેવન ૧૦૧ રનમાં આઉટ, બેંગલૂરુ ૧૦ ઓવરમાં ૧૦૬/૨

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): આઇપીએલની ૧૮મી સીઝનમાં ગુરુવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ગઈ કાલે પ્લે-ઑફના પ્રથમ મુકાબલા (ક્વૉલિફાયર-વન)ને વન-સાઇડેડ બનાવી નાખ્યો હતો અને પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ને આઠ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પંજાબની ટીમ માત્ર ૧૦૧ રનમાં આઉટ થઈ ગયા પછી બેંગલૂરુએ ૧૦ ઓવરમાં (૧૦ ઓવર બાકી રાખીને) બે વિકેટે ૧૦૬ રન કરીને વિજય મેળવ્યો હતો. બેંગલૂરુ ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૬ની સાલ બાદ ચોથી વાર ફાઇનલમાં પહોંચ્યું છે અને હવે પહેલી વાર ટ્રોફી જીતવાનો એને ચોથો મોકો મળ્યો છે.

ફિલ સૉલ્ટ (૫૬ અણનમ, ૨૭ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) ઓપનિંગમાં આવ્યા બાદ છેક સુધી ક્રીઝ પર રહ્યો હતો અને બેંગલૂરુની જીતને વધુ આસાન કરી નાખી હતી. વિરાટ કોહલી (૧૨ રન)ની વહેલી વિકેટ પડ્યા બાદ અને મયંક અગરવાલ (૧૯ રન) પણ સસ્તામાં આઉટ થઈ ગયા બાદ



કૅપ્ટન રજત પાટીદાર (૧૫ અણનમ)એ સૉલ્ટને અંત સુધી સાથ આપ્યો હતો. પંજાબ વતી કાઇલ જૅમીસન અને આ વખતે પહેલી જ વખત રમેલા ૨૦ વર્ષના મુશીર ખાને એક-એક વિકેટ લીધી હતી.

પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે રહેલા પંજાબની ટીમનું બીજા નંબરની ટીમ બેંગલૂરુ સામે ટાંય ટાંય ફિસ થઈ ગયું હતું. માર્કસ સ્ટોઇનિસના ૨૬ રન ટીમમાં હાઇએસ્ટ હતા અને ત્રણ જ બૅટ્સમેનના ડબલ ડિજિટમાં સ્કોર હતા. એક બૅટ્સમૅનનો ઝીરો હતો અને છ પ્લેયરના સિંગલ ડિજિટમાં રન હતા. કાઇલ જૅમીસન શૂન્ય પર અણનમ રહ્યો હતો. પંજાબે આ સીઝનમાં થોડા દિવસ અગાઉ કોલકાતા સામે પોતાનો જેટલો સ્કોર (૧૧૧) ડિફેન્ડ કર્યો હતો એના કરતાં પણ ૧૦ રન ઓછા બનાવ્યા હતા.

બેંગલૂરુના છમાંથી પાંચ બોલરને વિકેટ મળી હતી. મૅન ઑફ ધ મૅચ સ્પિનર સુયશ શર્મા (૩-૦-૧૭-૩) અને ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જોશ હૅઝલવૂડ (૩.૧-૦-૨૧-૩) આ ઇનિંગ્સના બે સુપર બોલર હતા. યશ દયાલ (૪-૦-૨૬-૨)એ પંજાબનો ધબડકો શરૂ કરાવ્યો હતો અને તેણે તેમ જ ટીમના બીજા બોલર્સે સમયાંતરે વિકેટ લેતા રહીને પંજાબની ટીમનો કચરો કરી નાખ્યો હતો. ભુવનેશ્વર કુમાર (૨-૦-૧૭-૧) અને રોમારિયો શેફર્ડ (૧-૦-૫-૧)ને એક-એક વિકેટ મળી હતી. એકમાત્ર કૃણાલ પંડ્યા (૧-૦-૧૦-૦)ને વિકેટ નહોતી મળી. પંજાબે પાવરપ્લેની ૬ ઓવરના અંત સુધીમાં ૫૦ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ■

# મેદાન પર ઝપાઝપીઃ સાઉથ આફ્રિકાના બોલરે બાંગ્લાદેશના બૅટ્સમૅનની હેલ્મેટ ખેંચી

મિરપુરઃ બાંગ્લાદેશના શેર-એ-બાંગ્લા નૅશનલ સ્ટેડિયમમાં બુધવારે ક્રિકેટના મેદાન પર સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશના ઊભરતા ખેલાડીઓ વચ્ચેની બિનસત્તાવાર ટેસ્ટ મૅચ દરમ્યાન અનિચ્છનીય ઘટના બની હતી જેમાં બે હરીફ ખેલાડીઓ ઝપાઝપી પર ઊતરી આવ્યા હતા. અમ્પાયરે અને અન્ય ખેલાડીઓએ વચ્ચે પડીને તેમને છોડાવવા પડ્યા હતા.

બાંગ્લાદેશની ૧૦૪મી ઓવર ચાલી રહી હતી. એ ઓવર સાઉથ આફ્રિકાના ત્શેપૉ ઍન્ટૂલીએ કરી હતી જેના પહેલા જ બૉલ પર બાંગ્લાદેશના રિપૉન મૉન્ડોલે સિક્સર ફટકારી હતી. આ સિક્સરને પગલે બન્ને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી.

ઍન્ટૂલી એ તૂતૂ...મૈં મૈં દરમ્યાન રિપૉન પાસે દોડી આવ્યો હતો અને તેને ધક્કો માર્યો હતો. રિપૉને પ્રતિકાર કર્યો હતો અને વાતાવરણ તંગ થઈ ગયું હતું.

રિપૉને ઍન્ટૂલીને સામો વારંવાર ધક્કો માર્યો એટલે મામલો વધુ ગંભીર થઈ ગયો હતો. ઍન્ટૂલીએ રિપૉનની



હેલ્મેટ પકડીને ખેંચી એટલે ગરમાગરમી વધુ ઉગ્ર બની ગઈ હતી. ક્રિકેટ 'જેન્ટલમૅન્સ ગેમ' છે અને એમાં આવી ઝપાઝપીને કોઈ સ્થાન નથી, પરંતુ આ બનાવમાં વાત ઘણી આગળ વધી ગઈ હતી.

જોકે અમ્પાયરો અને અન્ય ખેલાડીઓએ સમયસર વચ્ચે પડીને બન્નેને છોડાવતાં ક્રિકેટની રમતને વધુ લાંછન લાગતું અટક્યું હતું.

આ મૅચ બિનસત્તાવાર હતી અને એ ફર્સ્ટ-ક્લાસ સ્તરની પણ નહોતી એમ છતાં ઝઘડો અને મારામારી કરનાર બન્ને ખેલાડીઓ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે એવી પાકી સંભાવના છે.

થોડી વાર બાદ ઍન્ટૂલીએ રિપૉનની વિકેટ તેના ૪૩ રનના સ્કોર પર લીધી હતી અને ત્યારે આ ચાર-દિવસીય મૅચમાં બાંગ્લાદેશનો સ્કોર ૩૫૨/૯ હતો અને છેવટે ૩૭૧ રનના સ્કોર પર પૂરો થયો હતો. ઍન્ટૂલીએ ત્રણ વિકેટ લીધી હતી. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે સાઉથ આફ્રિકાએ ૧૫૨ રનમાં છ વિકેટ ગુમાવી હતી. ■

# રિષભ પંતને ૨૭ કરોડ રૂપિયાનો પૂરો પગાર નહીં મળે?

## કરવેરા કપાઈને લખનઊના સુકાનીના હાથમાં લગભગ ૧૫.૫૨ કરોડ રૂપિયા આવી શકે

નવી દિલ્હીઃ વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત આઇપીએલના ખેલાડીઓની હરાજીમાં સૌથી વધુ ૨૭ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો, પરંતુ તેના સુકાનમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમ પ્લે-ઑફમાં તો ન પ્રવેશી શકી, ખુદ રિષભ પંતે છેલ્લી લીગ મૅચની અણનમ સેન્ચુરી (અણનમ ૧૧૮ રન) અને એ પહેલાં ચેન્નઈ સામેની ૬૩ રનની ઇનિંગ્સને બાદ કરતા આખી સીઝનમાં નબળું પર્ફોર્મ કર્યું હતું.

હવે એક અહેવાલમાં એવું જણાવાયું છે કે પંતને ૨૭ કરોડ રૂપિયાનો આખો પગાર નહીં મળે અને એમાંથી સારો એવો હિસ્સો કપાયા બાદ તેના હાથમાં લગભગ ૧૫.૫૨ કરોડ રૂપિયા જેટલી રકમ આવશે.

કહેવાય છે કે પંતના ૨૭ કરોડ રૂપિયાના પગારમાંથી ૧૧.૪૮ કરોડ રૂપિયા જેટલી રકમ કરવેરા તરીકે કપાઈ જશે. આ ૩૭ ટકા રકમ કપાઈ ગયા બાદ તેના હાથમાં સાડાપંદર કરોડ રૂપિયા જેટલી રકમ આવશે.

સામાન્ય રીતે આઇપીએલના ખેલાડીને તેનું ફ્રૅન્ચાઇઝી એક સીઝનની જેટલી રકમ આપવાનું નક્કી કરે (ઑક્શનમાં બોલી બોલાયા બાદ તે જેટલા ભાવે ખરીદવામાં આવે) એનો અમુક હિસ્સો ટૂર્નામેન્ટની શરૂઆત વખતે આપવામાં આવે છે, અમુક ભાગ બીજા હપ્તા તરીકે ટૂર્નામેન્ટ દરમ્યાન અથવા વર્ષના મધ્ય ભાગમાં અને બાકીનો હિસ્સો વર્ષને અંતે અપાય છે અને એમાં સંબંધિત ખેલાડીએ ફ્રૅન્ચાઇઝીના માર્કેટિંગને લગતા કામમાં પણ નાની-મોટી ભૂમિકા ભજવવી પડે છે.

રિષભ પંતે આ સીઝનમાં ૧૪ મૅચમાં કુલ ૨૬૯ રન કર્યા જેમાંના ૧૧૮ રન તેની છેલ્લી ઇનિંગ્સમાં બન્યા હતા.

પંતના સુકાનમાં લખનઊની ટીમ ૧૪માંથી આઠ મૅચ હારી ગઈ હતી અને સાતમા નંબર પર રહી હતી. ■

# આજે જે જીતશે એ વધુ એક ટ્રોફીની નજીક, હારશે એ આઉટ

## મુંબઈ-ગુજરાત વચ્ચે સાંજે ૭.30 વાગ્યાથી એલિમિનેટરનો જંગ

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): આઇપીએલ-૨૦૨૫ના પ્લે-ઑફના નૉકઆઉટ મુકાબલામાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ગુજરાત ટાઇટન્સ (જીટી) વચ્ચે બરાબરીની ટક્કર છે જેમાં જીતનારી ટીમ ક્વૉલિફાયર-ટૂમાં એટલે કે વધુ એક ટ્રોફીની વધુ નજીક પહોંચશે અને પરાજિત થનારી ટીમ સ્પર્ધાની બહાર ફેંકાઈ જશે.

મુંબઈ પાંચ અને ગુજરાત એક ટાઇટલ જીત્યું છે. આજે જીતનારી આ બેમાંની ટીમ ક્વૉલિફાયર-ટૂમાં પંજાબ સામે રમશે અને એમાં વિજયી થનારી ટીમ ત્રીજી જૂનની ફાઇનલમાં બેંગલૂરુનો સામનો કરશે.

હાર્દિક પંડ્યા માટે આ મૅચ ઘણી રીતે સ્પેશિયલ છે. અગાઉ મુંબઈ વતી માત્ર પ્લેયર તરીકે રમી ચૂકેલો હાર્દિક બે વર્ષથી કૅપ્ટન છે અને મુંબઈને પોતાના સુકાનમાં પહેલી વાર ટાઇટલ અપાવવાનો તેની સામે મોટો પડકાર છે. જોકે આ મૅચની હરીફ ટીમ તેની પોતાની જ ભૂતપૂર્વ ટીમ છે અને એની સામે હાર્દિકે જીત અપાવવાની છે.

શુભમન ગિલ ગુજરાતની ટીમનો સુકાની છે અને હાલમાં જ ભારતની ટેસ્ટ ટીમનું નેતૃત્વ મળ્યા પછી હવે તેના માટે આઇપીએલમાં ટાઇટલ જીતવાનો પડકાર છે અને એ મિશનની ખરી શરૂઆત તેણે આજે મુંબઈ સામે જીતીને કરવાની છે.

એક નવાઈની વાત એ છે કે હાર્દિક તેના જ ભૂતપૂર્વ સાથી ખેલાડી અને હરીફ સુકાની ગિલને ૨૩ બૉલમાં ચાર વખત આઉટ કરી ચૂક્યો છે. આજે બન્ને ટીમના હરીફો વચ્ચે ખરી હરીફાઈ બેઉ કૅપ્ટન વચ્ચે જોવા મળશે. ■

# ગુજરાતના પંચાલને શાનદાર કારકિર્દી બદલ બુમરાહના અભિનંદન

## સૂર્યા અને કરુણ નાયરે પણ ૮,૮૫૬ રન કરનાર ઈન્ડિયા 'એ'ના ભૂતપૂર્વ સુકાનીની કરીઅરને બિરદાવી

અમદાવાદઃ ડોમેસ્ટિક ક્રિકેટમાં ગુજરાત વતી અપ્રતિમ પર્ફોર્મન્સથી સાથી-ખેલાડી જસપ્રીત બુમરાહ તેમ જ બીજા અનેક પ્લેયર્સના અને અસંખ્ય ચાહકોના દિલ જીતનાર ઓપનિંગ બૅટ્સમૅન પ્રિયાંક પંચાલે તાજેતરમાં નિવૃત્તિ જાહેર કરી એને પગલે બુમરાહે ઇન્સ્ટાગ્રામ પર તેની શાનદાર કરીઅરને બિરદાવી છે અને તેને નિવૃત્તિ પછીના ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છા આપી છે.

બધાને એ તો ખ્યાલમાં છે જ કે બુમરાહ અમદાવાદનો છે અને રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક ક્રિકેટમાં તે ગુજરાતની ટીમ વતી રમ્યો હતો. ગુજરાતના ક્રિકેટ લેજન્ડ્સમાં પ્રિયાંક પંચાલનું નામ અચૂક લેવામાં આવે છે. ૩૫ વર્ષના પ્રિયાંકે ૧૭ વર્ષની કારકિર્દીમાં ગુજરાત અને પશ્ચિમ ઝોન વતી કુલ ૧૨૭ મૅચમાં ૨૯ સેન્ચુરી અને ૩૪ હાફ સેન્ચુરી સહિત કુલ ૮,૮૫૬ રન કર્યા હતા. તેણે એમાંના ૭,૦૧૧ રન ગુજરાત વતી કર્યા હતા જે રાજ્ય વતી સૌથી વધુ રન





જસપ્રીત બુમરાહ અને થોડા દિવસ પહેલાં વિરાટ સાથે પ્રિયાંક પંચાલ

કરનારાઓમાં પાર્થિવ પટેલ પછી બીજા નંબરે છે. ગુજરાતને વિજય હઝારે ટ્રોફી તથા રણજી ટ્રોફી અપાવવામાં પણ પાર્થિવની જેમ પ્રિયાંકનું મોટું યોગદાન હતું. તે એક સમયે ઇન્ડિયા 'એ' ટીમનો કૅપ્ટન હતો.

બુમરાહ ભારતીય ટીમનો રેગ્યુલર મેમ્બર બન્યો એ પહેલાં તે ઘણા વર્ષો સુધી ગુજરાત વતી રમ્યો હતો ત્યારે ડ્રેસિંગ-રૂમમાં તેમ જ મેદાન પર પ્રિયાંક પંચાલ સાથે તેની બહુ સારી દોસ્તી હતી. પ્રિયાંકે સોમવારે તમામ ફૉર્મેટની ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દેતાં બુમરાહ ભાવુક થઈ ગયો અને તેણે ઇન્સ્ટાગ્રામ પર લખ્યું, 'અસાધારણ કારકિર્દી બદલ તેને અભિનંદન. ગુજરાત વતી આપણે સાથે રમતા હતા ત્યારની ઘણી યાદગાર ઘટનાઓ બની હતી જે હું હજી પણ યાદ કરી લેતો હોઉં છું. ભવિષ્ય માટે તને મારી હાર્દિક શુભેચ્છા છે.'

સૂર્યકુમાર યાદવ અને કરુણ નાયર સહિતના ઘણા ક્રિકેટરોએ પણ પ્રિયાંક પંચાલને જ્વલંત કારકિર્દી બદલ સોશિયલ મીડિયામાં અભિનંદન આપ્યા છે અને નિવૃત્તિ પછીની નવી ઇનિંગ્સ માટે ગુડ લક સાથે શુભેચ્છા આપી છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| शबाब | મધ |
| शराब | ચહેરો |
| शहद | તીર |
| शकल | મદિરા |
| शलाका | યૌવન |

### ઓળખાણ પડી?



સાયરા બાનોએ અમિતાભ બચ્ચન અને વિનોદ ખન્ના સાથે કામ કર્યું હતું એ ફિલ્મની ઓળખાણ પડી? આ જ કથા બમ્બઈ કા બાબુ ફિલ્મમાં પણ હતી.

અ) રેશમ કી ડોરી બ) પોકેટમાર ક) ઝમીર ડ) સાઝીશ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વા | ૨ દ | ળિ | યું | | ૩ સ | ૪ મા | ર | ૫ કા | ૬ મ |
| ૭ હ | સ્ત | | | ૮ ક | મા | લ | | ૯ ગા | થા |
| ૧૦ ન | ક | ૧૦અ લ | | ૧૧ મો | કા | ણ | | ૧૨ રો | મ |
| વ્ય | | ૧૩ સ | રા | સ | ર | | ૧૪ ક | ળ | ણ |
| વ | | ણ | | મી | | ૧૫ ગા | ર | | |
| ૧૬ હા | ક | | ૧૭ આ | | ૧૮ મા | ગ | ણી | | ૧૯ અં |
| ર | | ૨૦ વ | યા | ૨૧ નુ | સા | ર | | ૨૨ બા | ધા |
| | ૨૩ આ | ક | મ | ક | | ૨૪ ડી | લ | | ર |
| ૨૫ સ | મ | | | ૨૬ સા | ૨૭ ન | | | ૨૮ ઓ | પ |
| ત્ય | | ૨૯ આ | સા | ન | સો | લ | | ૩૦ છાં | ટ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| | | ૯ | | | | ૧૦ | | ૧૧ | |
| ૧૨ | ૧૩ | | | ૧૪ | ૧૫ | | | | |
| | | | ૧૬ | | | | ૧૭ | | ૧૮ |
| ૧૯ | | ૨૦ | | | ૨૧ | | | | |
| ૨૨ | | | | ૨૩ | | | ૨૪ | | |
| | | | | | | ૨૫ | | | |
| ૨૬ | ૨૭ | | ૨૮ | | | | | ૨૯ | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. અગાઉથી (૪)
૪. કાર્ય કરવાની યોગ્યતા (૫)
૭. શાપ પામેલું (૩)
૮. અભિપ્રાય, પ્રભાવ, દાબ, શેહ (૨)
૯. સહેજ કાળાપણું (૩)
૧૦. ગામ હોય ત્યાં --- હોય (૪)
૧૨. ચહેરો (૩)
૧૪. વારસાનો હકદાર (૩)
૧૬. ખજૂરમાંથી --- બને (૩)
૧૯. એક જાતનું રેશમી કાપડ (૪)
૨૧. ઘા (૩)
૨૨. તમાકુ (૩)
૨૩. ગંદા પાણીની વહેવાની જગા (૨)
૨૪. દસ્તક (૨)
૨૫. સામાન્ય (૨)
૨૬. જીદ (૨)
૨૮. શું ચાલે છે --- ? (૪)
૨૯. ખાડો, ખાણ (૨)
૩૦. પ્રકાશનું કિરણ પાછું ફરે છે તે (૫)
૩૧. અન્નદાન---ગણાય (૪)

**ઊભી ચાવી**

૧. આરામ, વિશ્રાંતી (૪)
૨. ગોવાળણ (જો. છૂ.) (૨)
૩. તે જ વખતે, તરત જ (૪)
૪. --- કાઢવો એટલે કપડું વેતરવું (૨)
૫. ક્ષણભંગુર (૩)
૬. તાક, લાગ, દોરો (૩)
૮. જયારે ત્યારે, હરવખત (૪)
૧૦. એક ક્ષાર, શેરડી (જો. છૂ.) (૨)
૧૧. ગોખણપટ્ટી કરવી તે (૨)
૧૩. એક પક્ષી (૪)
૧૫. ખેંચાખેંચી, તકરાર (૪)
૧૬. વિશિષ્ટ (૨)
૧૭. ઘોડાગાડી, એક ફરસાણ (૪)
૧૮. એકની એક વાત ફરી કરવી તે (૬)
૧૯. સહજ રીતે થતા જાપ (૫)
૨૦. એક કેન્દ્ર શાસિત પ્રદેશ (૩)
૨૩. કોઇ કામ યોજવું તે (૪)
૨૫. દુનિયા, વિશ્વ (૩)
૨૭. બરફનો વરસાદ (૨)
૨૮. પીડિત, દુઃખી (૨)
૨૯. ભીમ-દુર્યોધનનું શસ્ત્ર (૨)

### ગુજરાત મોરી મોરી રે

નરેશ કનોડિયા, સ્નેહલતા, મનહર દેસાઈ અને રમેશ મહેતાએ સાથે કામ કર્યું હતું એ લોકચાહના મેળવનારી ગુજરાતી ફિલ્મનું નામ જણાવો.

અ) શેતલને કાંઠે બ) ગોવાળિયો
ક) માધવપુરના મેળે ડ) હિરણને કાંઠે

### જાણવા જેવું

બ્રુસ વિલિસની Armageddon 1998ની સૌથી સફળ અમેરિકન ફિલ્મ હતી. અવકાશ વિજ્ઞાન સંબંધિત આ ફિલ્મ 'નાસા' મેનેજમેન્ટ ટ્રેનિંગ દરમિયાન અવકાશવીરોને અચૂક દેખાડે છે. નવા મેનેજરોને ફિલ્મમાં કેટલી ભૂલો છે એ શોધી કાઢવા કહેવામાં આવે છે. અહેવાલ મુજબ અત્યાર સુધીમાં ૧૬૮ ભૂલ શોધી કાઢવામાં આવી છે. તેમ છતાં ફિલ્મે ધૂમ કમાણી કરી હતી.

### સુડોકુ-૯૦૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | ૭ | | ૨ | | |
| ૨ | ૩ | | | ૪ | | | | |
| | | ૮ | ૯ | | ૨ | | | |
| | ૬ | ૭ | | | | ૮ | ૫ | |
| | ૪ | | | | | | ૧ | |
| | ૮ | ૫ | | | | ૪ | ૨ | |
| | | | ૧ | | ૩ | ૭ | | |
| | | | | ૨ | | | ૯ | ૪ |
| | | ૧ | | ૫ | ૬ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૩ | ૪ | ૫ | ૧ | ૬ | ૨ | ૯ |
| ૫ | ૨ | ૯ | ૩ | ૬ | ૭ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૧ | ૨ | ૯ | ૮ | ૭ | ૩ | ૫ |
| ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૬ | ૧ | ૪ | ૭ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૨ | ૪ | ૫ | ૯ | ૩ |
| ૭ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૧ | ૯ | ૪ | ૬ | ૭ | ૨ | ૩ | ૫ | ૮ |
| ૨ | ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૭ | ૧ |
| ૩ | ૮ | ૭ | ૧ | ૪ | ૫ | ૯ | ૬ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

એવરગ્રીન એક્ટર દેવ આનંદની ફિલ્મોમાં વિવિધ હિરોઈનો જોવા મળી હતી. તેમની કઈ ફિલ્મમાં સિમી ગરેવાલ એક હિરોઈન હતી એ જણાવો.

અ) મંઝિલ બ) અસલી નકલી ક) જિદ્દી ડ) તીન દેવિયાં

### નોંધી રાખો

નિરાશાથી જે ક્યારેય ગભરાતા નથી અને આશા કદી ગુમાવતા નથી એવા જ લોકો પ્રયત્નો કરી જીવતા હોય છે અને કિસ્મત પર રોતા નથી.

### માઈન્ડ ગેમ

અલાયદા ફિલ્મમેકર તરીકે નામના મેળવનારા ગુરુ દત્તે તેમની ફિલ્મોમાં એક્ટિંગ પણ કરી હતી. દિગ્દર્શક - અભિનેતા તરીકેની તેમની ફિલ્મ જણાવો.

અ) જાલ બ) સીઆઈડી
ક) બહુરાની ડ) પ્યાસા

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| फन | કૌશલ |
| फना | ખુવારી |
| फिजूल | નિરર્થક |
| फीरनी | ખીર |
| फासला | અંતર |

ગુજરાત મોરી મોરી રે
ધૂઆંધાર

ઓળખાણ પડી?
સુંદર

માઈન્ડ ગેમ
દિલીપકુમાર

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
યાદોં કી બારાત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) નિખિલ બંગાળી (૧૧) અમીશી બંગાળી (૧૨) લજિતા ખોના (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) ભાવના કર્વે (૧૮) નુતન વિપીન શાહ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) પુષ્પા ખોના (૩૪) નીતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ એન. સંઘવી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૫૦) જયવંત પદમશી ચિખલ (૫૧) અંબરીષ ઓઝા (૫૨) દિપીકા દોશી (૫૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** (અ) : (૧) દિલ્હી કા ઠગ (૨) ન્યુ દિલ્હી ટાઈમ્સ (૩) ચલો દિલ્હી (૪) દિલ્હી ૬ (૫) દિલ્હી બેલી (૬) કિસ્મત લવ પૈસા દિલ્હી (૭) ન્યુ દિલ્હી

**ક્વિઝ (બ)** (૧) બમ્બઇ સે ગયી પુના, પુના સે ગયી દિલ્લી, દિલ્લી સે... (૨) દિલવાલો કે દિલકા કરાર લૂંટને મૈં આયી હું યુપી બિહાર લૂંટને... (૩) ઝૂમકા ગીરા રે બરેલી કે બઝાર મેં ઝૂમકા ગીરા રે... (૪) જયપુર કી ચોલી મંગવા દે રે સૈયા કેસર કે રંગ મેં...(૫) આગરે સે ઘાઘરો મંગાઈ દે રસિયા મૈં તો મેલા દેખન... (૬) બનારસિયા હાઈ બનારસિયા, રંગ મેં ભંગ યા ભંગ... (૭) કાશ્મીર કી કલી હું મૈં મુજસે ના રૂઠો બાબુજી...

# અમેરિકી ફેડરલ કૉર્ટે ટ્રમ્પના રેસિપ્રોકલ ટૅરિફને બ્લોક કરતાં સેન્સેક્સમાં બે સત્રના ઘટાડાને બ્રેક, ૩૨૦ પૉઈન્ટની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સતત બે સત્ર દરમિયાન બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ આજે બે સત્રની મંદીને બ્રેક લાગી હતી, જેમાં સેન્સેક્સ ૩૨૦.૭૦ પૉઈન્ટ અને નિફ્ટી ૮૧.૧૫ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. એકંદરે ગઈકાલે અમેરિકી કોર્ટે ડૉનલ્ડ ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅરિફને બ્લોક કર્યાનાં અહેવાલો વહેતા થતાં આજે એશિયન બજારોમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિકમાં પણ સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે માસિક ડેરિવેટીવ્સ કોન્ટ્રાક્ટ પાકી રહ્યા હોવાથી વેચાણો કપાવાને કારણે પણ સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૧,૩૧૨.૩૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૧,૫૯૧.૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૧,૧૦૬.૯૮ અને ઉપરમાં ૮૧,૮૧૬.૮૯ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૨૦.૭૦ પૉઈન્ટ અથવા તો ૦.૩૯ ટકાના સુધારા સાથે ૮૧,૬૩૩.૦૨ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૭૫૨.૪૫ના બંધ સામે વધીને ૨૪,૮૨૫.૧૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૬૭૭.૩૦થી ૨૪, ૮૯૨.૬૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૮૧.૧૫ પૉઈન્ટ અથવા તો ૦.૩૩ ટકા વધીને ૨૪,૮૩૩.૬૦ના મથાળે બંધ રહ્યો હતો. આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૭ શૅરના ભાવ વધીને અને ૧૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા.

ગઈકાલે અમેરિકી ટ્રેડ કોર્ટે ટ્રમ્પના રેસિપ્રોકલ ટૅરિફને અટકાવતા ચુકાદામાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ અમેરિકા સાથે વેપારી પુરાંત ધરાવતા દેશોની આયાત પર સાર્વત્રિક ટૅરિફ લાદીને પોતાના અધિકારોનો ભંગ કર્યો છે. અમેરિકી કોર્ટના આ ચુકાદાને પગલે વૈશ્વિક બજારોમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિકમાં પણ સુધારો જોવા મળ્યો હતો. જોકે, તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલો વધારો તથા અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ વધી રહી હોવાથી સ્થાનિક બજાર રેન્જબાઉન્ડ રહી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે આજે એફ ઍન્ડ ઓની એક્સપાયરી તેમ જ વેપારલક્ષી તણાવ હળવા થતાં આઈટી અને ફાર્મા ક્ષેત્રના શૅરોમાં નિકાસ વૃદ્ધિ થવાના આશાવાદને ધ્યાનમાં લેતા સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં મેહતા સિક્યોરિટીઝનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું કે આજે મધ્ય સત્ર સુધી બૅન્ચમાર્ક અથડાતા રહ્યા હતા, પરંતુ ત્યાર બાદ મંથલી ડેરિવેટીવ્સની એક્સપાયરી પૂર્વે જોવા મળેલા શોર્ટ કવરિંગ અને ચોક્કસ ક્ષેત્રના શૅરોમાં લેવાલી નીકળતાં ઈન્ડાઈસીસમાં રિબાઉન્ડ જોવા મળ્યું હતું. આ ઉપરાંત એશિયા તથા યુરોપમાં જોવા મળેલા મજબૂત વલણનો પણ બજારને ટેકો મળ્યો હતો.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૧૧૧ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૦૨૦ શૅરના ભાવ વધીને, ૧૯૫૭ શૅરના ભાવ ઘટીને અને ૧૩૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા, જેમાં ૯૨ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે તથા ૨૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. તેમ જ છ શૅરમાં ઉપલી અને પાંચ શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર છ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં બજાજ ફાઈનાન્સમાં સૌથી વધુ ૦.૭૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફિનસર્વમાં ૦.૫૧ ટકાનો, આઈટીસીમાં ૦.૩૨ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૨૪ ટકાનો, એનટીપીસીમાં ૦.૨૧ ટકાનો અને ટીસીએસમાં ૦.૦૩ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આ સિવાયનાં તમામ ૨૪ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં ખાસ કરીને બજાર નિયામક સેબીએ ઈન્ડ્સઈન્ડ બૅન્કના સીઈઓ સુમંત કથપલિયા અને અન્ય ચાર વરિષ્ઠ અધિકારીઓને બૅન્કના શૅરોમાં કથીત ઈનસાઈડર ટ્રેડિંગના આક્ષેપને ધ્યાનમાં લેતા સિક્યોરિટી બજારમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકતા શૅરના ભાવમાં સૌથી વધુ ૨.૪૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે સન ફાર્મામા ૨.૦૪ ટકાનો, અદાણી પોર્ટસમાં ૧.૯૨ ટકાનો, ઈટર્નલમાં ૧.૮૫ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૨૭ ટકાનો અને ટૅક મહિન્દ્રામાં ૧.૨૪ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે બીએસઈ મિડકૅપ અને સ્મોલકૅપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૪૮ ટકા અને ૦.૩૯ ટકા વધી આવ્યા હતા. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસ અથવા તો ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૨૧ ટકાનો વધારો રિઅલ્ટી ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મેટલ ઈન્ડેક્સમાં ૦.૮૯ ટકાનો, બીએસઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૬૯ ટકાનો, ટૅક્નોલૉજી ઈન્ડેક્સમાં ૦.૬૫ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૦.૫૫ ટકાનો અને કોમોડિટીઝ ઈન્ડેક્સમાં ૦.૫૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર એફએમસીજી ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પી, જાપાનના નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ, શાંઘાઈનાં એસએસઈ કમ્પોઝીટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગના હૅન્ગસૅન્ગ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૬૬૨.૯૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના એક્સચેન્જના નિર્દેશ ઉપરાંત આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ તેનાં વાર્ષિક અહેવાલમાં વર્તમાન નાણાકીય વર્ષમાં પણ વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં ભારત સૌથી ઝડપભેર વિકસતા અર્થતંત્રનું સ્થાન જાળવી રાખે તેવી શક્યતા વ્યક્ત કરી હોવાથી બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪૨ ટકા વધીને બેરલદીઠ ૬૫.૮૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. ■

# અમેરિકી ફેડરલ કૉર્ટે ટ્રમ્પના રેસિપ્રોકલ ટૅરિફને બ્રેક મારતાં વૈશ્વિક સોનામાં બેતરફી વધઘટ

## સ્થાનિક સોના-ચાંદીમાં સામસામા રાહઃ ચાંદી ₹ ૬૫૪ વધી, સોનામાં ₹ ૧૭૫ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકી ફેડરલ કૉર્ટે પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં રેસિપ્રોકલ ટૅરિફને સત્તાનો અતિરિક્ત ઉપયોગ તરીકે લેખાવીને બ્લોક કરતા અથવા તો બ્રેક મારતા વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ ઘટ્યા મથાળેથી લેવાલી નીકળતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીના ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક અહેવાલોને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૪થી ૧૭૫નો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૫૪ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે જ્વેલરી ઉત્પાદકો તથા સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૫૪ વધીને રૂ. ૯૮,૧૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૪ ઘટીને રૂ. ૯૫,૧૪૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૭૫ ઘટીને રૂ. ૯૫,૫૨૫ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં એક તક્કે હાજરમાં સોનાના ભાવમાં ૦.૬ ટકાનો અને વાયદાના ભાવમાં ૦.૮ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યા બાદ નીચા મથાળેથી લેવાલીનો ટેકો મળતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૨૯૬.૬૩ ડૉલર અને વાયદામાં ભાવ ઔંસદીઠ ૩૨૯૪.૬૦ ડૉલરની સપાટીએ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩.૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે અમેરિકી ટ્રેડ કોર્ટે ટ્રમ્પના ટૅરિફને અટકાવતા ચુકાદામાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ અમેરિકા સાથે વેપારી પુરાંત ધરાવતા દેશોની આયાત પર સાર્વત્રિક ટૅરિફ લાદીને પોતાના અધિકારોનો ભંગ કર્યો છે. અમેરિકી કોર્ટના આ નિર્ણય અને તેને કારણે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોનાના ભાવ વધી દબાણ હેઠળ આવ્યા હોવાનું એબીસી રિફાઈનરીનાં ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટનાં હેડ નિકોલસ ફ્રેપલે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત બીજી એપ્રિલના રોજ ઘણાં દેશો સામે રેસિપ્રોકલ ટૅરિફ લાદ્યા હતા અને વૈશ્વિક આર્થિક વૃદ્ધિ મંદ પડવાની ભીતિ સપાટી પર આવી હતી. જોકે, ત્યાર બાદ ઘણાંખરા દેશો સામેની ટૅરિફનો અમલ મુલતવી રાખવામાં આવ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર ટ્રમ્પના વહીવટીતંત્રએ કોર્ટના આ આદેશને પડકારતી નોટિસ મોકલી છે અને જરૂર પડ્યે સુપ્રીમ કોર્ટમાં પણ આ નિર્ણયને પડકારવામાં આવશે, એવા સંકેત આપ્યા હતા.

હાલમાં સોનાના વૈશ્વિક ભાવમાં નરમાઈતરફી વલણ રહ્યું હોવા છતાં લાંબા સમયગાળે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ફુગાવાલક્ષી દબાણ જળવાઈ રહે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોનામાં અન્ડરટોન મજબૂત જ રહે તેવી શક્યતા ફ્રેપલે વ્યક્ત કરી હતી.

વધુમાં ગત ૬-૭ મેની અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકની જાહેર થયેલી મિનિટ્સમાં ફેડરલ રિઝર્વના અધિકારીઓએ ફુગાવામાં અને બેરોજગારીના દરમાં વધારો થવાની ચિંતા વ્યક્ત કરી હતી અને ફેડરલ પાસે ફુગાવામાં નિયંત્રણ અને બેરોજગારીમાં ઘટાડા માટે તંગ નાણાનીતિ રાખવી કે આર્થિક વૃદ્ધિ અને રોજગારી વધારવા માટે હળવી નાણાનીતિ અપનાવવી એમ બે વિકલ્પ હોવાનું જણાવ્યું હતું. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી નરમાઈ

## જૂનના મુક્ત વેચાણ માટે ૨૩ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજરમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેનાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન ગત બુધવારે સરકારે આગામી જૂન મહિનાના મુક્ત વેચાણ માટે ૨૩ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાનું ડિપાર્ટમેન્ટ ઑફ ફૂડ ઍન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન ડિપાર્ટમેન્ટે એક યાદીમાં જણાવ્યું હતું. સામાન્યપણે ચોમાસાની મોસમમાં ટ્રેડરો તેમ જ વપરાશકારો ખાંડમાં ભેજ લાગવાની ભીતિને ધ્યાનમાં લેતા ઓછો સ્ટોક કરતાં હોય છે તેમ જ ચોમાસાને કારણે ઠંડા પીણાનો વપરાશ પણ ઓછો થવાથી ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત થવાની શક્યતાને ધ્યાનમાં લેતા જૂન મહિના માટેનો ક્વૉટા પર્યાપ્ત હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૨૨થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૮૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# ડૉલર ઈન્ડેક્સ મજબૂત થતાં રૂપિયો ૧૦ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં એક ટકા કરતાં વધુ માત્રાનો ઉછાળો આવ્યો હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૫.૪૮ના મથાળે બંધ રહ્યો હતો.

જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૬૬૨.૯૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૩૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૫૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૨ અને ઉપરમાં ૮૫.૪૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૫.૪૮ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ બે પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ ઉપરાંત માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી પ્રબળ રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૧૫થી ૮૫.૮૦ આસપાસની રહી શકે છે. તેમ છતાં જો વિદેશી સંસ્થાકીય રોકાણકારોનું ઈક્વિટીમાં વેચવાલીમાં દબાણ વધે તો રૂપિયો વધુ દબાણ હેઠળ આવી શકે છે.

ગઈકાલે અમેરિકી ટ્રેડ કોર્ટે ટ્રમ્પના ટૅરિફને અટકાવતા ચુકાદામાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ અમેરિકા સાથે વેપારી પુરાંત ધરાવતા દેશોની આયાત પર સાર્વત્રિક ટૅરિફ લાદીને પોતાના અધિકારોનો ભંગ કર્યો છે.

અમેરિકી કોર્ટના આ નિર્ણય અને તેને કારણે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા વધીને ૯૯.૮૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૫ ટકા વધીને બેરલદીઠ ૬૫.૭૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ હતો.

જોકે, આજે સસ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨૦.૭૦ પૉઈન્ટનો અને ૮૧.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ આજે રિઝર્વ બૅન્કે તેના આર્થિક અહેવાલમાં વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૬માં વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં ભારત સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા દેશ તરીકેનું સ્થાન જાળવી રાખે તેવી શક્યતા વ્યક્ત કરી હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# નાણાકીય વર્ષ ૨૦૨૫માં રિઝર્વ બૅન્ક પાસે રહેલા સોનાનું મૂલ્ય ૫૭.૧૨ ટકા વધીને ₹ ૪.૩૨ લાખ કરોડ

મુંબઈઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ના અંતે અથવા તો ગત ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ રિઝર્વ બૅન્ક દ્વારા સોનાની અનામતમાં ૫૪.૧૩ ટનનો ઉમેરો અને ભાવમાં વધારો થતાં અનામત સહિતનાં સોનાનું મૂલ્ય આગલા વર્ષના સમાનગાળાના રૂ. ૨,૭૪,૭૧૪.૨૭ કરોડનાં મૂલ્ય સામે ૫૭.૧૨ ટકા વધીને રૂ. ૪,૩૧,૬૨૪.૮ કરોડની સપાટીએ રહ્યું હોવાનું રિઝર્વ બૅન્કે વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે.

રિઝર્વ બૅન્કના વાર્ષિક અહેવાલ અનુસાર ગત ૩૧મી માર્ચ, ૨૦૨૫ના રોજ રિઝર્વ બૅન્ક પાસે રહેલા સોનાની માત્રા આગલા વર્ષના સમાનગાળાના ૮૨૨.૧૦ ટન સામે વધીને ૮૭૯.૫૮ ટનની સપાટીએ રહી હતી તે જોતા આ સમયગાળામાં ૫૭.૪૮ ટન સોનાનો ઉમેરો થયો છે. તેમ જ રિઝર્વ બૅન્ક પાસે રહેલા કુલ ૮૭૯.૫૮ ટન સોના પૈકી ઈશ્યૂ ડિપાર્ટમેન્ટની અસ્કયામત પેટેનું સોનું જે આગલા વર્ષે ૩૦૮.૦૩ ટન હતું તે વધીને ૩૧૧.૩૮ ટન થયું છે, જ્યારે બૅન્કિંગ ડિપાર્ટમેન્ટની અસ્કયામત તરીકેનું સોનું જે આગલા વર્ષના સમાનગાળામાં ૫૧૪.૦૭ ટન હતું તે વધીને ૫૬૮.૨૦ ટનની સપાટીએ રહ્યું હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

વધુમાં અહેવાલમાં જણાવ્યાનુસાર રિઝર્વ બૅન્ક પાસે અનામત સહિત બૅન્કિંગ ડિપાર્ટમેન્ટની અસ્કયામત ગણાતા સોનાનું મૂલ્ય જે ૩૧મી માર્ચ, ૨૦૨૪ના રોજ રૂ.૨,૭૪,૭૧૪.૨૭ કરોડ હતું તે ૫૭.૧૨ ટકા વધીને રૂ. ૨,૭૪,૭૧૪.૨૭ કરોડની સપાટીએ રહ્યું હતું. એકંદરે ૫૪.૧૩ ટન સોનાના ઉમેરો, સોનાના ભાવમાં વધારો અને ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘસારો થવાને કારણે પણ એકંદરે મૂલ્યમાં વધારો જોવા મળ્યો હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું. ■

# ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીએ ₹ ૩૩ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં મર્યાદિત કામકાજો વચ્ચે વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવય આજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી,કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ટનદીઠ ૯૫૮૬.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ ધીમો સુધારો આવ્યો હતો.

એકંદરે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ સ્થાનિકમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની મર્યાદિત માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૪૪, રૂ. ૮૩૧, રૂ. ૨૦૨ અને રૂ. ૧૩૨૭ના મથાળે અને કોપર આર્મિચર તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૧૭ અને રૂ. ૫૮૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૩ ઘટીને રૂ. ૨૭૮૩ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૭૫૨ અને રૂ. ૮૯૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અન્ય વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ■

# આયાતી તેલમાં પાંખાં કામકાજે નરમાઈ

## આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં ₹ ૨૦નો અને આરબીડી પામોલિનમાં ₹ પાંચનો ઘટાડો આવ્યો હતો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે શિકાગો ખાતેનાં સોયાતેલના વાયદામાં ૬૪ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૪ રિંગિટ વધી આવ્યા હતા. આમ આજે વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન મલયેશિયન સરકાર આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં બી૩૦ બાયોફ્યુઅલ ધોરણ અપનવવાનો લક્ષ્યાંક રાખવાની યોજના ધરાવી રહી હોવાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલનના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૧૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, એવીઆઈનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૧, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૧ તથા ઓલામના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૧૦માં થયા હતા, જ્યારે રાજકોટની મંડીમાં ગઈકાલની શેષ ૬૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૭૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતમાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૫૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૭૫થી ૪૪૭૫માં થયાના અહેવાલ હતા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જીનિયર (બિલ્ડીંગ મેઈન્ટેનન્સ) વિભાગ

નં. Exe. Eng./HQ/ ૧૧૨૧/મેઈન્ટ. તા. ૨૯/૫/૨૦૨૫

| | ટૂંકી ઈ-ટેન્ડર નોટીસ (પુનઃ આમંત્રણ) |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (B.M.) |
| પેટા વિભાગ | E.E. (H.Q.) |
| વિષય | E.N.T. હોસ્પિટલ (હેરિટેજ) ફેઝ-IIIનું પ્રસ્તાવિત વ્યાપક રિપેર્સ/ રિસ્ટોરેશન |
| બીડ નં. | ૨૦૨૫_MCGM_૧૧૮૪૮૩૭ |
| કામની અંદાજિત કિંમત | (ટકાવારી રેટ) |
| રૂ.માં બારડી | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| પ્રારંભ તારીખ અને સમય | ૩૦.૦૫.૨૦૨૫ ૧૦.૦૦ ક. |
| અંતિમ તારીખ અને સમય | ૦૬.૦૬.૨૦૨૫ ૧૦.૦૦ ક. |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક ઓફિસર | શ્રી. સંજય ગોલતકર/ શ્રી. સુદર્શન શિરસાથ |
| લેન્ડ લાઈન નં. | ૦૨૨-૨૨૭૫ ૪૦૯૦૯ |
| મોબાઈલ નં. | ૦૯૮૬૯૪૪૨૪૫૭/ ૭૭૩૮૨૨૭૩૮૯ |
| ઈમેલ | 3879579@mcgm.gov.in/ 4390439@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યૂટિવ એન્જિનિયર
(હેડ ક્વાર્ટર)

PRO/532/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

જ્યોતિ બાદ વધુ એક ગદ્દાર

# પાકિસ્તાનને સંવેદનશીલ માહિતી પૂરી પાડનાર થાણેનો રહેવાસી પકડાયો

**તે દક્ષિણ મુંબઈના નેવલ ડોકયાર્ડમાં પ્રવેશી શકતો હતો અને તે નૌકાદળના જહાજો પર કામ કરતો હતો**



મુંબઈઃ ભારતમાં રહીને પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી ૧૨ લોકોને પકડી પાડવામાં આવ્યા બાદ હવે પાકિસ્તાન માટે જાસૂસી બદલ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરિઝમ સ્કવોડે (એટીએસ) થાણેના ૨૭ વર્ષના રહેવાસીની બુધવારે ધરપકડ કરી હતી. આરોપીએ પાકિસ્તાની ઇન્ટેલિજન્સ એજન્ટને ગુપ્ત અને સંવેદનશીલ માહિતી પૂરી પાડી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

થાણેના કલવા વિસ્તારમાં રહેતા આરોપીની ઓળખ રવીન્દ્ર મુરલીધર વર્મા (૨૭) તરીકે થઇ હોઇ તે ડિફેન્સ ટેક્નોલોજી કંપનીમાં જુનિયર એન્જિનિયર તરીકે કામ કરતો હતો. કંપનીના કર્મચારી તરીકે તે દક્ષિણ મુંબઈના નેવલ ડોકયાર્ડમાં પ્રવેશી શકતો હતો અને તે નૌકાદળના જહાજો પર કામ કરતો હતો.

રવીન્દ્ર વર્માને પાકિસ્તાની એજન્ટે 'હની-ટ્રેપ'માં ફસાવ્યો હતો, જેણે મહિલા તરીક ઓળખ આપી હતી અને નવેમ્બર, ૨૦૨૪માં ફેસબૂક પર વર્મા સાથે મિત્રતા કરી હતી.

એટીએસના થાણે યુનિટના અધિકારીઓને એવી માહિતી મળી હતી કે થાણેનો શકમંદ પાકિસ્તાની ઇન્ટેલિજન્સ ઓપરેટિવના સંપર્કમાં હોઇ તેણે ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત વિસ્તારોની ગુપ્ત અને સંવેદનશીલ માહિતી તેને પૂરી પાડી છે. આ માહિતીને આધારે એટીએસની ટીમે તપાસ હાથ ધરીને બુધવારે તથા તેના સંપર્કમાં રહેલા અન્ય બે જણને કસ્ટડીમાં લીધા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે વર્માએ નવેમ્બર, ૨૦૨૪થી માર્ચ, ૨૦૨૫ દરમિયાન વ્હૉટ્સઍપ દ્વારા પાકિસ્તાની ઇન્ટેલિજન્સ ઓપરેટિવને મહત્ત્વનાં સંસ્થાનો વિશે સંવેદનશીલ માહિતી શૅર કરી હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાથમિક તપાસ બાદ વર્મા સહિત ત્રણ વિરુદ્ધ ઓફિશિયલ સિક્રેટ એક્ટની કલમ ૩ અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૧ (૨) (ગુનાહિત કાવતરું) હેઠળ ગુનો દાખલ (જુઓ પાનું ૪) ▶▶

## પાકિસ્તાન ગયેલી નાગપુરની મહિલાને પાછી લવાઈઃ બીજી જૂન સુધીની પોલીસ કસ્ટડી

નાગપુરઃ મહારાષ્ટ્રના નાગપુરમાં પોલીસ શહેરની રહેવાસી મહિલાને પાછી લાવી છે, જે આ મહિનાની શરૂઆતમાં કારગિલથી પાકિસ્તાન ગઈ હતી અને પછી પડોશી દેશે તેને સ્વદેશ પરત મોકલી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

મહિલા સુનિતા જામગાડે (૪૩)ને બુધવારે મોડી રાત્રે નાગપુર લાવવામાં આવી હતી, ત્યારબાદ તેની ઔપચારિક રીતે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેને મધ્યરાત્રિ દરમિયાન એક વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી અને બીજી જૂન સુધીની પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવી હતી.

'નાગપુર પોલીસની ચાર સભ્યોની ટીમે અમૃતસરમાં તેમના સમકક્ષો પાસેથી જામગાડેની કસ્ટડી લીધી હતી. ટીમે મંગળવારે રાત્રે અમૃતસરથી દિલ્હી ટ્રેન દ્વારા તેની સાથે મુસાફરી કરી હતી અને બુધવારે મોડી રાત્રે આ ટીમ નાગપુર પહોંચી હતી,' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

પંજાબના અમૃતસરમાં પોલીસે શનિવારે અટારી-વાઘા સરહદ દ્વારા પાકિસ્તાની અધિકારીઓ દ્વારા સ્વદેશ પરત મોકલવામાં આવ્યા બાદ જામગાડે સામે (જુઓ પાનું ૪) ▶▶

# પ્રોપર્ટી ટૅક્સમાં વધારો કાનૂની જોગવાઈઓ મુજબ

**નાગરિકોને ઠંડા પાડવાનો પાલિકાનો પ્રયાસ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને (બીએમસી)એ સુધારેલા મિલકત દરો જારી કર્યા છે અને તે મુજબ મિલકત વેરાનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે અને આ દરો સરેરાશ ૧૫.૮૯ ટકાના વધારા સાથે જારી કરવામાં આવ્યા છે. બીએમસીના પ્રોપર્ટી ટેક્સના માળખા અથવા દરમાં કોઈ સુધારો કે વધારો કરવામાં આવ્યો નથી. જોકે કાનૂની જોગવાઈ છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રેડી રેકનરમાં ફેરફારને કારણે ઉપરોક્ત દરો આપમેળે વધી જશે.

આ સુધારેલા દરો સાથેના પ્રોપર્ટી ટેક્સના બિલો મોકલતી વખતે કાનૂની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે, એવી સ્પષ્ટતા મુંબઈ મનપા દ્વારા કરવામાં આવી છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૮૮૮ની કલમ ૧૫૪(૧ઈ) મુજબ દર પાંચ વર્ષે પ્રોપર્ટીના મૂડી આધારિત મૂલ્યમાં સુધારો કરવાની કાનૂની જોગવાઈ છે. આ કાનૂની જોગવાઈ વર્ષ ૨૦૧૫માં લાગુ કરવામાં આવી હતી. જોકે વર્ષ ૨૦૨૦માં એટલે કે કોવિડ-૧૯ વાયરસ ચેપના સમયગાળા દરમિયાન માનવતાના દૃષ્ટિકોણથી મિલકતના મૂડી આધારિત મૂલ્યમાં સુધારો કરવામાં આવ્યો ન હતો. તે માટે કાયદામાં અનુરૂપ સુધારા પણ કરવામાં આવ્યા હતા. એટલે કે પ્રોપર્ટી ટેક્સમાં ૧૦ વર્ષ પછી સુધારો કરવામાં આવ્યો છે.

પ્રોપર્ટી ટેક્સના બિલ સાથે જારી કરાયેલી આ ખાસ નોટિસોમાં એક ખાસ સૂચના છે કે 'મિલકતનું પ્રોપર્ટી વેલ્યુએશન અત્યારે સંરક્ષિત છે'. એટલે કે અંતિમ ચૂકવણી કોર્ટના નિર્ણયને આધીન નક્કી કરવામાં આવશે. અંતિમ બિલ જારી કર્યા પછી પ્રોપર્ટી ટેક્સની રકમ ઓછી/વધુ હોઈ શકે છે. જો વધુ રકમ વસૂલવામાં આવી હશે, તો તે રકમ આગામી ચુકવણીમાં ડાયવર્ટ કરી શકાય છે.

૫૦૦ ચોરસ ફૂટથી નાના ફ્લેટ મિલકત કરમાંથી મુક્ત હોવાથી, તેમને સુધારેલા પ્રોપર્ટી ટેક્સના બિલમાંથી સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવ્યા છે. તેથી, તેમને કોઈ અસર થશે નહીં. ■

# ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને લોકોને છેતરવાનું રૅકેટઃ અમદાવાદના વતની સહિત ત્રણની ધરપકડ

**આરોપીઓ ગુનો આચરવા સુપ્રીમ કોર્ટ, આઈટી, સીબીઆઇ, ઇડીના બોગસ લેટરહેડનો ઉપયોગ કરતા**

થાણેઃ ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડીને લોકોને છેતરવાના રૅકેટમાં સંડોવાયેલા અમદાવાદના વતની સહિત ત્રણ જણની નવી મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓ ગુનો આચરવા માટે સુપ્રીમ કોર્ટ, ઇન્કમ ટેક્સ, સીબીઆઇ અને ઇડીના બોગસ લેટરહેડનો ઉપયોગ કરતા હતા અને મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે લોકોને દબાણ કરી છેતરતા હતા.

નવી મુંબઈ પોલીસના સેન્ટ્રલ ક્રાઇમ યુનિટે (સીસીયુ) ધરપકડ કરેલા ત્રણેયની ઓળખ મુંબઈના રહેવાસી રમેશ બાબુલાલ શેઠ (૪૫) અને અમિષ દીપક તુલસીદાસ શાહ (૪૨) તથા અમદાવાદના વતની રાજકુમાર ગેલારામ નારંગ તરીકે થઇ હતી. સ્થાનિક અદાલતે રમેશ અને અમિષની જેલમાં રવાનગી કરી હતી, જ્યારે નારંગને શુક્રવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

આરોપીઓની મોડસ ઓપરેન્ડી વિશે પોલીસે જણાવ્યું હતું કે તેઓ પીડિતોને સુપ્રીમ કોર્ટ, ઇન્કમ ટેક્સ, ઇડી અને સીબીઆઇના બોગસ લેટરહેડ બતાવી પોતાની ઓળખ આ વિભાગના અધિકારી તરીકે આપતા હતા. પીડિતોને બાદમાં ડિજિટલ અરેસ્ટનો ડર દેખાડવામાં આવતો હતો અને તેમની પાસેથી પૈસા પડાવવામાં આવતા હતા.

જાન્યુઆરી અને ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન મહિલા ડોક્ટરને ડિજિટલ અરેસ્ટનો ડર દેખાવીને બે કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાયા બાદ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે આ ટોળકીને ઓળખી કાઢવામાં આવી હતી. મહિલા ડોક્ટરને આરોપીઓએ પોતાની ઓળખ ઇન્કમ ટેક્સના અધિકારી તરીકે આપી હતી. તે દિલ્હીના વાઝીપુરમાં કંપની ધરાવે છે અને તેણે ટેક્સ ચોરી કરી હોવાથી આ અંગે દિલ્હી પોલીસને લેખિત ફરિયાદ મળી છે. (પીટીઆઇ) ■


**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


# 'કોઈ ભંડોળ વાળવામાં આવ્યું નથી, અભ્યાસ કરો': મુખ્ય પ્રધાન

## લાડકી બહેન યોજના માટે આદિવાસી ભંડોળના દુરુપયોગ અંગે વિપક્ષના દાવાઓ નકારી કાઢ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે લાડકી બહેન યોજના માટે અન્ય વિભાગોના ભંડોળને ડાયવર્ટ કરવામાં આવ્યાના દાવાઓને નકારી કાઢતાં ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ અન્ય ખાતાનું ભંડોળ ડાયવર્ટ કરવામાં આવ્યું નથી અને આવા આરોપો બજેટની પ્રક્રિયાઓ અંગેની ગેરસમજને કારણે ઉદ્ભવ્યા છે. તેમણે એવી સ્પષ્ટતા કરી કે પાત્ર ગરીબ મહિલાઓને આપવામાં આવતી માસિક ૧,૫૦૦ રૂપિયાની સહાય બજેટના ધોરણો દ્વારા આદિવાસી બાબતો અને સામાજિક ન્યાય વિભાગો દ્વારા વિતરિત કરવામાં આવે છે.

ફડણવીસે એવી ટિપ્પણી કરી કે નિયમો અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટે ભંડોળ અનામત રાખવાનો આદેશ આપે છે, જેમાં વ્યક્તિગત લાભ (જુઓ પાનું ૪) ▶▶


## ટૂંક સમયમાં મુંબઈમાં એક શો કરીશ

### સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરાનો મુખ્ય પ્રધાનને કટાક્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હાસ્ય કલાકાર કુણાલ કામરા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિશે વ્યંગાત્મક ગીત રજૂ કર્યા બાદ સમાચારમાં આવ્યા હતા. આ કેસમાં તેમની સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો હતો. આ કારણે કુણાલ કામરા છેલ્લા કેટલાક દિવસોથી સમાચારમાં છે. હવે કુણાલ કામરાએ ફરી એકવાર સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર કટાક્ષ કર્યો હોવાનું કહેવાય છે.

કુણાલ કામરાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક નવી પોસ્ટ કરી છે. તેમણે આ પોસ્ટમાં સીધા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ટેગ કર્યા છે. 'જો મારી ઓકાત નથી, તો શિંદે અને તેમના કાર્યકરોને કહો કે મારી અવગણના કરો. મારી કોઈ ઓકાત નથી, જો ચાર લોકો મારો શો નથી જોઈ રહ્યા, તો તમે કૃપા કરીને મારી અવગણના કેમ કરતા નથી? કુણાલે પોસ્ટ કરી છે કે તે ઓક્ટોબરમાં નાશિક, મુંબઈ, નવી મુંબઈ, નાગપુર, પુણે, છત્રપતિ સંભાજીનગરમાં શો (જુઓ પાનું ૪) ▶▶

DEP DATES | 07th JUN | 12th JUN | 20th JUN
**Package Inclusions :**
- Helicopter Ride, Hop On Hop Off Bus, Walk with Lion, Catamaran Ride, Safari Game Drive અને Hermanus નો અદભુત અનુભવ.
- વર્લ્ડ ક્લાસ એરલાઈન દ્વારા પ્રવાસ.
- રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



**ધીરગુરુદેવની પ્રેરણાથી સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં 'જાલંધર બંધ યોગ' આયુર્વેદ પદ્ધતિથી દંત રોગ ચિકિત્સા, દાંતની બત્રીસી અર્પણ કેમ્પનું વિનામૂલ્યે આયોજન**

'સર્વજન હિતાય, સર્વજન સુખાય' માટે 'શુભે યથાશક્તિ પ્રયત્નીયમ્'ના સૂત્રને ચરિતાર્થ કરનાર પૂ. શ્રી ધીરગુરુદેવની પાવન પ્રેરણાથી શ્રી વર્ધમાન ચેરિટેબલ અને ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ - રાજકોટના સંયુક્ત ઉપક્રમે સૌરાષ્ટ્રના વિવિધ ગામોમાં દાંત રોગોની તપાસ, દર્દીના દાંત 'જાલંધર બંધ યોગ' પદ્ધતિથી ઈન્જેક્શન વગર સ્થળ ઉપર જ કાઢી આપવામાં આવે છે. પાયોરિયા, પેઢામાં લોહી પડવું, દાંતના દુઃખાવા વગેરેની દવા આપવામાં આવે છે. જરૂરિયાતવાળાને ફ્રીમાં દાંતની બત્રીસી (DENCHER) બનાવીને અર્પણ કરવામાં આવે છે.

આજની મોંઘવારીમાં, પૈસાના અભાવે દર્દીઓ પરેશાન ન થાય તે માટે 'દંતયજ્ઞ' ખૂબજ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. સૌ કોઈ દાતાને માટે આશીર્વાદ - દુવાનું કારણ બનશે.

જાન્યુઆરીથી શુભારંભ કરાયા બાદ જશાપર, કાટકોલા, કલ્યાણપુર, સાવરકુંડલા, ગોપાલગ્રામ, ધંધુકા, ધોરાજી, લાઠી, ટંકારા, જામજોધપુર વગેરે ગામમાં સંપન્ન થયા બાદ હવે મોરબી, માંગરોળ, ગોંડલ, ધ્રોલ, લાલપુર, જામનગર, પોરબંદર, ઉપલેટા, વડિયા, પડધરી, વાંકાનેર, કાલાવાડ, જૂનાગઢ વગેરે ગામોમાં યોજાશે. રાજકોટમાં શિવકુંવરબેન બી. દોશી મેડીકલ સેન્ટરમાં દર મહિને આયોજિત કરેલ છે.



દાનવીરોને અમૂલો 'દંતયજ્ઞ' અવસર
₹ 2000/-ના ગુણાંકમાં 5, 9, 11, 27, 54, 108, 207, 306, 504 ગમે તેટલી બત્રીસીનો લાભ લઈ શકાશે.
80G, CSR ઉપલબ્ધ છે.



Bank Details :- SHRI VARDHMAN CHERITABLE TRUST | A/C. No.: - 435102010910592
IFSC Code: - UBIN0543519 | Union Bank of India, Kalavad Road, Rajkot - 360001. | Cont.: 9979232357


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**